**અલ્લાહના નામની શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧]**

**બેશક ! મુરાદ પામ્યા ઇમાનવાળાઓ (૧) જેઓ પોતાની નમાઝમાં કરગરે છે[૨] (૨) અને તેઓ જે કોઇ બેહૂદી બાબત પ્રત્યે ધ્યાન આપતા નથી[૩] (૩) અને તેઓ કે ઝકાત આપવાનું કાર્ય કરે છે[૪] (૪) અને તેઓ જે પોતાની શર્મગાહોને જાળવે છે (૫) પણ પોતાની પત્નીઓ અથવા શરીઅત મુજબની લોંડીઓથી જે તેમના હાથોની મિલ્કત છે કે તેમના પર કશો ઠપકો નથી[૫] (૬) તો જે એ બે સિવાય કંઇક બીજું ઇચ્છે તેઓ જ હદ ઓળંગનાર છે[૬] (૭) અને તેઓ (મુરાદ પામ્યા જે પોતાની અમાનતો તેમજ પોતાના વાયદાનો ખ્યાલ રાખે છે[૭] (૮) અને તેઓ જે પોતાની નમાઝોની સંભાળ રાખે છે[૮] (૯) એ લોકો જ વારસદાર છે (૧૦) કે (જેઓ) ફિરદોસનો**

قد افلح ١٨ المؤمنون ٢٣

سُوْرَةُ الْمُؤْمِنُوْنَ مَكِّيَّةٌ وَّهِيَ مِائَةٌ وَّثَمَانَ عَشَرَةَ اٰيَةً وَّسِتُّ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قَدْ اَفْلَحَ الْمُؤْمِنُوْنَ ۝١ الَّذِيْنَ هُمْ فِيْ صَلَاتِهِمْ
خٰشِعُوْنَ ۝٢ وَالَّذِيْنَ هُمْ عَنِ اللَّغْوِ مُعْرِضُوْنَ ۝٣
وَالَّذِيْنَ هُمْ لِلزَّكٰوةِ فٰعِلُوْنَ ۝٤ وَالَّذِيْنَ هُمْ
لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ ۝٥ اِلَّا عَلٰٓى اَزْوَاجِهِمْ
اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُمْ فَاِنَّهُمْ غَيْرُ مَلُوْمِيْنَ ۝٦
فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْعٰدُوْنَ ۝٧
وَالَّذِيْنَ هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ رٰعُوْنَ ۝٨
وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَوٰتِهِمْ يُحَافِظُوْنَ ۝٩ اُولٰٓئِكَ
هُمُ الْوٰرِثُوْنَ ۝١٠ الَّذِيْنَ يَرِثُوْنَ الْفِرْدَوْسَ

૧. સૂરએ મુઅમિનૂન મક્કીય્યહ છે એમાં ૬ રૂકૂઅ અને ૧૧૮ આયતો અને ૧૮૪૦ શબ્દો અને ૪૮૦૨ અક્ષરો છે.

૨. તેમના હૃદયોમાં ખુદાનો ખોફ હોય છે અને તેમના અવયવો શાંત હોય છે. અમુક તફસીરકારોએ કહ્યું છે કે; નમાઝમાં કરગરવું એટલે એ કે તેમાં દિલ મગ્ન બનેલું હોય અને દુનિયા તરફથી ધ્યાન હટેલું હોય અને દ્રષ્ટિ નમાઝની જગ્યાએથી ખસે નહિ અને આંખના ખૂણાઓમાંથી કોઇ પણ બાજુ જુએ નહિ અને કોઇ અર્થહિન કામ કરે નહિ અને ખભાઓ પર કોઇ કપડું લટકાવે નહિ એવી રીતે કે તેના બન્ને કિનારા લટકતા હોય અને આંગળીઓના ટચકા ફોડે નહિ અને આ જાતનાં કામોથી વેગળો રહે. અમુકે કહ્યું કે; ખુશૂઅ એ છે કે આસ્માન તરફ નજર ઉઠાવે નહિ.

૩. પ્રત્યેક બાતિલ (અર્થહિન) ખેલકૂદથી વેગળા રહે છે.

૪. અર્થાત તેના પાબંદ છે અને કાયમ એ કાર્ય કરે છે.

૫. પોતાની પત્નીઓ અને લોંડીઓ સાથે જાઇઝ રીતે સંભોગ કરે છે.

૬. કે (તેઓ) હલાલથી હરામ તરફ ધપે છે.

**મસઅલો** :- આથી જણાયું કે હસ્તદોષ (હાથ વડે વિર્ય કાઢવું) હરામ છે. સઇદ બિન જુબૈર રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું એક કોમને અલ્લાહ તઆલાએ પોતની શર્મગાહો સાથે રમત કરવા બદલ અઝાબ કર્યો.

૭. તે અમાનતો અલ્લાહની હોય કે મખ્લૂકની અને એ જ રીતે વાયદો અલ્લાહ સાથે હોય કે મખ્લૂક

**વારસો મેળવશે, તેઓ એમાં હમેશાં રહેશે (૧૧) અને બેશક ! અમે માનવીને ચૂંટી કાઢેલી માટીમાંથી બનાવ્યો[૯] (૧૨) પછી તેને[૧૦] પાણીનું ટીપું કર્યું એક મજબૂત સ્થાનમાં[૧૧] (૧૩) પછી અમે તે પાણીના ટીપાને લોહી નું ફોરૂં કર્યું, પછી લોહીના ફોરાને માંસની બોટી, પછી માંસની બોટીને હાડકાંઓ, પછી તે હાડકાંઓ પર માંસ પહેરાવ્યું પછી તેને બીજી શિકલમાં ઉઠાવ આપ્યો[૧૨], તો અલ્લાહ મહાન બરકતવંત સર્વોત્તમ સર્જનહાર છે (૧૪) ફરી એ પછી તમે અવશ્ય[૧૩] મૃત્યુ પામનાર છો (૧૫) પછી તમે બધા કયામતના દિવસે[૧૪] ઉઠાડવામાં આવશો (૧૬) બેશક ! અમે તમારી ઉપર સાત રસ્તા બનાવ્યા[૧૫] અને અમે મખ્લૂકથી અજાણ નથી[૧૬] (૧૭) અને અમે આસ્માનમાંથી પાણી ઉતાર્યું[૧૭] એક માપથી[૧૮], પછી તેને જમીનમાં રોકયું, અને બેશક ! અમે તેને લઇ જવા માટે શક્તિમાન છીએ[૧૯] (૧૮) તો એના વડે અમે તમારા માટે બગીચાઓ બનાવ્યા ખજૂરો અને દ્રાક્ષોના, એમાં તમારા માટે ઘણા મેવાઓ છે[૨૦], અને તમે એમાંથી ખાવ છો[૨૧] (૧૯)**



هُمْ فِيهَا خَالِدُونَ ﴿١١﴾ وَلَقَدْ خَلَقْنَا الْإِنسَانَ مِن
سُلَالَةٍ مِّن طِينٍ ﴿١٢﴾ ثُمَّ جَعَلْنَاهُ نُطْفَةً فِي قَرَارٍ مَّكِينٍ ﴿١٣﴾
ثُمَّ خَلَقْنَا النُّطْفَةَ عَلَقَةً فَخَلَقْنَا الْعَلَقَةَ مُضْغَةً
فَخَلَقْنَا الْمُضْغَةَ عِظَامًا فَكَسَوْنَا الْعِظَامَ لَحْمًا ثُمَّ
أَنشَأْنَاهُ خَلْقًا آخَرَ فَتَبَارَكَ اللَّهُ أَحْسَنُ الْخَالِقِينَ ﴿١٤﴾
ثُمَّ إِنَّكُم بَعْدَ ذَٰلِكَ لَمَيِّتُونَ ﴿١٥﴾ ثُمَّ إِنَّكُمْ يَوْمَ الْقِيَامَةِ
تُبْعَثُونَ ﴿١٦﴾ وَلَقَدْ خَلَقْنَا فَوْقَكُمْ سَبْعَ طَرَائِقَ وَمَا
كُنَّا عَنِ الْخَلْقِ غَافِلِينَ ﴿١٧﴾ وَأَنزَلْنَا مِنَ السَّمَاءِ مَاءً
بِقَدَرٍ فَأَسْكَنَّاهُ فِي الْأَرْضِ وَإِنَّا عَلَىٰ ذَهَابٍ بِهِ
لَقَادِرُونَ ﴿١٨﴾ فَأَنشَأْنَا لَكُم بِهِ جَنَّاتٍ مِّن نَّخِيلٍ
وَأَعْنَابٍ لَّكُمْ فِيهَا فَوَاكِهُ كَثِيرَةٌ وَمِنْهَا تَأْكُلُونَ ﴿١٩﴾

સાથે બધાંની વફા કરવી અનિવાર્ય છે.

૮. અને નમાઝોને તેમના સમય અને શરતો અનુસાર અદા કરે છે અને ફરાઇઝ વાજિબાત સુન્નતો અને નિફલો બધાની સંભાળ રાખે છે.

૯. તફસીરકારોએ ફરમાવ્યું કે; માનવીનો મતલબ અહીં હઝરત આદમ છે.

૧૦. અર્થાત તેમના વંશને.

૧૧. અર્થાત ગર્ભાશયમાં.

૧૨. અર્થાત તેમાં જીવ મૂક્યો તે નિર્જીવને સજીવ કર્યું, બોલી તેમજ સાંભળવા અને જોવાની શક્તિ આપી.

૧૩. પોતાની ઉમરો પુરી થએથી.

૧૪. હિસાબ અને બદલા માટે.

૧૫. એનો નિર્દેશ સાત આસ્માનો પ્રતિ છે જે ફરિશ્તાઓને ચઢવા ઉતરવાના રસ્તાઓ છે.

૧૬. બધાંનાં કાર્યો વાતો અને અંતરાત્માઓને જાણીએ છીએ કોઇ વસ્તુ અમારાથી છુપી નથી.

૧૭. અર્થાત વરસાદ વરસાવ્યો.

૧૮. અમારા ઇલ્મ અને હિકમત મુજબ મખ્લૂકની જરૂરિયાત માટે જેટલું જોઇએ તેટલું.

૧૯. જેવી રીતે અમારી કુદરતથી ઉતાર્યું એવી જ રીતે એવુ કરવા પણ શક્તિમાન છીએ કે એને સમાપ્ત કરી દઇએ. માટે બન્દાઓને જોઇએ કે એ નેઅમતની શુક્ર ગુઝારી દ્વારા સંભાળ રાખે.

**અને તે ઝાડ બનાવ્યું જે તૂરે સીનામાંથી નીકળે છે[૨૨] ખાનારાઓ માટે તેલ અને શાક[૨૩] લઇને ઉગે છે. (૨૦) અને બેશક ! તમારા માટે જાનવરોમાં બોધ લેવાનું સ્થાન છે. અમે તમને તેમાંથી પીવડાવીએ છીએ જે તેમના પેટમાં છે[૨૪]. અને તમારા માટે એમનામાં ઘણા લાભો છે[૨૫]. અને એમનામાંથી તમારો ખોરાક (પણ) છે[૨૬] (૨૧) અને એમના પર[૨૭] અને વહાણ પર[૨૮] બેસાડવામાં આવો છો (૨૨) અને બેશક ! અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો તો તેણે કહ્યું; 'અય મારી કોમ ! અલ્લાહ ને પૂજો, તેના સિવાય તમારો કોઇ ખુદા નથી. તો શું તમને ડર નથી ?'[૨૯] (૨૩) તો તેની કોમના જે સરદારોએ કુફ્ર કર્યું (તેઓ બોલ્યા ;)[૩૦] 'આ તો તમારી જેવો માણસ જ છે, તમારો આગેવાન બનવા માંગે છે,[૩૧] અને અલ્લાહ ઇચ્છત[૩૨] તો ફરિશ્તા ઉતારત અમે તો આવું નથી સાંભળ્યું અમારા આગલા બાપદાદાઓમાં[૩૩] (૨૪) તે તો માત્ર એક ગાંડા માણસ સિવાય બીજું કશું જ નથી તો એક સમય મર્યાદા સુધી એની રાહ જોતા રહો[૩૪] (૨૫) નૂહે**



وَشَجَرَةً تَخْرُجُ مِنْ طُورِ سَيْنَاءَ تَنْبُتُ بِالدُّهْنِ
وَصِبْغٍ لِّلْآكِلِينَ ﴿٢٠﴾ وَإِنَّ لَكُمْ فِي الْأَنْعَامِ لَعِبْرَةً
نُّسْقِيكُم مِّمَّا فِي بُطُونِهَا وَلَكُمْ فِيهَا مَنَافِعُ
كَثِيرَةٌ وَمِنْهَا تَأْكُلُونَ ﴿٢١﴾ وَعَلَيْهَا وَعَلَى الْفُلْكِ
تُحْمَلُونَ ﴿٢٢﴾ وَلَقَدْ أَرْسَلْنَا نُوحًا إِلَىٰ قَوْمِهِ فَقَالَ
يَا قَوْمِ اعْبُدُوا اللَّهَ مَا لَكُم مِّنْ إِلَٰهٍ غَيْرُهُ أَفَلَا
تَتَّقُونَ ﴿٢٣﴾ فَقَالَ الْمَلَأُ الَّذِينَ كَفَرُوا مِن قَوْمِهِ
مَا هَٰذَا إِلَّا بَشَرٌ مِّثْلُكُمْ يُرِيدُ أَن يَتَفَضَّلَ
عَلَيْكُمْ وَلَوْ شَاءَ اللَّهُ لَأَنزَلَ مَلَائِكَةً مَّا سَمِعْنَا
بِهَٰذَا فِي آبَائِنَا الْأَوَّلِينَ ﴿٢٤﴾ إِنْ هُوَ إِلَّا رَجُلٌ بِهِ
جِنَّةٌ فَتَرَبَّصُوا بِهِ حَتَّىٰ حِينٍ ﴿٢٥﴾ قَالَ رَبِّ انصُرْنِي

૨૦. જાત જાતના.

૨૧. ઠંડી અને ગરમીની ઋતુઓમાં અને એશ કરો છો.

૨૨. એટલે કે ઝેતૂનનું ઝાડ.

૨૩. તેમાં એક અજબ ગુણ એ છે કે તે તેલ પણ છે, તેલના લાભો તેનાથી મેળવાય છે, બાળવામાં પણ કામ આવે છે અને દવારૂપે પણ ઉપયોગમાં લેવાય છે. અને શાકનું કામ પણ આપે છે કે તેની સાથે રોટી ખાઇ શકાય છે.

૨૪. અર્થાત દૂધ, સ્વાદિષ્ટ રૂચી અનુસાર, જે સરસ ખોરાક હોય છે.

૨૫. તેમના વાળ ચામડાં અને ઉન વિ. ઉપયોગમાં લો છો.

૨૬. તેમને ઝુબેહ કરીને ખાવ છો.

૨૭. જમીનમાં.

૨૮. દરિયાઓમાં.

૨૯. તેના અઝાબનો, કે તેના સિવાય બીજાઓને પૂજો છો.

૩૦. પોતાની કોમના સભ્યોને.

૩૧. અને તમને પોતાના તાબેદાર બનાવે.

૩૨. કે રસૂલ મોકલે અને મખ્લૂકને પૂજવાની મનાઇ કરે...

૩૩. કે માનવી પણ રસૂલ હોય શકે છે. એ તેમની મહામૂર્ખાઇ હતી કે તેમણે બશરનું રસૂલ હોવું

بما كذبون ﴿٢٦﴾ فاوحينا اليه ان اصنع الفلك باعيننا
ووحينا فاذا جاء امرنا وفار التنور فاسلك فيها
من كل زوجين اثنين واهلك الا من سبق
عليه القول منهم ولا تخاطبني في الذين ظلموا
انهم مغرقون ﴿٢٧﴾ فاذا استويت انت ومن معك
على الفلك فقل الحمد لله الذي نجانا من
القوم الظالمين ﴿٢٨﴾ وقل رب انزلني منزلا
مباركا وانت خير المنزلين ﴿٢٩﴾ ان في ذلك لايت
وان كنا لمبتلين ﴿٣٠﴾ ثم انشانا من بعدهم
قرنا اخرين ﴿٣١﴾ فارسلنا فيهم رسولا منهم ان
اعبدوا الله ما لكم من اله غيره افلا تتقون ﴿٣٢﴾

**વિનંતી કરી; 'અય મારા રબ! મારી મદદ કર[૩૫] એ બદલ કે એમણે મને જૂઠાડયો' (૨૬) તો અમે તેને વહી મોકલી કે; 'અમારી દ્રષ્ટિ સમક્ષ[૩૬] અને અમારા હુકમથી વહાણ બનાવ પછી જ્યારે અમારો હુકમ આવે[૩૭] અને તંદુર ઉભરાય[૩૮] તો તેમાં બેસાડી લે[૩૯] પ્રત્યેક જોડામાંથી બે[૪૦], અને પોતાનાં ઘરવાળાંઓને[૪૧], પરંતુ એમનામાંથી તે જેમના પર વાત પ્રથમ (લાગુ) પડી ચૂકી[૪૨], (વહાણ માં બેસે નહિ) અને એ જુલ્મીઓ વિષે મારી સાથે વાત કરીશ નહિ[૪૩], તેઓ અવશ્ય ડૂબાડી દેવામાં આવશે (૨૭) પછી જ્યારે તુ અને તારા સાથીદારો સારી રીતે વહાણમાં બેસી જાવ ત્યારે કહે; બધી ખૂબીઓ અલ્લાહને જેણે અમને પેલા જાલિમોથી છોડવ્યા (૨૮) અને કહો[૪૪]; અય મારા રબ! મને બરકતવાળા સ્થાને ઉતાર અને તુ સર્વોત્તમ ઉતારનાર છે' (૨૯) બેશક! એમાં[૪૫] અવશ્ય નિશાનીઓ છે[૪૬] અને બેશક! અવશ્ય અમે પારખું કરનાર હતા[૪૭] (૩૦) પછી તેમની[૪૮] પાછળ અમે બીજું જુથ બનાવ્યું[૪૯] (૩૧) તો તેમનામાં એક રસૂલ તેમનામાંથી જ મોકલ્યો[૫૦] કે; અલ્લાહ ની બંદગી કરો, તેના સિવાય તમારો કોઇ ખુદા નથી. તો શું તમને ડર નથી[૫૧]? (૩૨)**

માન્ય રાખ્યું નહિ અને પથ્થરોને ખુદા માની લીધા. અને તેમણે હઝરત નૂહ અલયહિસ્સલામ વિષે એવું પણ કહ્યું...

૩૪. એટલે સુધી કે તેમનું ગાંડપણ જતું રહે, જો એવું થાય તો સારૂ નહિ તો તેમને મારી નાખજો. જ્યારે હઝરત નૂહ અલયહિસ્સલામ તેમના ઇમાન લાવવાથી નિરાશ થઇ ગયા અને તેમને હિદાયત લાધવાની આશા રહી નહીં ત્યારે...

૩૫. અને આ કૌમનો વિનાશ કર

૩૬. અર્થાત અમારી સંભાળ અને છત્રછાયામાં.

૩૭. તેમના વિનાશનો અને અઝાબનાં ચિન્હો દેખાવા માંડે...

૩૮. અને તેમાંથી પાણી ઉભરાય તો એ અઝાબ શરૂ થવાની નિશાની છે.

૩૯. અર્થાત વહાણમાં જાનવરોનાં.

૪૦. નર અને નારી.

૪૧. અર્થાત તમારી મુઅમિના પત્ની અને ઇમાનવાળી ઔલાદ અથવા બધા જ ઇમાનવાળાઓ.

૪૨. અને અઝલની વાતમાં તેમનો અઝાબ અને વિનાશ નિર્માણ થઇ ચૂક્યો. તે આપનો એક પુત્ર હતો જેનું નામ કિનઆન હતું અને એક ઔરત, એ બન્ને કાફિર હતાં. આપે પોતાના ત્રણ પુત્રો સામ, હામ અને યાફિસને તેમજ તેમની પત્નીઓને અને બીજા મુઅમિનોને વહાણમાં બેસાડયા. બધા મળીને જેઓ વહાણમાં હતા તેમની સંખ્યા ૭૮ હતી, અડધા પુરૂષો અને અડધી સ્ત્રીઓ.

وَقَالَ الْمَلَأُ مِنْ قَوْمِهِ الَّذِينَ كَفَرُوا وَكَذَّبُوا
بِلِقَاءِ الْآخِرَةِ وَأَتْرَفْنَاهُمْ فِي الْحَيَاةِ الدُّنْيَا مَا هَٰذَا
إِلَّا بَشَرٌ مِثْلُكُمْ يَأْكُلُ مِمَّا تَأْكُلُونَ مِنْهُ وَيَشْرَبُ
مِمَّا تَشْرَبُونَ ﴿٣٣﴾ وَلَئِنْ أَطَعْتُمْ بَشَرًا مِثْلَكُمْ إِنَّكُمْ
إِذًا لَخَاسِرُونَ ﴿٣٤﴾ أَيَعِدُكُمْ أَنَّكُمْ إِذَا مِتُّمْ وَكُنْتُمْ
تُرَابًا وَعِظَامًا أَنَّكُمْ مُخْرَجُونَ ﴿٣٥﴾ هَيْهَاتَ هَيْهَاتَ
لِمَا تُوعَدُونَ ﴿٣٦﴾ إِنْ هِيَ إِلَّا حَيَاتُنَا الدُّنْيَا نَمُوتُ
وَنَحْيَا وَمَا نَحْنُ بِمَبْعُوثِينَ ﴿٣٧﴾ إِنْ هُوَ إِلَّا رَجُلٌ
افْتَرَىٰ عَلَى اللَّهِ كَذِبًا وَمَا نَحْنُ لَهُ بِمُؤْمِنِينَ ﴿٣٨﴾
قَالَ رَبِّ انْصُرْنِي بِمَا كَذَّبُونِ ﴿٣٩﴾ قَالَ عَمَّا قَلِيلٍ لَيُصْبِحُنَّ
نَادِمِينَ ﴿٤٠﴾ فَأَخَذَتْهُمُ الصَّيْحَةُ بِالْحَقِّ فَجَعَلْنَاهُمْ غُثَاءً

منزل

**અને તે કોમના સરદારો જેમણે કુફ્ર કર્યું અને આખેરત ની હાજરીને જૂઠાડી અને અમે તેમને દુનિયાના જીવન માં રાહત આપી[૫૨], તેઓ બોલ્યા; 'આ તો તમારી જેવો માનવી સિવાય બીજું કશું જ નથી, જે તમે પીઓ છો તેમાંથી જ પીએ છે[૫૩] (૩૩) અને જો તમે કોઇ તમારી જેવા જ માનવીનું કહ્યું માનો ત્યારે તો તમે અવશ્ય ખોટમાં છો. (૩૪) શું તમને એ વાયદો આપે છે કે; જ્યારે તમે મરી જશો અને માટી તેમજ હાડકાંઓ બની જશો ત્યારે પછી ફરી[૫૪] કાઢવામાં આવશો? (૩૫) કેટલું દૂર છે તે જેનો તમને વાયદો આપવામાં આવે છે[૫૫] (૩૬) તે તો નથી પરંતુ આપણુ દુનિયાનું (જ) જીવન[૫૬], કે આપણે મરીએ જીવીએ છીએ[૫૭], અને આપણે (ફરી) ઉઠવાનું નથી[૫૮] (૩૭) તે તો નથી પરંતુ એક માનવી જેણે અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડયું[૫૯] અને આપણે તેને માનવાના નથી[૬૦] (૩૮) વિનંતી કરી; 'અય મારા રબ! મારી મદદ ફરમાવ એ બદલ કે તેમણે મને જૂઠાડયો' (૩૯) અલ્લાહે ફરમાવ્યું કે; 'કોઇક પળ ગુજરે છે કે તેઓ પસ્તાઇને સવાર કરશે[૬૧] (૪૦) તો તેમને સાચી**

૪૩. અને તેમના માટે છુટકારો માંગીશ નહિ અને દુઆ કરીશ નહિ.

૪૪. વહાણમાંથી ઉતરતી વખતે અથવા તેમાં બેસતી વખતે.

૪૫. એટલે કે હઝરત નૂહ અલયહિસ્સલામના બનાવમાં અને તે (વર્તાવ)માં જે હકકના શત્રુઓ સાથે કરવામાં આવ્યો.

૪૬. અને બોધ તેમજ શિખામણો અને અલ્લાહની કુદરતની દલીલો છે.

૪૭. તે કોમનું હઝરત નૂહ અલયહિસ્સલામને તેમનામાં મોકલીને અને તેમને નસીહત કરવાનો હુકમ આપીને જેથી જાહેર થઇ જાય કે અઝાબ ઉતરતાં પહેલાં કોણ શિખામણ સ્વીકારે છે તેમજ કોણ સત્યતાનો એકરાર કરે છે અને કહયાગરો બને છે અને કોણ અનાજ્ઞાંકિત જૂઠાડનાર અને વિરોધ પર અડેલો રહે છે.

૪૮. અર્થાત નૂહની કોમના અઝાબ અને વિનાશ પછી.

૪૯. અર્થાત આદ, હૂદની કોમ.

૫૦. અર્થાત હૂદ અલયહિસ્સલામ, અને તેમની મારફતે તે કોમને આદેશ આપ્યો...

૫૧. તેના અઝાબનો કે જેથી શિર્ક છોડો અને ઇમાન લાવો.

૫૨. એટલે કે અમુક કાફિરો જેમને અલ્લાહ તઆલાએ માલદારી એશ અને દુનિયાની નેઅમતો આપી હતી તેઓ પોતાના નબી બાબત પોતાની કોમના લોકોને કહેવા લાગ્યા.

૫૩. એટલે કે જો તેઓ નબી હોત તો ફરિશ્તાઓની જેમ ખાવા પીવાથી પાક હોત. અંતરના એ આંધળાઓએ નબુવ્વતના કમાલને નિહાળ્યો નહિ અને ખાવા પીવાના ગુણો દેખી નબીને પોતાની જેવા

قد افلح ١٨ — المؤمنون ٢٣

فَبُعْدًا لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٤١﴾ ثُمَّ اَنْشَاْنَا مِنْ بَعْدِهِمْ
قُرُوْنًا اٰخَرِيْنَ ﴿٤٢﴾ مَا تَسْبِقُ مِنْ اُمَّةٍ اَجَلَهَا وَمَا
يَسْتَاْخِرُوْنَ ﴿٤٣﴾ ثُمَّ اَرْسَلْنَا رُسُلَنَا تَتْرَا كُلَّمَا جَآءَ
اُمَّةً رَّسُوْلُهَا كَذَّبُوْهُ فَاَتْبَعْنَا بَعْضَهُمْ بَعْضًا
وَّجَعَلْنٰهُمْ اَحَادِيْثَ فَبُعْدًا لِّقَوْمٍ لَّا يُؤْمِنُوْنَ ﴿٤٤﴾ ثُمَّ
اَرْسَلْنَا مُوْسٰى وَاَخَاهُ هٰرُوْنَ بِاٰيٰتِنَا وَسُلْطٰنٍ
مُّبِيْنٍ ﴿٤٥﴾ اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ فَاسْتَكْبَرُوْا وَكَانُوْا
قَوْمًا عَالِيْنَ ﴿٤٦﴾ فَقَالُوْٓا اَنُؤْمِنُ لِبَشَرَيْنِ مِثْلِنَا وَقَوْمُهُمَا
لَنَا عٰبِدُوْنَ ﴿٤٧﴾ فَكَذَّبُوْهُمَا فَكَانُوْا مِنَ الْمُهْلَكِيْنَ ﴿٤٨﴾
وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ لَعَلَّهُمْ يَهْتَدُوْنَ ﴿٤٩﴾ وَجَعَلْنَا
ابْنَ مَرْيَمَ وَاُمَّهٗٓ اٰيَةً وَّاٰوَيْنٰهُمَآ اِلٰى رَبْوَةٍ ذَاتِ قَرَارٍ وَّ

**ગર્જનાએ ભરખી લીધા[૬૨] તો અમે તેમને કચરો પુંજો કરી નાખ્યા[૬૩]. તો છેટા રહે[૬૪] જાલિમ લોકો (૪૧) ફરી ત્યાર પછી અમે બીજાં જુથો પેદા કર્યા[૬૫] (૪૨) કોઇ ઉમ્મત પોતાની મુદ્દત કરતાં ન પહેલી જાય ન પાછળ રહે[૬૬] (૪૩) પછી અમે પોતાના રસૂલ મોકલ્યા એક પછી બીજા. જ્યારે કોઇ ઉમ્મત પાસે તેનો રસૂલ આવ્યો, તેમણે તેને જૂઠાડયો[૬૭], તો અમે આગલાઓ સાથે પાછલાઓને મેળવી દીધા[૬૮] અને તેમને વાર્તાઓ કરી દીધા[૬૯]. તો દૂર થાય તે લોકો જેઓ ઇમાન લાવતા નથી (૪૪) પછી અમે મૂસા અને તેના ભાઇ હારૂનને પોતાની આયતો અને સ્પષ્ટ સનદ[૭૦] સાથે મોકલ્યા (૪૫) ફિરઔન અને તેના દરબારીઓ તરફ, તો તેમણે ઘમંડ કર્યું[૭૧] અને તે લોકો સત્તાધારી હતા[૭૨] (૪૬) તો બોલ્યા; 'શું અમે અમારી જેવા બે પુરુષો પર ઇમાન લઇ આવીએ ?[૭૩] અને એમની કોમ (તો) અમારી બંદગી કરે છે[૭૪], (૪૭) તો તેમણે એ બન્નેને જૂઠાડયા તો નાશ કરેલાઓમાં થઇ ગયા[૭૫] (૪૮) અને બેશક ! અમે મૂસાને કિતાબ આપી[૭૬] કે તેમને[૭૭] હિદાયત થાય (૪૯) અને અમે મરયમના દિકરા અને તેની માંને[૭૮] ચિન્હ બનાવ્યાં અને તેમને**

બશર કહેવા માંડયા. આ તેમની ગુમરાહીનો પાયો ઠર્યો કારણ કે એથી જ તેમણે એવું પરિણામ તારવ્યું અને પરસ્પર કહેવા લાગ્યા.

૫૪. કબરોમાંથી સજીવે...

૫૫. અર્થાત તેમણે મૃત્યુ પછી સજીવ થવાને ઘણું કઠણ સમજી લીધું અને સમજ્યા કે આવું કદી બનવાનું જ નથી અને એ જ અસત્ય માન્યતાના કારણે કહેવા લાગ્યા...

૫૬. એનાથી તેમનો હેતુ એ હતો કે આ દુનિયાના જીવન સિવાય બીજું જીવન નથી. માત્ર આટલું જ છે.

૫૭. કે આપણામાં કોઇ જન્મે છે કોઇ મરે છે.

૫૮. મૃત્યુ પછી અને પોતાના રસૂલ અલયહિસ્સલાતો વસ્સલામ વિષે તેઓ બોલ્યા કે...

૫૯. કે પોતાને તેના નબી તરીકે ઓળખાવ્યો અને મૃત્યુ પછી જીવતા થવાની ખબર આપી.

૬૦. જ્યારે પૈગમ્બર અલયહિસ્સલામ તેમના ઇમાન લાવવાથી નિરાશ થઇ ગયા અને તેમણે જોયુ કે કોમ અંતિમ કક્ષાની બંડખોરી પર છે ત્યારે તેમના માટે બદદુઆ કરી અને બારગાહે ઇલાહીમાં...

૬૧. પોતાના કુફ્ર અને જૂઠાડવા બાબત જ્યારે કે અલ્લાહનો અઝાબ દેખશે.

૬૨. અર્થાત તેઓ અઝાબ અને વિનાશમાં પકડી લેવામાં આવ્યા.

૬૩. અર્થાત તેઓ નાશ પામીને ઘાસ અને કચરા જેવા બની ગયા.

૬૪. અર્થાત નબીઓને જૂઠાડનારાઓ અલ્લાહની રહમતથી દૂર થાય.

એક ઊંચી જમીન[૭૯] માં ઠેકાણું આપ્યું જ્યાં રહેવાનું સ્થાન[૮૦] અને નજર સમક્ષ વહેતું પાણી (છે) (૫૦) અય પૈગમ્બરો ! ચોખ્ખી વસ્તુઓ ખાવ[૮૧] અને સારૂં કામ કરો, હું તમારાં કામોને જાણું છું[૮૨] (૫૧) અને બેશક ! આ તમારો દીન એક જ દીન છે[૮૩] અને હું તમારો રબ છું તો મારાથી ડરો (૫૨) તો તેમની ઉમ્મતોએ પોતાનું કામ પરસ્પર ટુકડે ટુકડા કરી નાખ્યું[૮૪] પ્રત્યેક જુથ જે તેની પાસે છે તેનાથી ખુશ છે.[૮૫] (૫૩) તો તમે તેમને તેમના નશામાં છુટા મૂકી દો[૮૬] એક સમય સુધી[૮૭] (૫૪) શું તેઓ એવો ખ્યાલ ધરાવે છે કે અમે જે તેમની સહાય કરી રહ્યા છીએ માલ અને દીકરાઓ દ્વારા[૮૮] (૫૫) (તો) એ (રીતે અમે) તેમને જલ્દી જલ્દી ભલાઇઓ આપીએ છીએ[૮૯] ? બલ્કે તેમને ખબર નથી[૯૦] (૫૬) બેશક ! તેઓ જે પોતાના રબની બ્હીકે હેબતાઇ ગયા છે[૯૧] (૫૭) અને તેઓ જે પોતાના રબની આયતો પર ઇમાન લાવે છે[૯૨] (૫૮) અને તેઓ જે પોતાના રબનો કોઇ શરીક બનાવતા નથી (૫૯) અને તેઓ જે કંઇક આપે તે આપે છે[૯૩] તેમનાં હૃદયો ડરી રહ્યાં છે એ રીતે કે તેમને પોતાના રબ તરફ પાછું જવાનું છે[૯૪] (૬૦) એ લોકો ભલાઇઓમાં ઉતાવળ કરે છે અને એ લોકો જ બધાંથી પહેલાં એ (નેકીઓ) ને લાધ્યા[૯૫] (૬૧)



مَعِينٍ ﴿٥٠﴾ يَا أَيُّهَا الرُّسُلُ كُلُوا مِنَ الطَّيِّبَاتِ وَاعْمَلُوا
صَالِحًا إِنِّي بِمَا تَعْمَلُونَ عَلِيمٌ ﴿٥١﴾ وَإِنَّ هَٰذِهِ أُمَّتُكُمْ
أُمَّةً وَاحِدَةً وَأَنَا رَبُّكُمْ فَاتَّقُونِ ﴿٥٢﴾ فَتَقَطَّعُوا
أَمْرَهُمْ بَيْنَهُمْ زُبُرًا كُلُّ حِزْبٍ بِمَا لَدَيْهِمْ فَرِحُونَ ﴿٥٣﴾
فَذَرْهُمْ فِي غَمْرَتِهِمْ حَتَّىٰ حِينٍ ﴿٥٤﴾ أَيَحْسَبُونَ أَنَّمَا
نُمِدُّهُمْ بِهِ مِنْ مَالٍ وَبَنِينَ ﴿٥٥﴾ نُسَارِعُ لَهُمْ فِي
الْخَيْرَاتِ بَلْ لَا يَشْعُرُونَ ﴿٥٦﴾ إِنَّ الَّذِينَ هُمْ مِنْ خَشْيَةِ
رَبِّهِمْ مُشْفِقُونَ ﴿٥٧﴾ وَالَّذِينَ هُمْ بِآيَاتِ رَبِّهِمْ يُؤْمِنُونَ ﴿٥٨﴾
وَالَّذِينَ هُمْ بِرَبِّهِمْ لَا يُشْرِكُونَ ﴿٥٩﴾ وَالَّذِينَ يُؤْتُونَ
مَا آتَوْا وَقُلُوبُهُمْ وَجِلَةٌ أَنَّهُمْ إِلَىٰ رَبِّهِمْ رَاجِعُونَ ﴿٦٠﴾
أُولَٰئِكَ يُسَارِعُونَ فِي الْخَيْرَاتِ وَهُمْ لَهَا سَابِقُونَ ﴿٦١﴾

૬૫. જેવાં કે સાલિહની કોમ અને લૂતની કોમ અને શુએબની કોમ વિગેરે.

૬૬. જેના માટે વિનાશનો જે સમય નક્કી છે તે બરાબર તે જ સમયે નાશ પામશે તેમાં જરા પણ આગળ પાછળ થઇ શકતું નથી.

૬૭. અને તેમની હિદાયતને માની નહિ અને તેમના પર ઇમાન લાવ્યા નહિ.

૬૮. અને પાછલાઓને આગલાઓની જેમ હલાક કર્યા.

૬૯. કે પાછલાઓ વાર્તાની જેમ તેમની દશા વર્ણવ્યા કરે અને તેમના અઝાબ અને વિનાશનું બયાન બોધ ગ્રહણનું કારણ બને.

૭૦. અસો અને ચળકતો હાથ વિગેરે મો'જિઝાઓ સાથે.

૭૧. અને પોતાના તકબ્બુરના કારણે ઇમાન લાવ્યા નહિ.

૭૨. બની ઇસરાઇલ પર પોતાના જુલ્મ અને અત્યાચારના કારણે જ્યારે હઝરત મૂસા અને હઝરત હારૂને તેમને ઇમાનનું નિમંત્રણ આપ્યું...

૭૩. અર્થાત હઝરત મૂસા અને હઝરત હારૂન પર.

૭૪ અર્થાત બની ઇસરાઇલ અમારા તાબે છે તો પછી એવું કેમ કરી ચલાવી લઇએ કે તે કોમના જ બે માણસો પર ઇમાન લાવીને તેમના તાબેદાર બની જઇએ.

૭૫. અને ડૂબાડી દેવામાં આવ્યા.

૭૬. અર્થાત તવરાત શરીફ ફિરઔન અને તેની કૌમના ડૂબી ગયા પછી.

અમે કોઇ જીવ પર ભાર લાદતા નથી પરંતુ તેની શક્તિ મુજબનો. અને અમારી પાસે એક કિતાબ છે જે સાચું બોલે છે[૯૬] અને એમના પર જુલ્મ થશે નહિ[૯૭] (૬૨) બલ્કે તેમનાં હૃદયો આનાથી[૯૮] ગફલતમાં છે અને તેઓ જે કરી રહ્યા છે તેના કરતાં આમનાં કામો (કઇંક) જુદાં જ છે[૯૯] (૬૩) એટલે સુધી કે જ્યારે અમે તેમના આગેવાનોને અઝાબમાં પકડયા[૧૦૦] તો તરત જ તેઓ ફરિયાદ કરવા લાગ્યા[૧૦૧] (૬૪) આજે ફરયાદ કરો નહિ ! અમારી તરફથી તમારી મદદ થશે નહિ (૬૫) બેશક ! મારી આયતો[૧૦૨] તમારી સામે પઢાતી હતી તો તમે તમારી એડીઓભેર પાછા હઠતા હતા (૬૬) હરમની સેવા કરવા બદલ બડાઇ મારો છો ?[૧૦૩] રાત્રે ત્યાં બેહૂદી વાર્તાઓ માંડતા[૧૦૪] સત્યને ત્યજેલા[૧૦૫] (૬૭) શું તેમણે વાતને વિચારી નહિ[૧૦૬] ? અથવા તેમની પાસે તે આવ્યું જે તેમના બાપદાદાઓ પાસે આવ્યું હતુ નહિ[૧૦૭] ? (૬૮) અથવા તેમણે પોતાના રસૂલને ઓળખ્યા નહિ[૧૦૮] કે (જેથી) તેઓ એમને પારકા સમજી રહ્યા છે[૧૦૯] ? (૬૯) અથવા (એવું) કહે છે કે; એને ગાંડપણ છે[૧૧૦]. બલ્કે તે તો એમની પાસે સત્ય લાવ્યા[૧૧૧] અને એમનામાં ઘણાઓને સત્ય ગમતું નથી[૧૧૨] (૭૦)

قد افلح ١٨ المؤمنون ٢٣

وَلَا نُكَلِّفُ نَفْسًا اِلَّا وُسْعَهَا وَلَدَيْنَا كِتٰبٌ يَّنْطِقُ
بِالْحَقِّ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٦٢﴾ بَلْ قُلُوْبُهُمْ فِيْ غَمْرَةٍ
مِّنْ هٰذَا وَلَهُمْ اَعْمَالٌ مِّنْ دُوْنِ ذٰلِكَ هُمْ لَهَا
عٰمِلُوْنَ ﴿٦٣﴾ حَتّٰٓى اِذَآ اَخَذْنَا مُتْرَفِيْهِمْ بِالْعَذَابِ
اِذَا هُمْ يَجْـَٔرُوْنَ ﴿٦٤﴾ لَا تَجْـَٔرُوا الْيَوْمَ اِنَّكُمْ مِّنَّا
لَا تُنْصَرُوْنَ ﴿٦٥﴾ قَدْ كَانَتْ اٰيٰتِيْ تُتْلٰى عَلَيْكُمْ فَكُنْتُمْ
عَلٰٓى اَعْقَابِكُمْ تَنْكِصُوْنَ ﴿٦٦﴾ مُسْتَكْبِرِيْنَ بِهٖ
سٰمِرًا تَهْجُرُوْنَ ﴿٦٧﴾ اَفَلَمْ يَدَّبَّرُوا الْقَوْلَ اَمْ جَآءَهُمْ
مَّا لَمْ يَاْتِ اٰبَآءَهُمُ الْاَوَّلِيْنَ ﴿٦٨﴾ اَمْ لَمْ يَعْرِفُوْا
رَسُوْلَهُمْ فَهُمْ لَهٗ مُنْكِرُوْنَ ﴿٦٩﴾ اَمْ يَقُوْلُوْنَ بِهٖ جِنَّةٌ
بَلْ جَآءَهُمْ بِالْحَقِّ وَاَكْثَرُهُمْ لِلْحَقِّ كٰرِهُوْنَ ﴿٧٠﴾

૭૭. અર્થાત હઝરત મૂસા અલયહિસ્સલામની કોમ બની ઇસરાઇલને.

૭૮. અર્થાત હઝરત ઇસા અલયહિસ્સલામને બાપ વગર પેદા કરી પોતાની કુદરતનાં...

૭૯. એનો મતલબ યા તો બતયુલ મુકદ્દસ છે યા દમિશ્ક અથવા પેલેસ્ટાઇન, ઘણા મંતવ્યો (એ બાબત) છે.

૮૦. અર્થાત સરખી અને વિશાળ ભૂમી ફળ ફળાદીવાળી જેમાં રહેનારાઓ સરળતાપૂર્વક જીવે છે.

૮૧. અહીં પૈગમ્બરોનો મતલબ બધા જ પૈગમ્બરો છે અને દરેક પૈગમ્બરને તેના સમયમાં આ મુજબ કહેવામાં આવ્યું યા રસૂલનો નિર્દેશ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પ્રતિ અથવા હઝરત ઇસા પ્રતિ છે. ઘણા મંતવ્યો (એ બાબત) છે.

૮૨. તેનો બદલો આપીશ.

૮૩. અર્થાત ઇસ્લામ.

૮૪. અને જુથબંધીમાં વહેંચાઇ ગયા યહૂદી, ખ્રિસ્તી, અગ્નિ પૂજક વિગેરે.

૮૫. અને માત્ર પોતાને જ હકક પર અને બીજાને નાહકક પર સમજે છે એ રીતે તેમનામાં દીની મતભેદો છે. હવે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને સંબોધવામાં આવે છે.....

૮૬. અર્થાત તેમના કુફ્ર અને ગુમરાહી અને તેમની ગફલત અને અજ્ઞાનતામાં.

૮૭. અર્થાત તેમના મૃત્યુના સમય સુધી.

૮૮. દુનિયામાં.

૮૯. અને અમારી એ નેઅમતો તેમના આમાલનો બદલો છે ? અથવા અમે રાજી હોવાની દલીલ છે ? એવો ખ્યાલ બાંધવો ગલત છે વાસ્તવિકતા એવી નથી.

૯૦. કે અમે તેમને ઢીલ આપી રહ્યા છીએ.

૯૧. તેમને તેના અઝાબની બ્હીક છે. હઝરત હસન બસરી રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું; મો'અમિન નેકી કરીને ખુદાથી ડરે છે અને કાફિર ગુનાહ કરીને નિડર રહે છે.

૯૨. અને તેની કિતાબોને માને છે.

૯૩. ઝકાત અને સદકાઓ અથવા એ અર્થ છે કે નેક કામો કરે છે.

૯૪. તિરમિઝીની હદીષમાં છે કે હઝરત ઉમ્મુલ મો'અમિન આઇશહ સિદ્દીકહ રદીયલ્લાહુ અન્હાએ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પૂછયું કે; શું આ આયતમાં એવા લોકોનું બયાન છે જેઓ દારૂ પીએ છે અને ચોરી કરે છે ? ફરમાવ્યું; અય સિદ્દીકની નૂર ચશ્મ ! એવું નથી, આ તે લોકોનું બયાન છે જેઓ રોઝા રાખે છે સદકાઓ આપે છે છતાં ડરતા રહે છે કે ક્યાંક આ અમલો નામંજૂર થઇ જાય નહિ.

૯૫. અર્થાત નેકીઓને. અર્થ એ છે કે તેઓ નેકીઓ (કરવા)માં બીજી ઉમ્મતોના મુકાબલે પ્રથમ આવે છે.

૯૬. તેમાં પ્રત્યેકના અમલ લખાએલા છે અને લવહે મહફૂઝ છે.

૯૭. ન કોઇની નેકી ઓછી કરવામાં આવે ન કોઇનો ગુનોહ વધારવામાં આવે. એના પછી કાફિરો નું બયાન કરવામાં આવે છે.

૯૮. અર્થાત કુરઆન શરીફથી.

૯૯. જે (કામો) ઇમાનદારોનાં (ઉપર) વર્ણવાયાં.

૧૦૦. અને તેઓ દિવસે દિવસે તલ્વારનો ભોગ બન્યા. અને એક કથન એવું છે કે એ અઝાબ એટલે ભૂખમરાની તે મુસીબત જે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની દુઆથી તેમના પર લાદવામાં આવી હતી અને એ દુકાળના કારણે તેમની હાલત એટલી હદે પહોંચી ગઇ હતી કે તેઓ કૂતરાં અને મરેલા જાનવરો સુધ્ધાં ખાઇ ગયા હતા.

૧૦૧. તો હવે તેમનો જવાબ એ છે કે...

૧૦૨. અર્થાત કુરઆન મજીદની આયતો.

૧૦૩. અને એવું કહો છો કે; અમે હરમના રહીશો છીએ અને બયતુલ્લાહના પડોશીઓ છીએ અમારા પર કોઇ વિજયી થશે નહિ અમને કોઇનો ડર નથી.

૧૦૪. કા'બા મુઅઝઝમાની આજુ બાજુ ટોળે મળીને. અને વાર્તાઓમાં વધુ પડતી કુરઆન મજીદ ને ટોણાં મારનારી તેને જાદુ તેમજ કવિતા કહેનારી અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની શાનમાં અજુગતી વાતો કહેનારી હોય છે.

૧૦૫. અર્થાત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અને આપના પર ઇમાન લાવવાને અને કુર્આને કરીમને.

૧૦૬. અર્થાત કુરઆન પાકમાં મનન કર્યું નહિ અને એના ચમત્કાર પર દ્રષ્ટિપાત કર્યો નહિ જેનાથી એમને ખબર પડત કે આ સત્ય કલામ છે એની સત્યતાને સ્વીકારવી જરૂરી છે અને જે કંઇ એમાં ફરમાવવામાં આવ્યું છે તે સાચું અને માનવું અનિર્વાય છે અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ

وَلَوِ اتَّبَعَ الْحَقُّ أَهْوَاءَهُمْ لَفَسَدَتِ السَّمٰوٰتُ
وَالْأَرْضُ وَمَنْ فِيهِنَّ ۚ بَلْ أَتَيْنٰهُمْ بِذِكْرِهِمْ فَهُمْ عَنْ
ذِكْرِهِمْ مُعْرِضُونَ ﴿٧١﴾ أَمْ تَسْأَلُهُمْ خَرْجًا فَخَرَاجُ رَبِّكَ
خَيْرٌ ۖ وَهُوَ خَيْرُ الرّٰزِقِينَ ﴿٧٢﴾ وَإِنَّكَ لَتَدْعُوهُمْ إِلٰى
صِرٰطٍ مُسْتَقِيمٍ ﴿٧٣﴾ وَإِنَّ الَّذِينَ لَا يُؤْمِنُونَ بِالْآخِرَةِ عَنِ
الصِّرٰطِ لَنٰكِبُونَ ﴿٧٤﴾ وَلَوْ رَحِمْنٰهُمْ وَكَشَفْنَا مَا بِهِمْ مِنْ
ضُرٍّ لَلَجُّوا فِي طُغْيٰنِهِمْ يَعْمَهُونَ ﴿٧٥﴾ وَلَقَدْ أَخَذْنٰهُمْ
بِالْعَذَابِ فَمَا اسْتَكَانُوا لِرَبِّهِمْ وَمَا يَتَضَرَّعُونَ ﴿٧٦﴾
حَتّٰى إِذَا فَتَحْنَا عَلَيْهِمْ بَابًا ذَا عَذَابٍ شَدِيدٍ إِذَا
هُمْ فِيهِ مُبْلِسُونَ ﴿٧٧﴾ وَهُوَ الَّذِي أَنْشَأَ لَكُمُ السَّمْعَ
وَالْأَبْصَارَ وَالْأَفْئِدَةَ ۚ قَلِيلًا مَا تَشْكُرُونَ ﴿٧٨﴾

**અને જો સત્ય[૧૧૩] એમની મનેચ્છાઓ મુજબ ચાલત[૧૧૪] તો અવશ્ય આસ્માન અને જમીન અને જે કોઇ એમનામાં છે તે બધું નાશ પામત[૧૧૫]. બલ્કે અમે તો એમની પાસે તે વસ્તુ લાવ્યા[૧૧૬] જેમાં એમની સુખ્યાતી હતી, તો તેઓ પોતાની ઇજ્જતથી જ મોઢું ફેરવી ગયા છે (૭૧) શું તમે એમની પાસે કઇંક વળતર માંગો છો[૧૧૭] ? તો તમારા રબનું વળતર સર્વોત્તમ, અને તે સર્વશ્રેષ્ઠ રોજી આપનાર (છે)[૧૧૮] (૭૨) અને નિશંક તમે તેમને સીધા રસ્તે બોલાવો છો[૧૧૯] (૭૩) અને બેશક ! જેઓ આખેરત પર ઇમાન લાવતા નથી (તેઓ) અવશ્ય સીધા રસ્તેથી[૧૨૦] ફંટાએલા છે (૭૪) અને જો અમે તેમના પર દયા કરીએ અને જે આપત્તિ[૧૨૧] તેમના પર પડી છે તેને ટાળી દઇએ તો (પણ) અવશ્ય (તેઓ) પોતાની બંડખોરીમાં ભટકતા ફરશે ભૂલા પડીને[૧૨૨] (૭૫) અને બેશક ! અમે તેમને અઝાબમાં સપડાવ્યા[૧૨૩], તો તેઓ ન તો પોતાના રબના દરબારમાં નમ્યા અને ન તો કાકલુદી કરે છે[૧૨૪] (૭૬) એટલે સુધી કે જ્યારે અમે તેમના પર કોઇ સખત અઝાબનો દરવાજો ખોલ્યો[૧૨૫] તો તેઓ હવે એમાં નિરાશ થઇ પડયા છે (૭૭) અને તેણે જ તમારા માટે કાન આંખો અને દિલ[૧૨૬] બનાવ્યાં તમે ઘણો જ ઓછો આભાર માનો છો[૧૨૭] (૭૮)**

વસલ્લમ ની સત્યતા અને સચ્ચાઇ પર એમાં સ્પષ્ટ દલીલો મોજૂદ છે.

૧૦૭. અર્થાત રસૂલનું પધારવું કોઇ એવી આશ્ચર્યકારક વાત નથી જે કદી આગલા સમયમાં બની જ ન હોય અને જેથી તેઓ એવું કહી શકે કે અમને તે ખબર જ હતી નહિ કે ખુદા તરફથી રસૂલો પણ આવતા હોય છે. પહેલાં જો કદી રસૂલ આવ્યા હોત અને અમે તેમની બાબત સાંભળ્યું હોત તો પછી અમે શા કારણે આ રસૂલને માનત નહિ ? આવું બહાનું કાઢવાની તક પણ નથી. કારણ કે આગલી ઉમ્મતોમાં રસૂલો પધારી ચૂક્યા છે અને અલ્લાહની કિતાબો ઉતરી ચૂકી છે.

૧૦૮. અને હુઝૂરની ઉમર શરીફની બધી પરિસ્થિતિઓને જોઇ નહિ અને આપના ઉચ્ચ વંશ તેમજ સચ્ચાઇ ઇમાનદારી તિવ્ર બુધ્ધિ સદગુણો અને કોઇની પાસેથી શિખ્યા વગર વિદ્યા નિપૂર્ણ હોવું તેમજ આખા જગતથી વધારે ઇલ્મ ધરાવનાર હોવાને જાણયું નહીં, શું એવું છે ?

૧૦૯. વાસ્તવમાં એવું તો નથી બલ્કે તેઓ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તેમજ આપના ગુણો અને કમાલિયતને સારી રીતે જાણે છે. અને આપના શ્રેષ્ઠ ગુણો તો જગવિખ્યાત છે.

૧૧૦. એ પણ તદ્દન ખોટું અને અસત્ય છે કારણ કે તેઓ જાણે છે કે આપ જેવો બુધ્ધિશાળી અને સંપૂર્ણ સમજશક્તિનો માણસ તેમના જોવામાં જ નથી આવ્યો.

૧૧૧. એટલે કે કુરઆને કરીમ જેમાં તવહીદે ઇલાહી અને દીનના અહકામ વર્ણવાયા છે.

૧૧૨. કારણ કે એમાં તેમની વાસનાઓનો વિરોધ છે એટલા માટે તેઓ રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને આપના ગુણો તેમજ કમાલિયતને જાણતા હોવા છતાં વિરોધ કરે છે. 'અકસર' (ઘણાઓ) નો

قد افلح ١٨ — المؤمنون ٢٣

وهو الذي ذراكم في الارض واليه تحشرون ﴿٧٩﴾
وهو الذي يحيي ويميت وله اختلاف اليل والنهار
افلا تعقلون ﴿٨٠﴾ بل قالوا مثل ما قال الاولون ﴿٨١﴾
قالوا ءاذا متنا وكنا ترابا وعظاما ءانا لمبعوثون ﴿٨٢﴾
لقد وعدنا نحن واباؤنا هذا من قبل ان هذا
الا اساطير الاولين ﴿٨٣﴾ قل لمن الارض ومن
فيها ان كنتم تعلمون ﴿٨٤﴾ سيقولون لله قل افلا
تذكرون ﴿٨٥﴾ قل من رب السموت السبع ورب العرش
العظيم ﴿٨٦﴾ سيقولون لله قل افلا تتقون ﴿٨٧﴾ قل من
بيده ملكوت كل شيء وهو يجير ولا يجار عليه
ان كنتم تعلمون ﴿٨٨﴾ سيقولون لله قل فاني تسحرون ﴿٨٩﴾

**અને તે જ છે જેણે તમને ધરતીમાં ફેલાવ્યા અને તેના તરફ જ (મૃત્યુ પછી) ઉઠવાનું છે[૧૨૮] (૭૯) અને તે જ જીવાડે અને મારે અને તેના જ માટે રાત્રી દિવસની અદલા બદલી[૧૨૯] તો શું તમને સમજ નથી[૧૩૦] ? (૮૦) બલ્કે તેમણે તેવું જ કહ્યું જેવું આગલાઓ[૧૩૧] કહેતા હતા (૮૧) બોલ્યા ; શું જ્યારે આપણે મરી જઇએ અને માટી તેમજ હાડકાંઓ થઇ જઇએ (ત્યાર પછી) શું ફરી કાઢવામાં આવીશું ? (૮૨) આ વાયદો આપણને અને આપણાથી પહેલાં આપણા બાપ-દાદઓને આપવામાં આવ્યો. આ તો પેલી આગલી વાર્તાઓ જ છે[૧૩૨] (૮૩) તમે ફરમાવો; ધરતી અને જે કંઇ તેમાં છે તે કોની મિલક્ત છે ? જો તમે જાણતા હોય તો[૧૩૩] (૮૪) હવે કહેશે કે અલ્લાહની[૧૩૪], તમે ફરમાવો તો પછી વિચારતા કેમ નથી[૧૩૫] ? (૮૫) તમે ફરમાવો; કોણ છે માલિક સાતેય આસ્માનોનો અને માલિક મહાન અર્શ નો ? (૮૬) હવે કહેશે; એ અલ્લાહની જ શાન છે. તમે ફરમાવો; પછી ડરતા કેમ નથી ?[૧૩૬] તમે ફરમાવો દરેક વસ્તુની સત્તા કોના હાથમાં છે ?[૧૩૭] અને તે આશરો આપે છે અને તેના વિરૂદ્ધમાં કોઇ આશરો આપી શકતું નથી ? જો તમને જાણ હોય તો[૧૩૮] (૮૮) હવે કહેશે; એ અલ્લાહની જ શાન છે. તમે ફરમાવો; તો પછી ક્યા જાદુની ભૂલથાપમાં પડયા છો ?[૧૩૯] (૮૯)**

શબ્દ લગાડવાથી એવું પુરવાર થાય છે કે આ હાલત તેમનામાં વધારે લોકોની છે. પણ અમુક લોકો તેમનામાં એવા હતા જેઓ આપને સત્ય પર સમજતા હતા અને સત્ય તેમને અણગમતું પણ ન હતું પરંતુ તેઓ પોતાની કોમના વિરોધ અને તેમનાં મ્હેણાં ટોણાંના ભયે ઇમાન લાવ્યા નહિ જેમકે અબૂતાલિબ.

૧૧૩. અર્થાત કુર્આન શરીફ.

૧૧૪. એવી રીતે કે એમાં એવી બાબતોનું બયાન થતું જેની કાફિરો ઇચ્છા કરે છે જેમકે અમુક ખુદા હોવા અને ખુદાના દીકરા દીકરીઓ હોવી વિગેરે કુફ્રી વાતો.

૧૧૫. અને આખા જગતની વ્યવસ્થા વેરવિખેર થઇ જાત.

૧૧૬.અર્થાત કુરઆન પાક.

૧૧૭. તેમને હિદાયત આપવા તેમજ સાચો રસ્તો દેખાડવા બદલ ? એવું તો નથી. અને તેઓ શું છે અને તમને શું આપી શકે છે, જો તમે વળતર ઇચ્છો.....

૧૧૮. અને તેની કૃપા તમારા પર મહાન છે અને જે નેઅમતો તેણે આપને આપી તે ઘણી વધારે અને શ્રેષ્ઠ છે તો આપને તેમની શું પરવાહ ? પછી જ્યારે કે તેઓ આપના સદગુણો અને કમાલિયતથી વાકેફ પણ છે, કુરઆને કરીમનો ચમત્કાર પણ તેમની દ્રષ્ટિ સમક્ષ છે અને આપ તેમની પાસેથી હિદાયત અને સાચો માર્ગ દેખાડવાનું વળતર પણ માંગતા નથી તો પછી હવે ઇમાન નહિ લાવવા માટે તેમની પાસે શું કારણ છે ?

૧૧૯. તો તેમના માટે આવશ્યક છે કે આપનું નિમંત્રણ સ્વીકારે અને ઇસ્લામમાં દાખલ થાય.

૧૨૦. અર્થાત દીને હક (ઇસ્લામ) થી.

૧૨૧. સપ્તવર્ષિય દુકાળની.

૧૨૨. અર્થાત પોતાના કુફ્ર અદેખાઇ અને બંડખોરી તરફ પલ્ટી જશે અને આ ખુશામત અને ચાપલુસી (જે અત્યારે કરી રહ્યા છે તે) જતી રહેશે અને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની અદાવત મો'મિનો સાથે દુશ્મની અને તકબ્બુર જે એમની પ્રથમ રીત રસમ હતી તે જ ફરી અખત્યાર કરશે.

**શાને નુઝૂલ** :- જ્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની દુઆના પરિણામે કુરેશીઓ સાત વરસના દુકાળમાં ફસાયા અને પરિસ્થિતિ ખૂબ વણસી ગઇ ત્યારે તેમની તરફથી અબૂ સુફયાન નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની સેવામાં હાજર થયા. અને વિનંતી કરી કે શું આપ પોતાના ખયાલ મુજબ રહમતુલ્ લિલ્ આલમીન બનાવીને મોકલવામાં નથી આવ્યા ? સૈયદે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું, બેશક ! ત્યારે અબૂ સુફયાને કહ્યું; મોટાઓને તો આપે બદરમાં તલ્વારની ધારે લીધા, ઔલાદ જે રહી તે આપની કદુઆના કારણે આવી પરિસ્થિતિએ પહોંચી ગઇ કે દુકાળની મુસીબતમાં સપડાયા, ભૂખમરાથી લોકો કંટાળી ગયા, ભૂખની વિપદાએ લોકો હાડકાં ચાવી ગયા અને મરેલાં જાનવરો સુધ્ધાં ચાવી ગયા, આપને અલ્લાહ અને સગાઇ સંબંધોની કસમ આપીને કહું છું કે આપ અલ્લાહ પાસે દુઆ માંગો કે તે આ દુકાળની બલા દૂર કરે. હુઝૂરે દુઆ કરી અને તેઓને એ મુસીબતથી છુટકારો મળ્યો. એ બનાવ બાબત આ આયત ઉતરી.

૧૨૩. દુકાળના અથવા કતલના.

૧૨૪. બલ્કે પોતાના અહંકાર અને બંડખોરી પર અટલ છે.

૧૨૫. એ અઝાબનો નિર્દેશ યા તો મજકુર દુકાળ પ્રતિ છે જેમકે શાને નુઝૂલ અંગેની રિવાયતથી માલમ પડે છે અથવા બદ્રના દિવસે થએલા કતલ તરફ છે. આ ત્યારે જ બંધ બેસે કે દુકાળનો બનાવ બદ્રના બનાવથી પહેલાંનો હોય. અને અમુક તફસીરકારોએ કહ્યું કે; એ 'સખત અઝાબ' નો મતલબ મૃત્યુ છે, અમુકે કહ્યું કે; કયામત.

૧૨૬. જેથી જુઓ અને સાંભળો અને સમજો તેમજ દીન અને દુનિયાના લાભો મેળવો.

૧૨૭. કે તમે એ નેઅમતોની કદર પિછાણી નહિ અને એનાથી લાભ ઉઠાવ્યો નહિ અને કાન, આંખ તેમજ દિલ વડે અલ્લાહની આયતોને સાંભળવા જોવાં અને સમજવાની તક ઝડપી નહિ અને એના વડે અલ્લાહની ઓળખ પ્રાપ્ત કરવા તેમજ સાચા નેઅમત આપનારનો હક્ક પીછાણી તેનો આભાર માનવાનો મોકો પ્રાપ્ત કર્યો નહિ.

૧૨૮. કયામતના દિવસે.

૧૨૯. એમાંથી દરેકનું બીજા પછી આવવું અને અંધારા તેમજ અજવાળામાં અને લાંબા ટૂંકા હોવામાં દરેકનું બીજા કરતાં નોખુ હોવું એ બધાં અલ્લાહની કુદરતનાં ચિન્હો છે.

૧૩૦. કે એનાથી બોધ ગ્રહણ કરો અને એમાં અલ્લાહની કુદરત નિહાળીને મર્યા પછી જીવતા કરવામાં આવવાને માનો અને ઇમાન લાવો.

૧૩૧. અર્થાત એમનાથી પહેલાંના કાફિરો.

૧૩૨. જેનો કશો આધાર નથી. કાફિરોની આ વાતને રદિયો આપવા અને તેમના સામે દલીલ રજુ કરવા માટે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ફરમાવ્યું.....

૧૩૩. એના સર્જક અને માલિકને બતાવો.

૧૩૪. કારણ કે એ સિવાય બીજો જવાબ છે જ નહિ અને મુશ્રિકો અલ્લાહને ખાલિક હોવાનું માને પણ

بَلْ اَتَيْنٰهُمْ بِالْحَقِّ وَاِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿٩٠﴾ مَا اتَّخَذَ اللّٰهُ
مِنْ وَّلَدٍ وَّمَا كَانَ مَعَهٗ مِنْ اِلٰهٍ اِذًا لَّذَهَبَ كُلُّ
اِلٰهٍ بِمَا خَلَقَ وَلَعَلَا بَعْضُهُمْ عَلٰى بَعْضٍ سُبْحٰنَ اللّٰهِ
عَمَّا يَصِفُوْنَ ﴿٩١﴾ عٰلِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَتَعٰلٰى عَمَّا
يُشْرِكُوْنَ ﴿٩٢﴾ قُلْ رَّبِّ اِمَّا تُرِيَنِّيْ مَا يُوْعَدُوْنَ ﴿٩٣﴾ رَبِّ
فَلَا تَجْعَلْنِيْ فِي الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٩٤﴾ وَاِنَّا عَلٰٓى اَنْ نُّرِيَكَ
مَا نَعِدُهُمْ لَقٰدِرُوْنَ ﴿٩٥﴾ اِدْفَعْ بِالَّتِيْ هِيَ اَحْسَنُ السَّيِّئَةَ
نَحْنُ اَعْلَمُ بِمَا يَصِفُوْنَ ﴿٩٦﴾ وَقُلْ رَّبِّ اَعُوْذُ بِكَ مِنْ
هَمَزٰتِ الشَّيٰطِيْنِ ﴿٩٧﴾ وَاَعُوْذُ بِكَ رَبِّ اَنْ يَّحْضُرُوْنِ ﴿٩٨﴾
حَتّٰٓى اِذَا جَآءَ اَحَدَهُمُ الْمَوْتُ قَالَ رَبِّ ارْجِعُوْنِ ﴿٩٩﴾
لَعَلِّيْٓ اَعْمَلُ صَالِحًا فِيْمَا تَرَكْتُ كَلَّا اِنَّهَا كَلِمَةٌ هُوَ

**બલ્કે અમે તેમની પાસે સત્ય લાવ્યા,[૧૪૦] અને તેઓ બેલાશક જૂઠા છે[૧૪૧] (૯૦) અલ્લાહે કોઇ બાળક ધરાવ્યું નથી[૧૪૨] અને ન તો તેની સાથે કોઇ અન્ય ખુદા[૧૪૩] (છે). જો એવું હોત તો દરેક ખુદા પોતાની મખ્લૂકને લઇ જાત[૧૪૪] અને જરૂર એક બીજા પર પોતાનું ચઢિયાતાપણું ઇચ્છત[૧૪૫]. જે વાતો આ લોકો ઉપજાવી કાઢે છે તેનાથી અલ્લાહને પાકી છે[૧૪૬] (૯૧) પ્રત્યેક જાહેર છુપાને જાણનાર, તો તેને એમના શિર્કથી બુલંદી છે (૯૨) તમે વિનંતી કરો કે; અય મારા રબ જો તુ જો મને તે લોકોને જેનો વાયદો થઇ રહ્યો છે તે[૧૪૭] દેખાડે (૯૩) તો અય મારા રબ! મને એ જાલિમો સાથે કરીશ નહિ[૧૪૮] (૯૪) અને બેશક ! અમે શક્તિમાન છીએ કે તેમને જે વાયદો આપી રહ્યા છે તે તમને દેખાડીએ[૧૪૯] (૯૫) સર્વોત્તમ ભલાઇ દ્વારા બુરાઇ ને હઠાવો[૧૫૦]. તેઓ જે વાતો ઉપજાવી રહ્યા છે તેને અમે સારી રીતે જાણીએ છીએ[૧૫૧] (૯૬) અને તમે કહો કે; અય મારા રબ! શયતાનોના વસવસાઓથી[૧૫૨] તારો આશરો (૯૭) અને અય મારા રબ! તારો આશરો કે (જો) તેઓ મારી પાસે આવે (૯૮) ત્યાં સુધી કે જ્યારે તેમનામાં કોઇને મૃત્યુ આવે[૧૫૩] ત્યારે કહે છે કે; 'અય મારા રબ! મને પાછો મોકલો[૧૫૪] (૯૯) કદાચ હવે**

છે, જ્યારે તેઓ એ જવાબ આપે....

૧૩૫. કે જેણે પૃથ્વીને અને એની વસ્તુઓને પ્રથમ બનાવ્યાં તો જરૂર મડદાંઓને જીવતાં કરવાની શક્તિ ધરાવે છે.

૧૩૬. તેના સિવાયનાને પૂજવા અને શિર્ક કરવાથી અને મડદાંઓને જીવંત કરવા તે શક્તિમાન છે તેનો ઇન્કાર કરવાથી.

૧૩૭. અને પ્રત્યેક વસ્તુ પર સ્વંય કુદરત અને અધિકાર કોનો છે ?

૧૩૮. તો જવાબ આપો.

૧૩૯. એટલે કે કઇ શયતાની છેતરપીંડીમાં ફસાયા છો કે તવહીદ અને અલ્લાહનું આજ્ઞા પાલન ત્યજીને સત્યને અસત્ય સમજી રહ્યા છો. જ્યારે તમે સ્વીકારો છો કે સ્વંય કુદરત તેની જ છે અને તેના વિરૂદ્ધ માં કોઇ કોઇને આશરો આપી શકતું નથી તો પછી બીજાની ઇબાદત તદ્દન ખોટી છે.

૧૪૦. કે અલ્લાહને ઔલાદ થઇ શકે નહિ નતો તેનો કોઇ શરીક હોઇ શકે, એ બન્ને વાતો અશકય છે.

૧૪૧. કે તેના માટે શરીક અને ઔલાદ ઠેરવે છે.

૧૪૨. તે એનાથી પર છે કારણ કે તે જાતી અને પ્રકારથી પાક છે અને જે સજાતિય હોય તે જ ઔલાદ બની શકે છે.

૧૪૩. જે અલ્લાહ હોવામાં ભાગીદાર બને.

૧૪૪. અને તેમને બીજાની સત્તા હેઠળ રહેવા દેત નહિ.

**હું કંઇક ભલાઇ કમાઉં તેમાં જે છોડીને આવ્યો છું.[૧૫૫] છટ ! આ તો (માત્ર) એક વાત છે જે તે પોતાના મોઢેથી કહે છે[૧૫૬], અને તેમની આગળ એક આડ છે[૧૫૭] તે દિવસ સુધી જેમાં ઉઠાડવામાં આવશે (૧૦૦) તો જ્યારે સૂર ફૂંકવામાં આવશે[૧૫૮] તો ન તો તેમનામાં સગાઇ સંબધો રહેશે[૧૫૯] અને ન એક બીજાની વાત પૂછે[૧૬૦] (૧૦૧) તો જેમનાં વજન[૧૬૧] ભારે નિવડે તેઓ જ મુરાદ પામે (૧૦૨) અને જેમનાં વજન હલકાં નિવડયાં[૧૬૨], તેઓ જ છે જેમણે પોતાના જીવ ખોટમાં નાખ્યા, હમેશાં દોઝખમાં રહેશે (૧૦૩) તેમના મોઢાઓ પર આગ લપકારા મારશે અને તેઓ એમાં મોઢું ચઢાવેલા હશે[૧૬૩] (૧૦૪) શું મારી આયતો પઢવામાં આવતી ન હતી તમારી સમક્ષ[૧૬૪] ? તો તમે તેને જૂઠાડતા હતા' (૧૦૫) કહેશે; 'અય અમારા રબ! અમારા પર અમારૂં કુભાગ્ય ચઢી બેઠું અને અમે ભટકેલા લોકો હતા (૧૦૬) અય અમારા રબ ! અમને દોઝખમાંથી કાઢ, પછી પણ જો અમે તેવું જ કરીએ તો અમે જાલિમ છીએ[૧૬૫] (૧૦૭) રબ ફરમાવશે; 'તુચ્છકારાએલ (બનીને) એમાં પડયા રહો અને મારી સાથે વાત કરો નહિ[૧૬૬] (૧૦૮) બેશક ! મારા બન્દાઓ નું એક જુથ કહેતું હતું; અય અમારા રબ! અમે ઇમાન લાવ્યા,**



قَآئِلُهَا ۖ وَمِن وَرَآئِهِم بَرْزَخٌ إِلَىٰ يَوْمِ يُبْعَثُونَ ﴿١٠٠﴾
فَإِذَا نُفِخَ فِي الصُّورِ فَلَآ أَنسَابَ بَيْنَهُمْ يَوْمَئِذٍ
وَلَا يَتَسَآءَلُونَ ﴿١٠١﴾ فَمَن ثَقُلَتْ مَوَازِينُهُ فَأُولَٰٓئِكَ
هُمُ الْمُفْلِحُونَ ﴿١٠٢﴾ وَمَنْ خَفَّتْ مَوَازِينُهُ فَأُولَٰٓئِكَ
الَّذِينَ خَسِرُوٓا أَنفُسَهُمْ فِي جَهَنَّمَ خَٰلِدُونَ ﴿١٠٣﴾ تَلْفَحُ
وُجُوهَهُمُ النَّارُ وَهُمْ فِيهَا كَٰلِحُونَ ﴿١٠٤﴾ أَلَمْ تَكُنْ ءَايَٰتِي تُتْلَىٰ
عَلَيْكُمْ فَكُنتُم بِهَا تُكَذِّبُونَ ﴿١٠٥﴾ قَالُوا رَبَّنَا غَلَبَتْ عَلَيْنَا
شِقْوَتُنَا وَكُنَّا قَوْمًا ضَآلِّينَ ﴿١٠٦﴾ رَبَّنَآ أَخْرِجْنَا مِنْهَا
فَإِنْ عُدْنَا فَإِنَّا ظَٰلِمُونَ ﴿١٠٧﴾ قَالَ اخْسَـُٔوا فِيهَا وَلَا
تُكَلِّمُونِ ﴿١٠٨﴾ إِنَّهُۥ كَانَ فَرِيقٌ مِّنْ عِبَادِي يَقُولُونَ
رَبَّنَآ ءَامَنَّا فَاغْفِرْ لَنَا وَارْحَمْنَا وَأَنتَ خَيْرُ الرَّٰحِمِينَ ﴿١٠٩﴾

૧૪૫. અને બીજા પર પોતાની સર્વોપરિતા અને ઉચ્ચતા પસંદ કરત. કારણ કે સામ સામેનાં રાજ્યો એવું જ ઇચ્છે છે, એનાથી જણાયું કે બે ખુદા હોવાની (માન્યતા) ખોટી છે ખુદા એક જ છે અને દરેક વસ્તુ તેની જ સત્તા હેઠળ છે.

૧૪૬. કે તેના માટે શરીક અને ઔલાદ ઠેરવે છે.

૧૪૭. અઝાબ....

૧૪૮. અને તેમનો નિકટતમ તેમજ સાથીદાર બનાવીશ નહિ આ દુઆ નમ્રતા અને અલ્લાહના બન્દા હોવાની જાહેરાત રૂપે છે, એ જાણેલું હોવા છતાં કે અલ્લાહ તઆલા આપને તેમના નિકટતમ અને સાથીદાર નહિ બનાવે. મઅ્સૂમ નબીઓ પોતાની મગફિરત અને અલ્લાહની કૃપાની ચોક્કસ ખબર હોવા છતાં આ રીતે જ ઇસ્તિગફાર કરતા રહ્યા છે, એ બધું નમ્રતા અને બંદગીની જાહેરાત ખાતર હોય છે.

૧૪૯. આ તે કાફિરોને જવાબ છે જેઓ વાયદો કરાએલા અઝાબને માનતા ન હતા અને તેની હાંસી ઉડાડતા હતા. તેમને કહેવામાં આવ્યું કે; જો તમે વિચાર કરશો તો સમજી લેશો કે અલ્લાહ તઆલા વાયદા ને પુરો કરવા શક્તિમાન છે, પછી નહિ માનવા અને હાંસી ઉડાડવાનું કારણ શું છે ? અને અઝાબમાં જે ઢીલ થઇ રહી છે તેમાં અલ્લાહની હિકમતો (રહસ્યો) છે કે એમનામાંથી જે ઇમાન લાવનાર છે તેઓ ઇમાન લઇ આવે અને જેમના વંશ ઇમાન સ્વીકારનાર છે તે વંશો જન્મી લે.

૧૫૦. આ સરસ વાક્યના અર્થો અતિ વિસ્તૃત છે. એનો એ અર્થ પણ છે કે તવહીદ જે ઉચ્ચતમ ભલાઇ છે તેનાથી શિર્કની બુરાઇને હટાવો. અને એ પણ (અર્થ) છે કે આજ્ઞાપાલન અને પરહેઝગારી લાગુ પાડીને

تو અમને માફ કરી દે અને અમારા પર રહેમ કર અને તુ બધાંથી સારો રહેમ કરનાર છે (૧૦૯) તો તમે તેમને ઠઠ્ઠો મશ્કરી બનાવી લીધા[૧૬૭] એટલે સુધી કે તેમને બનાવવાની તલ્લીનતામાં[૧૬૮] મારી યાદ ભૂલી ગયા અને તમે તેમની હાંસી ઉડાવ્યા કરતા હતા (૧૧૦) બેશક આજે મેં તેમની ધીરજનો તેમને એ બદલો આપ્યો કે તેઓ જ સફળ છે' (૧૧૧) ફરમાવ્યું[૧૬૯]; 'વરસોની ગણત્રી મુજબ તમે પૃથ્વીમાં કેટલું રોકાયા[૧૭૦] ?' (૧૧૨) બોલ્યા; 'અમે રહ્યા એક દિવસ અથવા દિવસનો (અમુક) ભાગ[૧૭૧]' તો ગણત્રી કરનારાઓને પૂછી જો[૧૭૨]' (૧૧૩) ફરમાવ્યું; તમે નથી રહ્યા પણ થોડુ[૧૭૩], જો તમને જાણ હોત (૧૧૪) તો શું એવું સમજો છો કે અમે તમને અમસ્તા બનાવ્યા અને તમારે અમારી તરફ ફરવાનું નથી[૧૭૪] ? (૧૧૫) તો અલ્લાહ ખૂબ ઉચ્ચતાવાળો છે સાચો બાદશાહ તેના સિવાય કોઇ મઅ્બૂદ નથી ઇજ્જતવાળા અર્શનો માલિક (૧૧૬) અને જે અલ્લાહ સિવાય કોઇ બીજા ખુદાને પૂજે જેનો તેની પાસે કોઇ આધાર નથી[૧૭૫] તો તેનો હિસાબ તેના રબ પાસે છે. બેશક ! કાફિરોનો છુટકારો નથી (૧૧૭) અને તમે વિનંતી કરો; અય મારા રબ! માફ કર[૧૭૬] અને રહેમ ફરમાવ અને તુ બધાંથી વધારે રહેમ કરનાર છે (૧૧૮)



فَاتَّخَذْتُمُوهُمْ سِخْرِيًّا حَتّٰى أَنْسَوْكُمْ ذِكْرِي وَكُنْتُمْ مِنْهُمْ
تَضْحَكُونَ ﴿١١٠﴾ إِنِّي جَزَيْتُهُمُ الْيَوْمَ بِمَا صَبَرُوا أَنَّهُمْ هُمُ
الْفَائِزُونَ ﴿١١١﴾ قٰلَ كَمْ لَبِثْتُمْ فِي الْأَرْضِ عَدَدَ سِنِينَ ﴿١١٢﴾
قَالُوا لَبِثْنَا يَوْمًا أَوْ بَعْضَ يَوْمٍ فَسْئَلِ الْعَادِّينَ ﴿١١٣﴾
قٰلَ إِنْ لَبِثْتُمْ إِلَّا قَلِيلًا لَوْ أَنَّكُمْ كُنْتُمْ تَعْلَمُونَ ﴿١١٤﴾
أَفَحَسِبْتُمْ أَنَّمَا خَلَقْنٰكُمْ عَبَثًا وَأَنَّكُمْ إِلَيْنَا لَا تُرْجَعُونَ ﴿١١٥﴾
فَتَعٰلَى اللّٰهُ الْمَلِكُ الْحَقُّ لَا إِلٰهَ إِلَّا هُوَ رَبُّ الْعَرْشِ
الْكَرِيمِ ﴿١١٦﴾ وَمَنْ يَدْعُ مَعَ اللّٰهِ إِلٰهًا آخَرَ لَا بُرْهَانَ لَهُ
بِهِ فَإِنَّمَا حِسَابُهُ عِنْدَ رَبِّهِ إِنَّهُ لَا يُفْلِحُ
الْكٰفِرُونَ ﴿١١٧﴾ وَقُلْ رَبِّ اغْفِرْ وَارْحَمْ وَ
أَنْتَ خَيْرُ الرّٰحِمِينَ ﴿١١٨﴾

આજ્ઞાઉલ્લંઘન અને ગુનાહોની બદીને ખસેડો અને એ પણ (અર્થ છે) કે પોતાના સદગુણોથી ગુનેહગારો પર એ રીતે મહેરબાની અને દરગુજર કરો કે એના કારણે દીનમાં કોઇ જાતની સુસ્તી થાય નહિ.

૧૫૧. અલ્લાહ અને તેના રસૂલની શાનમાં, તો અમે તેનો બદલો આપીશું.

૧૫૨. જેના વડે તેઓ લોકોને ફરેબ આપીને નાફરમાની અને ગુનાહોમાં સપડાવે છે.

૧૫૩. અર્થાત કાફિર મરતાંની ઘડી સુધી તો પોતાના કુફ્ર બંડખોરી અને અલ્લાહ તેમજ રસૂલને જૂઠાડવા અને મર્યા પછી જીવિત કરવાના ઇનકાર પર અડેલો રહે છે અને જ્યારે મૃત્યુ આવે છે અને તેને જહન્નમમાં જે તેનુ સ્થાન છે તે દેખાડવામાં આવે છે જન્નતની તે જગ્યા પણ દેખાડવામાં આવે છે કે જો તે ઇમાન લાવ્યો હોત તો તેને મળત...

૧૫૪. દુનિયામાં.

૧૫૫. અને નેક કામો કરીને પોતાની ઉણપોનો બદલો આપું. ત્યારે તેને કહેવામાં આવશે......

૧૫૬. પસ્તાવા અને શરમિંદગીના કારણે (પણ) એવું બનવાનું નથી અને એનો કશો ફાયદો નથી.

૧૫૭. જે તેમને દુનિયામાં પાછા આવવાથી રોકનાર છે અને તે મૃત્યુ છે. (ખાઝિન) અમુક તફસીરકારોએ કહ્યું કે મૃત્યુના સમયથી લઇને હશ્રના મયદાનમાં ઉઠવાના સમય સુધીના ગાળાને 'બરઝખ' કહે છે.

૧૫૮. પ્રથમવાર જેને 'નફખએ ઉલા' કહે છે જેમકે હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું છે.

૧૫૯. જેના પર દુનિયામાં ગર્વ કરતા હતા. અને અંદરોઅંદરના ખાનદાની સંબંધો તૂટી જશે અને સગાઇની મહોબ્બતો બાકી રહેશે નહિ અને પરિસ્થિતિ એવી હશે કે માણસ પોતાના ભાઇ અને બાપ અને

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૭૭]**

**આ એક સૂરત છે જે અમે ઉતારી અને અમે એના હુકમો ફર્ઝ કર્યા[૧૭૮] અમે એમાં સ્પષ્ટ આયતો ઉતારી જેથી તમે મનન કરો (૧) જે સ્ત્રી વ્યભિચારી હોય અને જે પુરૂષ, તો એમનામાં દરેકને એકસો કોરડા મારો[૧૭૯]. અને તમને તેમના પર દયા આવે નહિ અલ્લાહના દીનમાં[૧૮૦], જો તમે ઇમાન લાવતા હોય અલ્લાહ પર અને પાછલા દિવસ પર. અને જોઇએ કે તેમની સજા સમયે મુસલમાનોનું એક જનસમુહ હાજર રહે[૧૮૧] (૨) વ્યભિચારી પુરૂષ વ્યભિચારી સ્ત્રી અથવા શિર્કવાળી સિવાય (બીજી સ્ત્રી) સાથે નિકાહ કરે નહિ. અને વ્યભિચારી સ્ત્રી સાથે (કોઇ) નિકાહ કરે નહિ પણ વ્યભિચારી પુરૂષ અથવા મુશ્રિક[૧૮૨] અને એ કામ[૧૮૩] ઇમાનવાળાઓ પર હરામ છે[૧૮૪] (૩) અને જેઓ પાક દામન સ્ત્રીઓને એબ લગાડે (અને) પછી ચાર સાક્ષીઓ આંખે દેખ્યા લાવે નહિ તો તેમને એંસી ચાબખાઓ મારો અને તેમની કોઇ સાક્ષી કદી માનો નહિ[૧૮૫] અને તેઓ જ ફાસિક છે (૪)**

قد افلح ١٨ النور ٢٤

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
سُوْرَةٌ اَنْزَلْنٰهَا وَفَرَضْنٰهَا وَاَنْزَلْنَا فِيْهَآ اٰيٰتٍۢ بَيِّنٰتٍ
لَّعَلَّكُمْ تَذَكَّرُوْنَ ① اَلزَّانِيَةُ وَالزَّانِيْ فَاجْلِدُوْا
كُلَّ وَاحِدٍ مِّنْهُمَا مِائَةَ جَلْدَةٍ وَّلَا تَاْخُذْكُمْ
بِهِمَا رَاْفَةٌ فِيْ دِيْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ
بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَلْيَشْهَدْ عَذَابَهُمَا طَآئِفَةٌ
مِّنَ الْمُؤْمِنِيْنَ ② اَلزَّانِيْ لَا يَنْكِحُ اِلَّا زَانِيَةً اَوْ
مُشْرِكَةً وَّالزَّانِيَةُ لَا يَنْكِحُهَآ اِلَّا زَانٍ اَوْ مُشْرِكٌ وَحُرِّمَ
ذٰلِكَ عَلَى الْمُؤْمِنِيْنَ ③ وَالَّذِيْنَ يَرْمُوْنَ الْمُحْصَنٰتِ
ثُمَّ لَمْ يَاْتُوْا بِاَرْبَعَةِ شُهَدَآءَ فَاجْلِدُوْهُمْ ثَمٰنِيْنَ جَلْدَةً
وَّلَا تَقْبَلُوْا لَهُمْ شَهَادَةً اَبَدًا وَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ④

પત્ની અને પુત્રોથી ભાગશે.

૧૬૦. જેવી રીતે દુનિયામાં પૂછતા હતા. કારણ કે દરેક પોતાની જ ફિકરમાં હશે. પછી બીજી વાર સૂર ફૂંકવામાં આવશે અને હિસાબ પછી લોકો એકબીજાની ખબર પૂછશે.

૧૬૧. નેક કામો અને સારા કર્મોથી.

૧૬૨. નેકીઓ ન હોવાના કારણે અને તે કાફિરો છે.

૧૬૩. તિરમિઝીની હદીષમાં છે કે આગ તેમને શેકી નાખશે અને ઉપરનો હોઠ સંકોચાઇને અડધા માથા સુધી પહોંચી જશે અને નીચેનો દુંટી સુધી આવી લાગશે દાંત ઉઘાડા રહી જશે. (અલ્લાહની પનાહ) અને તેમને કહેવામાં આવશે....

૧૬૪. દુનિયામાં.

૧૬૫. તિરમિઝીની હદીષમાં છે કે દોઝખી લોકો જહન્નમના ચોકીદાર માલિકને ચાલીસ વરસો સુધી બુમો મારીને બોલાવતા રહેશે ત્યાર પછી તે જવાબ આપશે કે; તમારે તો દોઝખમાં જ પડી રહેવાનું છે. ત્યાર પછી તેઓ પરવરદિગારને પોકારશે અને કહેશે કે; અય પરવરદિગાર! અમને દોઝખથી મુક્તિ આપ. અને તેમની આ વિનવણી દુનિયાના જીવન કરતાં ડબલ વરસો સુધી ચાલુ રહેશે. ત્યાર પછી તેમને એવો જવાબ આપવામાં આવશે જે આગળની આયતમાં છે, (ખાઝિન) અને દુનિયાનું જીવન કેટલું છે એ વિષે ઘણા મંતવ્યો છે. અમુકે કહ્યું કે; દુનિયાની જિંદગી સાત હજાર વરસની છે અમુકે ત્રણ લાખ સાઠ હજાર વરસ કહ્યાં છે. (વલ્લાહુ તઆલા અઅલમ, તઝકિરા કરતબી)

૧૬૬. હવે તેમની આશાઓ તૂટી પડશે અને આ દોઝખીઓની અંતિમ વાત હશે ફરી ત્યાર બાદ તેમને વાત કરવાનું ભાગ્ય સાંપડશે નહીં, રડતા બુમો પાડતા અને ભસતા રહેશે.

૧૬૭. **શાને નુઝૂલ** :- આ આયતો કુરેશી કાફિરો વિષે ઉતરી જેઓ હઝરત બિલાલ, હઝરત સુહેબ, હઝરત અમ્માર અને હઝરત ખબ્બાબ વિગેરે ગરીબ સહાબાઓની હાંસી ઉડાવતા રહેતા હતા.

૧૬૮. અર્થાત તેમની હાંસી ઉડાડવામાં એટલા મશ્ગૂલ બની ગયા કે...

૧૬૯. અલ્લાહ તઆલાએ કાફિરોને.

૧૭૦. અર્થાત દુનિયામાં અને કબરમાં.

૧૭૧. આવો જવાબ એટલા માટે આપશે કે તે દિવસની દહેશત અને અઝાબની હેબતથી તેમને દુનિયામાં રહેવાની પોતાની મુદ્દત યાદ રહેશે નહિ અને તેઓ શંકામાં પડી જશે એટલા માટે જ તેઓ કહેશે...

૧૭૨. અર્થાત તે ફરિશ્તાઓને જેમને તેં બન્દાઓની ઉંમરો અને તેમના આમાલ (કર્મો) લખવાનું કામ સોંપ્યું છે. ત્યારે અલ્લાહ તઆલાએ...

૧૭૩. આખેરતને જોતાં.

૧૭૪. અને બદલો મેળવવા આખેરતમાં ઉઠવાનું નથી? બલ્કે તમને ઇબાદત માટે સર્જ્યા કે જેથી તમારા માથે ઇબાદત લાગુ પાડીએ અને આખેરતમાં અમારી તરફ પલ્ટીને આવો ત્યારે તમને તમારાં કર્મો નું ફળ આપીએ.

૧૭૫. અર્થાત અલ્લાહ સિવાય અન્યની પૂજા સરાસર ગલત અને આધારહિન છે.

૧૭૬. ઇમાનવાળાઓને.

૧૭૭. સૂરએ નૂર મદની છે, એમાં ૯ રૂકૂઅ અને ૬૪ આયતો છે.

૧૭૮. અને તે મુજબ અમલ કરવાનું બન્દાઓ માટે અનિવાર્ય કર્યું.

૧૭૯. આ સંબોધન હાકેમોને છે કે જે સ્ત્રી કે પુરૂષથી વ્યભિચાર થઇ જાય તેની સજા એ છે કે તેને ૧૦૦ કોરડાઓ મારો. આ સજા સ્વતંત્ર બિન 'મુહસન' ની છે કારણ કે સ્વતંત્ર 'મુહસન' ની સજા એ છે કે તેને સંગસાર કરવામાં આવે. જેમકે હદીષ શરીફમાં વર્ણવાયું છે માઇઝ રદીયલ્લાહુ અન્હૂને નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના હુકમથી સંગસાર કરવામાં આવ્યા હતા. અને 'મુહસન' તે સ્વતંત્ર (ગુલામ ન હોય તે) મુસલમાન કહેવાય છે જેના પર શરીઅતના હુકમો લાગુ પડતા હોય (નાબાલિગ અથવા ગાંડો ન હોય) અને તે સહીહ નિકાહ સાથે સંભોગ કરી ચૂક્યો હોય, ભલે એક જ વખત હોય. એવાથી જ્યારે ઝિના (વ્યભિચાર) થઇ જાય અને તે સાબિત થાય ત્યારે તેને રજમ (સંગસાર, પથ્થરમારો કરી મારી નાખવો) કરવામાં આવે. અને જો એમાંથી એક વાત પણ ઓછી હોય દા. ત. સ્વતંત્ર ન હોય અથવા મુસલમાન ન હોય અથવા સમજદાર ન હોય (ગાંડો હોય) અથવા બાલિગ ન હોય અથવા તેણે કદી પોતાની પત્ની સાથે સંભોગ કર્યો ન હોય અથવા જેની સાથે સંભોગ કર્યો હોય તેની સાથે નિકાહ ફાસિદ (બિન સહીહ) થયો હોય તો એ બધાં 'બિન મુહસન'માં ગણાશે અને એ બધાંની (વ્યભિચાર કરવા બદલની) સજા કોરડા મારવાની છે.

**મસાઇલ** :- પુરૂષને ફટકા મારતી વખતે ઉભો રાખવામાં આવે અને તેહબંદ સિવાય તેનાં બધાં કપડાં કાઢી લેવામાં આવે અને માથા મોઢા તેમજ શર્મગાહ સિવાય તેના આખા શરીર પર ફટકા મારવામાં આવે. ચાબખા એ રીતે મારવામાં આવે કે દુ:ખ માંસ સુધી પહોંચે નહિ અને ચાબખો મધ્યમ કક્ષાનો હોવો જોઇએ.

અને સ્ત્રીને ફટકા મારતી વેળા ઊભી રાખવામાં આવે નહિ અને તેણીનાં કપડાં પણ કાઢવામાં આવશે નહિ, હા! જો જાડો કોટ અથવા રૂ ભરેલાં કપડાં હોય તો કાઢી લેવામાં આવે. આ હુક્મ સ્વતંત્ર સ્ત્રીનો છે અને ગુલામ સ્ત્રીની સજા એનાથી અડધી એટલે કે પચાસ ફટકાઓ છે જેવું કે 'સૂરએ નિસા'માં ફરમાવ્યું છે. ''ઝિનાની સાબિતી'' ચાર પુરૂષોની સાક્ષીથી થાય છે અથવા ઝિના કરનારના ચાર વખતના એકરારથી. છતાં પણ ઇમામ વારંવાર પ્રશ્નો પૂછશે કે ઝિનાથી તારો મતલબ શું છે? ક્યાં કર્યો? કોની સાથે કર્યો? ક્યારે કર્યો? જો આ બધાના જવાબો આપ્યા તો ઝિના સાબિત થયો નહિ તો નહિ. અને સાક્ષીઓને ચોખ્ખે ચોખ્ખી રીતે પોતાનું જોયેલું કહેવું પડશે, એ વગર સાબિતી થશે નહિ.

''લવાતત'' (પ્રકૃતિ વિરૂધ્ધનું કાર્ય પુરૂષનું પુરૂષ સાથે મશ્ગૂલ થવું) ની ગણાત્રી ઝિનામાં થતી નથી એટલે કે એ કાર્ય કરવાથી (ઝિનાની) સજા લાગુ પડતી નથી પણ તઅઝીર' વાજિબ થાય છે અને 'તઅઝીર' બાબત સહાબાનાં અમુક કથનો વર્ણવવામાં આવ્યાં છે (૧) આગમાં બાળી દેવું (૨) ડૂબાડી દેવું (૩) ઊંચાઇ પરથી ગબડાવી ઉપરથી પથ્થરમારો કરવો. ઉભય વ્યક્તિઓનો એક જ હુકમ છે. (તફસીરે અહમદી)

૧૮૦. અર્થાત સજાની બજાવણીમાં કમી કરો નહિ અને દીનની બાબતમાં મજબૂત તેમજ કટ્ટર રહો.

૧૮૧. જેથી બોધ પ્રાપ્ત થાય.

૧૮૨. કારણ કે બદચલનનો ઝોક બદચલન પ્રતિ જ હોય છે નેક માણસોનો બદચાલના લોકો સાથે મેળ બેસતો નથી.

**શાને નુઝૂલ** :- મક્કાથી હિજરત કરીને મદીના જનાર માણસોમાં અમુક તદ્દન ગરીબ હતા. તેમની પાસે ન તો કંઇ માલ દોલત હતી ન તેમનું કોઇ સગું વહાલું હતું. અને ખરાબ ચાલ ચલગતવાળી મુશ્રિક સ્ત્રીઓ ધનાઢય અને માલદાર હતી. એ જોઇને કોઇ મુહાજિરને વિચાર થયો કે જો તેણીઓ સાથે નિકાહ કરી લેવામાં આવે તો તેણીઓની દોલત ઉપયોગમાં આવે. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે તેમણે એની પરવાનગી માંગી. ત્યારે આ આયત ઉતરી અને તેમને એવું કરવાથી રોકી દેવામાં આવ્યા.

૧૮૩. અર્થાત ખરાબ ચાલ ચલગતવાળાઓ સાથે નિકાહ કરવા.

૧૮૪. ઇસ્લામના આરંભમાં વ્યભિચારી સ્ત્રી સાથે નિકાહ કરવા હરામ હતા પાછળથી ''વન્કહુલ અયામા મિન્કુમ''વાળી આયત દ્વારા મન્સૂખ કરવામાં આવ્યું.

૧૮૫. આ આયતથી અમુક મસાઇલ સાબિત થયા.

**મસઅલો** :- જે માણસ કોઇ નિર્દોષ પુરૂષ અથરા સ્ત્રી પર ઝિનાનો આરોપ મૂકે અને તે બાબત ચાર દર્શનિય સાક્ષીઓ રજુ કરે નહિ તો તેના પર હદ (સજા) વાજિબ થાય છે અને એની સજા એંસી ચાબખાઓ છે. આયતમાં 'મુહસનાત' (પાકદામન સ્ત્રીઓ)નો શબ્દ ખાસ બનાવને અનુલક્ષીને આવ્યો છે અથવા એટલા માટે કે સ્ત્રીઓ પર આરોપ (પુરૂષો કરતાં) વધારે મૂકાય છે.

**મસઅલો** :- અને એવા લોકો જેઓ ઝિનાનો આરોપ મૂકવા બદલ સજા મેળવી ચૂકેલા હોય અને તેમના પર શિક્ષા લાગુ થઇ ચૂકી હોય તેઓ 'મરદુદુશ-શહાદત' (સાક્ષી બનાવવા માટે અપાત્ર) બની જાય છે તેમની ગવાહી કદી સ્વીકારાશે નહિ. નિર્દોષ અને પાકદામનનો મતલબ એ કે મુસલમાન હોય શરીઅતના હુક્મ તેના પર લાગુ પડતા હોય સ્વતંત્ર અને ઝિનાથી પાક હોય.

**મસઅલો** :- ઝિનાની ગવાહીની મર્યાદા ચાર ગવાહો છે.

**મસઅલો** :- આરોપની સજા (હદ્દે કઝફ) માટે માગણી જરૂરી છે. જેના પર તોહમત મૂકવામાં આવી

إِلَّا الَّذِينَ تَابُوا مِنۢ بَعْدِ ذَٰلِكَ وَأَصْلَحُوا فَإِنَّ اللَّهَ
غَفُورٌ رَّحِيمٌ ﴿٥﴾ وَالَّذِينَ يَرْمُونَ أَزْوَاجَهُمْ وَلَمْ يَكُن
لَّهُمْ شُهَدَاءُ إِلَّا أَنفُسُهُمْ فَشَهَادَةُ أَحَدِهِمْ أَرْبَعُ
شَهَادَاتٍ بِاللَّهِ إِنَّهُ لَمِنَ الصَّادِقِينَ ﴿٦﴾ وَالْخَامِسَةُ
أَنَّ لَعْنَتَ اللَّهِ عَلَيْهِ إِن كَانَ مِنَ الْكَاذِبِينَ ﴿٧﴾
الربع وَيَدْرَأُ عَنْهَا الْعَذَابَ أَن تَشْهَدَ أَرْبَعَ شَهَادَاتٍ
بِاللَّهِ إِنَّهُ لَمِنَ الْكَاذِبِينَ ﴿٨﴾ وَالْخَامِسَةَ أَنَّ غَضَبَ
اللَّهِ عَلَيْهَا إِن كَانَ مِنَ الصَّادِقِينَ ﴿٩﴾ وَلَوْلَا فَضْلُ
اللَّهِ عَلَيْكُمْ وَرَحْمَتُهُ وَأَنَّ اللَّهَ تَوَّابٌ حَكِيمٌ ﴿١٠﴾ ع
إِنَّ الَّذِينَ جَاءُوا بِالْإِفْكِ عُصْبَةٌ مِّنكُمْ ۚ لَا
تَحْسَبُوهُ شَرًّا لَّكُم ۖ بَلْ هُوَ خَيْرٌ لَّكُمْ ۚ لِكُلِّ امْرِئٍ

**પણ જેઓ એ પછી તવબહ કરી લે અને સુધરી જાય[૧૮૬] તો બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૫) અને તે જેઓ પોતાની પત્નીઓ પર આરોપ મૂકે[૧૮૭] અને તેમની પાસે પોતાની જુબાની સિવાય સાક્ષી ન હોય તો એવા કોઇની ગવાહી એ છે કે; ચાર વાર ગવાહી આપે અલ્લાહના નામથી કે તે સાચો છે[૧૮૮] (૬) અને પાંચમી (વાર) એ કે; જો તે જૂઠો હોય તો તેના પર અલ્લાહની લઅનત (૭) અને ઓરત પરથી એ રીતે સજા ટળી જશે કે તેણી અલ્લાહનું નામ લઇને ચાર વખત ગવાહી આપે કે પુરૂષ જૂઠો છે[૧૮૯] (૮) અને પાંચમી (વખત) એ કે; સ્ત્રી પર અલ્લાહ નો કે'ર જો પુરૂષ સાચો હોય તો[૧૯૦] (૯) અને જો કૃપા અલ્લાહની અને તેની રહમત તમારા પર હોત નહિ (તો તે તમારો ભેદ ખોલી નાખત) અને એ કે અલ્લાહ તવબહ કબૂલ કરતો હિકમતવાળો છે (૧૦) બેશક ! તેઓ જે આ મહા આક્ષેપ લાવ્યા છે (તેઓ) તમારામાંનું જ એક ટોળું છે[૧૯૧]. એને પોતાના માટે ખરાબ સમજો નહિ બલ્કે એ તમારા માટે સારૂં છે.[૧૯૨] એમાંથી દરેક માણસ માટે તે ગુનોહ છે જે તે કમાયો.[૧૯૩]**

છે. તે જો માંગણી કરે નહીં તો કાઝી માટે સજાનુ ફર્માન કરવું જરૂરી નથી.

**મસઅલો** :- માંગણીનો હક તેને જ છે જેના પર તોહમત મૂકવામાં આવી હોય જો તે જીવંત હોય તો. અને જો મરી ગયું હોય તો તેના પુત્ર અને પૌત્રને પણ છે.

**મસઅલો** :- ગુલામ પોતાના માલિક પર અને પુત્ર પોતાના બાપ પર તોહમતનો દાવો માંડી શકતો નથી.

**મસઅલો** :- કઝફ (ઝિનાનો આરોપ) ના શબ્દો આ મુજબ છે કે તે કોઇને સ્પષ્ટ રીતે અય ઝાની (વ્યભિચારી) કહે અથવા એવું કહે કે તુ તારા બાપની ઔલાદ નથી અથવા તેના બાપનું નામ લઇને કહે કે; તુ ફલાણાની ઔલાદ નથી અથવા તેને વ્યભિચારી સ્ત્રીની ઔલાદ કહીને બોલાવે અને તેની માં પાકદામન હોય. તો એવો માણસ કાઝિફ (ઝિનાની તોહમત મૂકનાર) કહેવાશે અને તેના પર તોહમતની સજા લાગુ પડશે.

**મસઅલો** :- જો બિન મુહસનને ઝિનાની તોહમત લગાડી દા. ત. કોઇ ગુલામ અથવા કાફિર અથવા એવા માણસને જેનું કદી ઝિના કરવું સાબિત થઇ ચૂકયું હોય તો એવા માણસ પર તોહમત મૂકવાની સજા લાગુ થશે નહિ બલ્કે તેના પર 'તઅઝીર' વાજિબ થશે, અને 'તઅઝીર' એ છે કે શરીઅત મુજબનો હાકેમ ત્રણથી ઓગણચાલીસ સુધીની સંખ્યામાંથી જે નક્કી કરે તેટલા ચાબખાઓ ફટકારવા. એવી જ રીતે જો કોઇએ ઝિના સિવાય બીજા કોઇ ખરાબ કામની તોહમત મૂકી અને પાકદામન મુસલમાનને અય કાફિર ! અય ખબીષ ! અય ચોર ! અય બદકાર ! અય હિજડા ! અય બદદાનત ! અય લૂતી ! (પ્રકૃતિ વિરૂદ્ધ કાર્ય

કરનાર) અય નાસ્તિક ! અય દય્યૂસ ! (પોતાના ઘરની સ્ત્રીઓની શરીઅત વિરૂધ્ધ વર્તણુકથી રાજી રહેનાર) અય દારૂડીઆ ! અય વ્યાજ ખાઉં ! અય ખરાબ ચાલ ચલગતની સ્ત્રીના દીકરા ! અય હરામી! આ પ્રકારના શબ્દો કહ્યા તો પણ તેના પર 'તઅઝીર' વાજિબ થશે.

**મસઅલો** :- ઇમામ એટલે શરીઅત મુજબના હાકેમને અને તેને જેના પર તોહમત મૂકવામાં આવી છે સાબિત થાય ત્યાર પહેલાં માફ કરી દેવાનો હક્ક છે.

**મસઅલો** :- જો તોહમત લગાડનાર સ્વતંત્ર નથી બલ્કે ગુલામ છે તો તેને ચાલીસ ફટકાઓ મારવામાં આવશે.

**મસઅલો** :- તોહમત મૂકવાના ગુનાહ બદલ જેને સજા કરવામાં આવી હોય તેની ગવાહી કોઇ પણ બાબતમાં વિશ્વાસપાત્ર નથી ભલે પછી તેણે તવબહ કરી હોય. પણ રમઝાનનો ચાંદ જોવા બાબત તવબહ કરી હોય અને પરહેઝગાર હોય તો તેની વાત માનવામાં આવશે, કારણ કે હકીકતમાં એ ગવાહી નથી એટલા માટેજ એમાં ગવાહીનો શબ્દ અને ગવાહીની સંખ્યા મર્યાદા જરૂરી નથી.

૧૮૬. પોતાની હાલત અને પાતાનાં કર્મોને સુધારી લે.

૧૮૭. વ્યભિચારનો.

૧૮૮. ઓરત પર વ્યભિચારનો આરોપ મૂકવામાં.

૧૮૯. તેણી પર વ્યભિચારનો આરોપ મૂકવામાં.

૧૯૦. આને ''લિઆન'' કહે છે.

**મસઅલો** :- જ્યારે પુરૂષ પોતાની પત્ની પર ઝિનાનો આરોપ મૂકે ત્યારે જો પુરૂષ અને સ્ત્રી બન્ને ગવાહી આપવા લાયક હોય અને સ્ત્રી એ બાબત માંગણી કરે ત્યારે પુરૂષ પર લિઆન વાજિબ થાય છે જો તે લિઆન કરવાનો ઇન્કાર કરે તો તેને લિઆન કરે નહિ અથવા પોતાના જૂઠનો એકરાર કરે નહિ ત્યાં સુધી કેદમાં પુરવામાં આવશે અને જો જૂઠનો એકરાર કરી લેશે તો તેને ''કઝફ'' (પાક દામન પર તોહમત મૂકવી) ની સજા ફટકારવામાં આવશે જેનું બયાન ઉપર થઇ ચૂક્યું છે અને જો લિઆન કરવા માંગે તો તેને ચાર વખત અલ્લાહની કસમ ખાઇને કહેવુ પડશે કે; તે આ સ્ત્રી પર ઝિનાની તોહમત મૂકવામાં સાચો છે. અને પાંચમી વખતે એવું કહેવું પડશે કે; જો હું આ ઇલ્ઝામ લગાડવામાં જૂઠો હોવું તો મારા પર અલ્લાહ ની લઅનત. આટલું કર્યા પછી પુરૂષ પરથી કઝફની સજા ટળી જશે અને સ્ત્રી પર લિઆન વાજિબ થશે ઇન્કાર કરશે તો કેદમાં પુરવામા આવશે ત્યાં સુધી કે લિઆન કરવાનું મંજૂર કરે અથવા પતિએ જે ઇલ્ઝામ લગાડયો છે તે સાચો હોવાની મંજૂરી આપે. જો પતિનો ઇલ્ઝામ સાચો હોવાનું કબૂલશે તો તેણીને ઝિનાની જે સજા છે તે કરવામાં આવશે. અને જો લિઆન કરવા માંગે તો તેણીએ ચાર વખત અલ્લાહની કસમ ખાઇને કહેવું પડશે કે; પુરૂષ તેણી પર ઝિનાનો આરોપ મૂકવામાં જૂઠો છે. અને પાંચમી વાર એવું કહેવું પડશે કે; જો પુરૂષ એ આરોપ મૂકવામાં સાચો હોય તો મારા પર અલ્લાહનો ગઝબ થાય. આટલું કહ્યા પછી સ્ત્રી ઝિનાની સજામાંથી બચી જશે. અને લિઆન પછી જો હાકેમ બન્નેમાં છુટા છેડા કરી આપશે તો બન્ને માં છુટાછેડા થઇ જશે જો નહિ તો નહિ. અને એ છુટાછેડા પર તલાકે બાઇનનો હુક્મ લાગુ પડશે. અને જો પુરૂષ ગવાહી આપવા લાયક ન હોય દા.ત. ગુલામ હોય કે કાફિર અથવા તે ''કઝફ''ની સજા પામી ચૂકેલો હોય તો લિઆન નહિ થાય અને તોહમત લગાડવા બદલ પુરૂષને ''કઝફ''ની સજા ફટકારવામાં આવશે. અને જો પુરૂષ તો ગવાહી આપવાને પાત્ર હોય પણ સ્ત્રીમાં એ પાત્રતા ન હોય એવી રીતે કે તેણી ગુલામડી

હોય અથવા કાફિરા હોય અથવા તે કઝફની સજા પામી ચૂકેલી હોય અથવા સગીરવયની હોય અથવા ગાંડી હોય અથવા વ્યભિચારી હોય તો એવી પરિસ્થિતિમાં પુરૂષને ન તો સજા થશે ન તો લિઆન કરાશે.

**શાને નુઝૂલ** :- આ આયત એક સહાબી વિષે ઉતરી જેમણે નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પૂછયું હતું કે; જો પતિ પોતાની પત્નીને ઝિના કરાવતી જુએ તો શું કરે? કારણ કે તે સમયે ગવાહો ઢુંઢવાની ફુરસદ હોતી નથી અને ગવાહી વગર તે એ વાત કહી પણ શકતો નથી કારણ કે તેને કઝફની સજાની બ્હીક હોય છે. ત્યારે આ આયતે કરીમા ઉતરી અને લિઆનનો હુક્મ આપવામાં આવ્યો.

૧૯૧. મહા આક્ષેપનો નિર્દેશ હઝરત ઉમ્મુલ મો'મિનીન આઇશા સિદ્દીકા રદીયલ્લાહુ અન્હા પર જે બોહતાન મૂકવામાં આવ્યું હતું તે તરફ છે. હી.સ. ૫ માં બની મુસ્તલકની લડાઇમાંથી પાછા ફરતાં મદીના ની નજીક એક જગ્યાએ લશ્કરના કાફલાએ પડાવ નાંખ્યો. ત્યારે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઇશા સિદ્દીકા રદીયલ્લાહુ અન્હા જરૂરત અંગે કોઇ એકાંત સ્થાને પધાર્યાં ત્યાં આપનો હાર તૂટી ગયો તેને ઢુંઢવામાં લાગી ગયાં. પેલી બાજુ કાફલો ચાલુ થઇ ગયો અને આપાનો કાઠલો ઊંટ પર બાંધી દેવામાં આવ્યો અને તેમને (કાઠલાની ચારે બાજુ પરદો હોવાથી) એમ જ લાગ્યું કે ઉમ્મુલ મુઅમિનીન તેની અંદર જ છે. કાફલો રવાના થઇ ગયો. આપ પાછળથી આવ્યાં અને કાફલો જ્યાં હતો તે જગ્યાએ બેઠાં અને એવો વિચાર કર્યો કે કાફલો મને ઢુંઢવા માટે જરૂર પાછો આવશે (હવે તે સમયના રિવાજ અનુસાર) કાફલાની પાછળ પડેલી રહી ગએલી વસ્તુઓ ઉપાડી લાવવા માટે એક માણસ રહેતો હતો. આ સમયે એ કામ માટે હઝર સફવાન રોકાયા હતા જ્યારે તેઓ આવ્યા અને આપને જોયાં ત્યારે જોરથી ઇન્ના લિલ્લાહિ વઇન્ના ઇલયહિ રાજિઊન પઢયા. આપે કપડા વડે પરદો કરી લીધો. તેમણે પોતાની ઊંટણી બેસાડી આપ તેના પર બેસીને લશ્કરમાં પહોંચ્યાં. કાળા દિલના મુનાફિકોએ અયોગ્ય અફવાઓ ફેલાવી અને આપની શાનમાં બદગોઇ શરૂ કરી. અમુક મુસલમાનો પણ તેમની ચાલબાજીમાં ફસાયા અને તેમના મુખેથી પણ કોઇ અયોગ્ય શબ્દો નીકળ્યા. ઉમ્મુલ મો'મિનીન બીમાર પડયાં હતાં અને એક મહીના સુધી બીમાર રહ્યાં. એ સમય દરમ્યાન આપને ખબર થઇ નહિ કે મુનાફિકો આપની બાબત શું બકી રહ્યા છે. એક દિવસે ઉમ્મે મસ્તહ મારફતે આપને એની ખબર પડી અને એના લીધે આપની બીમારી ઓર વધી ગઇ અને એના આઘાતથી એટલું રડયાં કે એક સેકંડવાર પણ આપનાં આંસુઓ બંધ રહેતાં ન હતાં અને ન તો સેકંડવાર ઊંઘ આવતી હતી. એવી પરિસ્થિતિમાં સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર વહી ઉતરી અને હઝરત ઉમ્મુલ મો'મિનીનની પવિત્રતા વિષે આ આયતો ઉતરી અને આપની બુઝુર્ગી અને મરતબો અલ્લાહે એટલો વધાર્યો કે કુરઆન શરીફની ઘણી આયતોમાં આપની પવિત્રતા વર્ણવવામાં આવી. એ સમય દરમ્યાન હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મિમ્બર પર ઉભા રહીને કસમ સાથે ફરમાવી દીધું હતું કે; 'મને મારા ઘરનાંની પવિત્રતા અને ખૂબીની પુરેપુરી ખાત્રી છે તો જે માણસે તેમની બાબત બદગોઇ કરી છે તેના તરફથી મારી પાસે કોઇ માફી માંગી શકે છે?' હઝરત ઉમરે ફરમાવ્યું કે; મુનાફિકો ખરેખર જૂઠા છે અને ઉમ્મુલ મો'મિનીન ખાત્રી પૂર્વક નિર્દોષ છે. અલ્લાહ તઆલાએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના પાક શરીરને માખી બેસે તેનાથી પણ જાળવ્યું છે કારણ કે માખી નાપાકી પર બેસે છે તો પછી એ કેમ કરી બની શકે કે તે આપને ખરાબ ઓરતની સોહબતથી જાળવે નહિ?' હઝરત ઉસ્માન રદીયલ્લાહુ અન્હૂએ પણ એ રીતે જ આપની પવિત્રતા વર્ણાવી અને કહ્યું કે; 'અલ્લાહ તઆલાએ આપનો પડછાયો જમીન પર પડવા દીધો નથી કે જેથી તે પડછાયા પર કોઇનો પગ પડે નહિ, તો જે પરવરદિગાર આપના પડછાયાને કોઇનો પગ પડવાથી

**અને એમનામાં તે જેણે મહા ભાગ ભજવ્યો[૧૯૪] તેના માટે મહાન અઝાબ છે[૧૯૫] (૧૧) કેમ (એવું) બન્યું નહિ જ્યારે (કે) તમે એ સાંભળ્યું કે મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓએ પોતાનાઓ પર નેક અભિપ્રાય ધરાવ્યો હોત[૧૯૬] ? અને કહે કે ; આ ખુલ્લું બોહતાન છે[૧૯૭] (૧૨) એ બાબત ચાર સાક્ષીઓ કેમ રજુ કર્યા નહિ ? તો જ્યારે સાક્ષીઓ રજુ કર્યા નહિ તો તેઓ જ અલ્લાહ સમક્ષ જૂઠા છે (૧૩) અને જો અલ્લાહની કૃપા અને તેની રહમત તમારા પર દુનિયા અને આખેરતમાં હોત નહિ[૧૯૮] તો જે ચર્ચામાં તમે પડયા તે બદલ તમને મહાન અઝાબ લાધત (૧૪) જ્યારે તમે એવી વાત પોતાની જીભો પર એક બીજા પાસેથી સાંભળીને લાવતા હતા અને પોતાના મોઢે થી તે (વાત) કાઢતા હતા જેની જાણ તમને નથી અને એને સહેલું સમજતા હતા.[૧૯૯] અને એ અલ્લાહ પાસે મહાન વાત છે[૨૦૦] (૧૫) અને (એવું) કેમ બન્યું નહિ કે જ્યારે તમે સાંભળ્યું ત્યારે કહ્યું હોત કે ; 'આવી વાત કરવાનો આપણને હક્ક નથી[૨૦૧], ઇલાહી ! તને પવિત્રતા છે[૨૦૨], આ (તો) મહા આરોપ છે' (૧૬)**



مِنْهُم مَّا اكْتَسَبَ مِنَ الْإِثْمِ وَالَّذِي تَوَلَّىٰ كِبْرَهُ
مِنْهُمْ لَهُ عَذَابٌ عَظِيمٌ ﴿١١﴾ لَّوْلَا إِذْ سَمِعْتُمُوهُ ظَنَّ
الْمُؤْمِنُونَ وَالْمُؤْمِنَاتُ بِأَنفُسِهِمْ خَيْرًا وَقَالُوا هَٰذَا إِفْكٌ
مُّبِينٌ ﴿١٢﴾ لَّوْلَا جَاءُوا عَلَيْهِ بِأَرْبَعَةِ شُهَدَاءَ ۚ فَإِذْ لَمْ
يَأْتُوا بِالشُّهَدَاءِ فَأُولَٰئِكَ عِندَ اللَّهِ هُمُ الْكَاذِبُونَ ﴿١٣﴾
وَلَوْلَا فَضْلُ اللَّهِ عَلَيْكُمْ وَرَحْمَتُهُ فِي الدُّنْيَا وَالْآخِرَةِ
لَمَسَّكُمْ فِي مَا أَفَضْتُمْ فِيهِ عَذَابٌ عَظِيمٌ ﴿١٤﴾ إِذْ
تَلَقَّوْنَهُ بِأَلْسِنَتِكُمْ وَتَقُولُونَ بِأَفْوَاهِكُم مَّا
لَيْسَ لَكُم بِهِ عِلْمٌ وَتَحْسَبُونَهُ هَيِّنًا وَهُوَ عِندَ
اللَّهِ عَظِيمٌ ﴿١٥﴾ وَلَوْلَا إِذْ سَمِعْتُمُوهُ قُلْتُم مَّا يَكُونُ لَنَا
أَن نَّتَكَلَّمَ بِهَٰذَا سُبْحَانَكَ هَٰذَا بُهْتَانٌ عَظِيمٌ ﴿١٦﴾

સાચવે છે તો કેવી રીતે શકય છે કે તે આપના ઘરનાંને સાચવે નહીં?' હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે; 'એક જૂ નું લોહી લાગી જવાના કારણે અલ્લાહ આપને પગરખાં મુબારક કાઢી નાખવાનો હુક્મ આપ્યો તો જે પરવરદિગાર આપનાં પગરખાં મુબારકની જરા જેટલી ગંદકીને ચલાવી લે નહિ તો પછી શકય જ નથી કે તે આપનાં ઘરનાંની આલુદગીને ચલાવી લે' આવી જ રીતે ઘણા સહાબીઓ તેમજ સ્ત્રીઓએ કસમો ખાધી. અને આયત ઉતરતાં પહેલાં જ ઉમ્મુલ મુઅમિનીન તરફથી (લોકોનાં) દિલો વિશ્વાસથી ભરપૂર હતાં, આયતના ઉતરાણે આપની ઇજ્જત અને શ્રેષ્ઠતાને ઓર વધાર્યાં, માટે બદગોઇ કરનારાઓની બદગોઇ અલ્લાહ અને રસૂલ અને મહાન સહાબીઓ સમક્ષ જૂઠી છે અને બદગોઇ કરનારાઓ માટે ઘણી સખત મુસીબત છે.

૧૯૨. કે અલ્લાહ તઆલા આપને એનો બદલો આપશે અને હઝરત ઉમ્મુલ મો'મિનીનની શાન અને પવિત્રતા જાહેર કરશે. જેમકે એ પવિત્રતા બાબત તેણે અઢાર આયતો ઉતારી.

૧૯૩. અર્થાત તેના કર્મ અનુસાર, કે કોઇએ તો તોફાન ખડું કર્યું, કોઇએ બોહતાન મૂકનારને જીભ વડે ટેકો આપ્યો હોય, હસ્યો હોઇ, એ ચુપકીદીપૂર્વક સાંભળી લીધું જેણે જેવું કર્યું તેવો બદલો તે પામશે.

૧૯૪. કે પોતાના દિલથી એ બોહતાન ઉપજાવી કાઢયું અને એનો ફેલાવો કરતો રહયો, અને તે અબ્દુલ્લાહ ઇબ્ને ઉબય ઇબ્ને સલૂલ મુનાફિક હતો.

૧૯૫. આખેરતમાં. વર્ણવવામાં આવ્યું છે કે આ બોહતાન લગાડનારાઓને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના હુકમથી સજા કરવામાં આવી અને એંસી એંસી ચાબખાઓ ફટકારવામાં આવ્યા.

يَعِظُكُمُ اللّٰهُ اَنْ تَعُوْدُوْا لِمِثْلِهٖۤ اَبَدًا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٧﴾
وَيُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿١٨﴾ اِنَّ الَّذِيْنَ
يُحِبُّوْنَ اَنْ تَشِيْعَ الْفَاحِشَةُ فِى الَّذِيْنَ اٰمَنُوْا لَهُمْ
عَذَابٌ اَلِيْمٌ ۙ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ ؕ وَاللّٰهُ يَعْلَمُ وَاَنْتُمْ
لَا تَعْلَمُوْنَ ﴿١٩﴾ وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ
وَاَنَّ اللّٰهَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿٢٠﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّبِعُوْا
خُطُوٰتِ الشَّيْطٰنِ ؕ وَمَنْ يَّتَّبِعْ خُطُوٰتِ الشَّيْطٰنِ فَاِنَّهٗ
يَاْمُرُ بِالْفَحْشَآءِ وَالْمُنْكَرِ ؕ وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ
وَرَحْمَتُهٗ مَا زَكٰى مِنْكُمْ مِّنْ اَحَدٍ اَبَدًا ۙ وَّلٰكِنَّ اللّٰهَ
يُزَكِّىْ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢١﴾ وَلَا يَاْتَلِ
اُولُوا الْفَضْلِ مِنْكُمْ وَالسَّعَةِ اَنْ يُّؤْتُوْۤا اُولِى الْقُرْبٰى

**અલ્લાહ તમને શિખામણ આપે છે કે હવે કદી આવું કહેશો નહિ જો ઇમાન ધરાવતા હોવ (તો) (૧૭) અને અલ્લાહ તમારા માટે આયતો સ્પષ્ટ બયાન ફરમાવે છે. અને અલ્લાહ ઇલ્મ અને હિકમતવાળો છે (૧૮) તે લોકો જેઓ ઇચ્છે છે કે મુસલમાનોમાં અનિષ્ટ પ્રસરે તેમના માટે દર્દનાક અઝાબ છે દુનિયા[૨૦૩] અને આખેરતમાં[૨૦૪]. અને અલ્લાહ જાણે છે[૨૦૫] અને તમે જાણતા નથી (૧૯) અને જો અલ્લાહની કૃપા અને તેની રહમત તમારા પર હોત નહિ (તો તમે એનું ફળ ચાખત)[૨૦૬] અને એ કે અલ્લાહ તમારા પર મહેરબાન કૃપાળુ છે (૨૦) અય ઇમાનવાળાઓશયતાનના પગલે ચાલો નહિ અને જે શયતાનના પગલે ચાલે તો તે તો નિર્લજ્જતા અને ખરાબ વાત જ દેખાડશે.[૨૦૭] અને જો અલ્લાહની કૃપા અને તેની રહમત તમારા પર હોત નહિ તો તમારા માં કોઇ પણ કદી સ્વચ્છ રહી શકત નહિ[૨૦૮], હા! અલ્લાહ જેને ઇચ્છે તેને સ્વચ્છ કરી આપે છે[૨૦૯], અને અલ્લાહ સાભળતો જાણતો છે (૨૧) અને જેઓ તમારામાં શ્રેષ્ઠતા વાળા[૨૧૦] અને ગુંજાઇશવાળા[૨૧૧] છે તેઓ સગાંઓ અને**

૧૯૬. કારણ કે મુસલમાનને એવો જ હુક્મ છે કે મુસલમાન વિષે નેક અભિપ્રાય ધરાવે અને ખરાબ ધારણાઓની મનાઇ છે. અમુક ભટકી ગએલા અને નિડર લોકો એવું ભસી મારે છે કે; મુઆઝલ્લાહ આ બાબત હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને બદગુમાની થઇ ગઇ હતી. તેઓ આક્ષેપ મૂકનાર અને જૂઠા છે અને શાને રિસાલતમાં એવી વાત બકે છે જે બીજા ઇમાનવાળાઓને પણ કહેવા લાયક નથી. અલ્લાહ તઆલા ઇમાનવાળાઓને ફરમાવે છે કે; તમે નેક ગુમાન કેમ કર્યું નહિ ? તો પછી કેમ કરી શકય હોય શકે કે હુઝૂર પોતે જ બદગુમાની કરે. અને હુઝૂર વિષે બદગુમાનીનો શબ્દ બોલવો એ હૃદયની મહાન કાળાશ જાહેર કરે છે ખાસ કરીને એવી પરિસ્થિતિમાં જ્યારે કે બુખારી શરીફની હદીષમાં છે કે; હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કસમ સાથે ફરમાવ્યું કે; હું જાણું છું કે મારાં ઘરનાં પવિત્ર છે. જેમકે ઉપર ગુજર્યું.

**મસઅલો** :- આથી જણાયું કે મુસલમાન વિષે બદગુમાની કરવી નાજાઇઝ છે અને જ્યારે કોઇ નેક વ્યક્તિ પર તોહમત મૂકવામાં આવે ત્યારે સાબિતી વગર તેની સાથે સંમંત થવું અને તેને ટેકો આપવો મુસલમાન માટે જાઇઝ નથી.

૧૯૭. તદ્દન જૂઠ અને અસ્તિત્વહિન છે.

૧૯૮. અને તમારા પર કૃપા અને મહેરબાની કરવાની ઇચ્છા હોત નહિ. જે પૈકી તવબહની તક આપવી અને આખેરતમાં માફી આપવી પણ છે.

૧૯૯. અને ધારતા હતા કે તેમાં (કોઇ) મોટો ગુનોહ નથી.

૨૦૦. મહાન ગુનોહ છે.

ગરીબો અને અલ્લાહના માર્ગમાં હિજરત કરનારાઓને (કંઇક) આપવા (બાબત)થી કસમ ખાય નહિ, અને જોઇએ કે માફ કરે અને દરગુજર કરે. શું તમને એ ગમતું નથી કે અલ્લાહ તમારી બખ્શિશ કરે ? અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[૨૧૨]. (૨૨) બેશક ! તે જેઓ એબ લગાડે છે અંજાણ[૨૧૩] પાકદામન ઇમાનવાળીઓને [૨૧૪], તેમના પર દુનિયા અને આખેરતમાં લઅનત છે, અને તેમના માટે મહાન અઝાબ છે[૨૧૫] (૨૩) જે દિવસે[૨૧૬] તેમની વિરૂધ્ધ તેમની જીભો[૨૧૭] સાક્ષી આપશે અને તેમના હાથો અને તેમના પગો (સાક્ષી આપશે એ બાબત કે તેઓ) જે કંઇ કરતા હતા (૨૪) તે દિવસે અલ્લાહ તેમની સાચી સજા પુરેપુરી આપશે[૨૧૮] અને જાણી લેશે કે અલ્લાહ જ સ્પષ્ટ સત્ય છે[૨૧૯] (૨૫) ગંદીઓ ગંદાઓ માટે અને ગંદાઓ ગંદીઓ માટે[૨૨૦] અને સ્વચ્છતાવાળીઓ સ્વચ્છતાવાળાઓ માટે અને સ્વચ્છતાવાળાઓ સ્વચ્છતાવાળીઓ માટે[૨૨૧], તેઓ પવિત્ર છે તે વાતો થી જે આ[૨૨૨] લોકો કહી રહ્યા છે, તેમના માટે બખ્શિશ અને ઇજ્જતની રોજી છે[૨૨૩] (૨૬)

قد افلح ١٨ — النور ٢٤

وَالْمَسٰكِيْنَ وَالْمُهٰجِرِيْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ ۖ وَلْيَعْفُوْا
وَلْيَصْفَحُوْا ؕ اَلَا تُحِبُّوْنَ اَنْ يَّغْفِرَ اللّٰهُ لَكُمْ ؕ وَاللّٰهُ
غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٢﴾ اِنَّ الَّذِيْنَ يَرْمُوْنَ الْمُحْصَنٰتِ
الْغٰفِلٰتِ الْمُؤْمِنٰتِ لُعِنُوْا فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ
وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿٢٣﴾ يَّوْمَ تَشْهَدُ عَلَيْهِمْ اَلْسِنَتُهُمْ
وَاَيْدِيْهِمْ وَاَرْجُلُهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٢٤﴾
يَوْمَئِذٍ يُّوَفِّيْهِمُ اللّٰهُ دِيْنَهُمُ الْحَقَّ وَيَعْلَمُوْنَ
اَنَّ اللّٰهَ هُوَ الْحَقُّ الْمُبِيْنُ ﴿٢٥﴾ اَلْخَبِيْثٰتُ لِلْخَبِيْثِيْنَ
وَالْخَبِيْثُوْنَ لِلْخَبِيْثٰتِ ۚ وَالطَّيِّبٰتُ لِلطَّيِّبِيْنَ
وَالطَّيِّبُوْنَ لِلطَّيِّبٰتِ ۚ اُولٰٓئِكَ مُبَرَّءُوْنَ مِمَّا
يَقُوْلُوْنَ ؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ﴿٢٦﴾

૨૦૧. આ આપણા માટે જાઇઝ નથી કારણ કે આવું બની શકે જ નહિ.

૨૦૨. એનાથી કે તારા નબીની આબરૂને ગંદકી લાગે.

**મસઅલો** :- કોઇ નબીની પત્ની બદકાર હોય એ શકય જ નથી, જો કે તેણીનું કુફ્રમાં સડોવાવું શક્ય છે. કારણ કે નબીઓ કાફિરો તરફ મોકલવામાં આવે છે તો જરૂરી છે કે જે વસ્તુ કાફિરોની દ્રષ્ટિએ પણ ઘૃણાજનક હોય તેનાથી તેઓ પાક હોય અને સ્પષ્ટ છે કે સ્ત્રીનું બદચલન હોવું તેમની દ્રષ્ટિએ ઘૃણાપાત્ર છે. (કબીર વિ.)

૨૦૩. અર્થાત આ જગતમાં. અને તે સજા પામવી છે જેમકે ઇબ્ને ઉબય અને હસ્સાન અને મિસ્તહને સજા ફટકારવામાં આવી. (મદારિક)

૨૦૪. દોઝખ. જો તવબહ કર્યા વગર મરી જાય તો.

૨૦૫. દિલોના ભેદ.

૨૦૬. અને અલ્લાહનો અઝાબ તમને મહેતલ આપત નહિ.

૨૦૭. તેના વસવસાઓમાં ફસાશો નહિ અને બોહતાન મૂકનારાઓની વાતોને કાન પર લો નહિ.

૨૦૮. અને અલ્લાહ તેને તવબહ અને સદકર્મોની તવફીક આપત નહિ અને માફી તેમજ દરગુજર કરત નહિ.

૨૦૯. તવબહ કબૂલ કરીને.

૨૧૦. અને દીનમાં મરતબાવાળા છે.

يا ايها الذين امنوا لا تدخلوا بيوتا غير بيوتكم
حتى تستانسوا وتسلموا على اهلها ذلكم خير
لكم لعلكم تذكرون (٢٧) فان لم تجدوا فيها احدا
فلا تدخلوها حتى يؤذن لكم وان قيل لكم ارجعوا
فارجعوا هو ازكى لكم والله بما تعملون عليم (٢٨) ليس
عليكم جناح ان تدخلوا بيوتا غير مسكونة فيها
متاع لكم والله يعلم ما تبدون وما تكتمون (٢٩)
قل للمؤمنين يغضوا من ابصارهم ويحفظوا
فروجهم ذلك ازكى لهم ان الله خبير بما
يصنعون (٣٠) وقل للمؤمنت يغضضن من ابصارهن
ويحفظن فروجهن ولا يبدين زينتهن

**અય ઇમાનવાળાઓ ! પોતાનાં ઘરો સિવાય બીજાં ઘરોમાં જાઓ નહિ જ્યાં સુધી કે રજા મેળવી લો નહિ[૨૨૪] અને તેમાં રહેનારાઓને સલામ કરી લો નહિ.[૨૨૫] આ તમારા માટે સારૂં છે કે (જેથી) તમે યાદ રાખો (૨૭) પછી જો તેમાં કોઇને ભાળો નહિ[૨૨૬] તો પણ માલિકોની પરવાનગી વગર તેમાં ન જાઓ[૨૨૭]. અને જો તમને કહેવામાં આવે કે ; 'પાછા જાઓ' તો પાછા જાવ[૨૨૮]. આ તમારા માટે ઘણું સ્વચ્છ છે. અલ્લાહ તમારાં કામોને જાણે છે (૨૮) એમાં તમારા માટે કશો વાંધો નથી કે એવાં ઘરોમાં પ્રવેશો જે ખાસ કોઇના રહેઠાણનાં નથી[૨૨૯], અને તેને વાપરવાનો તમને અખત્યાર છે. અને અલ્લાહ જાણે છે જે કંઇ તમે જાહેર કરો છો અને જે કંઇ છૂપાવો છો (તે) (૨૯) મુસલમાન પુરૂષોને હુકમ આપો કે પોતાની દ્રષ્ટિ કંઇક નીચી રાખે[૨૩૦] અને પોતાની શર્મગાહોને જાળવે[૨૩૧]. આ તેમના માટે ઘણું સ્વચ્છ છે. બેશક ! અલ્લાહને તેમના કામોની ખબર છે (૩૦) અને મુસલમાન સ્ત્રીઓને હુકમ આપો કે પોતાની દ્રષ્ટિ કંઇક નીચી રાખે[૨૩૨] અને પોતાના શિયળને સાચવે અને પોતાનો**

૨૧૧. દોલત અને માલદારીમાં.

**શાને નુઝૂલ** :- આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ અન્હૂ વિષે ઉતરી. આપે કસમ ખાઇ લીધી હતી કે મિસ્તહને કશી ઇમદાદ આપશે નહિ અને તેઓ આપના મસીયાઇ ભાઇ હતા અને ગરીબ હતા તેમજ મુહાજિર હતા બદરી હતા. આપ પોતે જ તેમનો ખર્ચ ઉપાડતા હતા પણ હઝરત ઉમ્મુલ મુઅમિનીન પર તોમહત લગાડનારાઓને આપે ટેકો આપ્યો હતો એટલે આપે એ કસમ ખાધી, ત્યારે આ આયત ઉતરી.

૨૧૨. જ્યારે આ આયત સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પઢયા ત્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું; બેશક ! મારી આરઝૂ છે કે અલ્લાહ મારી મગફેરત કરે અને હું મિસ્તહ સાથે જે દયાભાવ રાખતો હતો તેને કદી છોડીશ નહિ. પછી આપે ઇમદાદ ચાલુ કરી દીધી.

**મસઅલો** :- આ આયતથી જણાયું કે જો કોઇ વ્યક્તિ અમુક કામ બાબત કસમ ખાય અને પાછળથી જણાય કે તે કરવું જ સારૂં છે તો જોઇએ કે તે કામ કરે અને અને કસમનો કફફારો આપે. સહીહ હદીષમાં એવું જ વર્ણવાયું છે.

**મસઅલો** :- આ આયતથી હઝરત અબૂબક્ર રદીયલ્લાહુ અન્હૂની શ્રેષ્ઠતા જાણવા મળી એનાથી આપની ઉચ્ચ પદવી જાહેર થાય છે કે અલ્લાહ તઆલાએ આપને ''ઉલૂલ ફદલ'' (શ્રેષ્ઠતાવાળા) કહ્યા.

૨૧૩. સ્ત્રીઓને જેઓ કુછંદ અને બદકારીને જાણતી પણ નથી અને ખરાબ વિચાર તેમના દિમાગમાં પસાર પણ થતો નથી અને...

૨૧૪. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે આ સય્યિદે આલમ સલ્લલ્લાહુ

અલયહિ વસલ્લમની પવિત્ર બેગમોના ગુણો છે. અને એક કથન એવું છે કે આનો મતલબ બધી જ ઇમાનદાર પાકદામન સ્ત્રીઓ છે. એમની બાબત ઐબ લગાડનારાઓ પર અલ્લાહ લઅનત કરે છે.

૨૧૫. આ અબ્દુલ્લાહ ઇબ્ને ઉબય ઇબ્ને સલૂલ વિષે (કહેવાયું) છે. (ખાઝિન)

૨૧૬. અર્થાત કયામતના દિવસે.

૨૧૭. જીભોની સાક્ષી તો તેમના મોઢાઓ પર મહોર મારી દીધા પહેલાં હશે. અને મોઢાંઓ પર મહોર મારી દીધા પછી જીભો બંધ થઇ જશે અને બીજા અવયવો બોલવા માંડશે અને દુનિયામાં જે કર્મો કર્યા હતાં તેની ખબર આપશે જેમ કે આગળ કહેવાયું છે...

૨૧૮. જેના તેઓ પાત્ર છે.

૨૧૯. અર્થાત અસ્તિત્વમાં છે અને હાજર છે તેની કુદરતથી જ દરેક વસ્તુનું અસ્તિત્વ છે. અમુક તફસીરકારોએ એવો અર્થ વર્ણવ્યો છે કે કાફિરો દુનિયામાં અલ્લાહના વાયદાઓ વિષે શંકાશિલ રહેતા હતાં, એટલે અલ્લાહ તઆલા આખેરતમાં તેમને તેમના કર્મોનો બદલો આપીને તે વાયદાઓની સત્યતા જાહેર કરી આપશે.

ફાયદો :- કુરઆન શરીફમાં કોઇ પણ ગુનાહ બાબત આટલા જોરશોરથી સખ્તીની સાથે વારંવાર તાકીદ (સજાની) કરવામાં આવી નથી જેટલી કે હઝરત આઇશા પર બોહતાન મૂકવા બાબત કરવામાં આવી છે. આનાથી સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉચ્ચતા અને મહાનતા જાહેર થાય છે.

૨૨૦. અર્થાત ખબીષ માટે ખબીષ યોગ્ય છે. ખબીષ સ્ત્રી ખબીષ પુરૂષ માટે અને ખબીષ પુરૂષ ખબીષ સ્ત્રી માટે. અને ખબીષ માણસ ખબીષ વાતોની પાછળ પડતો હોય છે અને ખબીષ વાતો ખબીષ માણસની આદતો હોય છે.

૨૨૧. અર્થાત પવિત્ર પુરૂષો અને સ્ત્રીઓ જેમનામાં હઝરત આઇશા સિદ્દીકા રદીયલ્લાહુ તઆલા અન્હા અને સફવાન છે.

૨૨૨. તોહમત મૂકનાર ખબીષો.

૨૨૩. અર્થાત સ્વચ્છ સ્ત્રી પુરૂષો માટે જન્નતમાં. આ આયતથી હઝરત આઈશા રદીયલ્લાહુ અન્હા ની કમાલ દરજ્જાની શ્રેષ્ઠતા અને માનમરતબો જાહેર થયો કે આપ પવિત્ર અને ચોખ્ખાં પેદા કરવામાં આવ્યાં અને કુરઆન શરીફમાં આપની પવિત્રતાનું બયાન કરવામાં આવ્યું અને આપને મગફિરત અને ઇજ્જતની રોજીનો વાયદો આપવામાં આવ્યો. હઝરત ઉમ્મુલ મો'મિનીન આઇશા સિદ્દીકા રદીયલ્લાહુ અન્હાને અલ્લાહ તઆલાએ ઘણી વિશેષતાઓ આપી જે આપના માટે ગર્વ લેવા લાયક છે. તેમાંથી અમુક આ મુજબ છે; જિબ્રઇલ અમીન અલયહિસ્સલામ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે એક રેશમી કપડા પર આપની છબી લાવ્યા અને કહ્યું કે; આ આપની બેગમ છે. અને (બીજી) એ કે નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આપના સિવાય બીજી કોઇ કુંવારી સ્ત્રી સાથે નિકાહ કર્યા નથી. અને એ કે નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની વફાત આપના ખોળામાં થઇ. અને આપના વારાના દિવસે થઇ અને આપનો ઓરડો જ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું આરામગૃહ તથા આપનો પવિત્ર રોઝો બન્યો. અને એ કે અમુક સમયે હુઝૂર પર એવા વખતમાં વહી ઉતરી કે હઝરત સિદ્દીકા આપની સાથે આપની ગોદડીમાં હોતાં. અને એ કે આપ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ખલીફા સિદ્દીકે અકબરનાં દીકરી છે. અને એ કે આપને પવિત્ર જન્માવવામાં આવ્યાં અને આપને મગફેરત તેમજ રિઝકે કરીમનો વાયદો આપવામાં આવ્યો.

إِلَّا مَا ظَهَرَ مِنْهَا وَلْيَضْرِبْنَ بِخُمُرِهِنَّ عَلَىٰ جُيُوبِهِنَّ
وَلَا يُبْدِينَ زِينَتَهُنَّ إِلَّا لِبُعُولَتِهِنَّ أَوْ آبَائِهِنَّ
أَوْ آبَاءِ بُعُولَتِهِنَّ أَوْ أَبْنَائِهِنَّ أَوْ أَبْنَاءِ بُعُولَتِهِنَّ أَوْ
إِخْوَانِهِنَّ أَوْ بَنِي إِخْوَانِهِنَّ أَوْ بَنِي أَخَوَاتِهِنَّ أَوْ
نِسَائِهِنَّ أَوْ مَا مَلَكَتْ أَيْمَانُهُنَّ أَوِ التَّابِعِينَ غَيْرِ
أُولِي الْإِرْبَةِ مِنَ الرِّجَالِ أَوِ الطِّفْلِ الَّذِينَ لَمْ يَظْهَرُوا
عَلَىٰ عَوْرَاتِ النِّسَاءِ ۖ وَلَا يَضْرِبْنَ بِأَرْجُلِهِنَّ لِيُعْلَمَ
مَا يُخْفِينَ مِنْ زِينَتِهِنَّ ۚ وَتُوبُوا إِلَى اللَّهِ جَمِيعًا أَيُّهَ
الْمُؤْمِنُونَ لَعَلَّكُمْ تُفْلِحُونَ ﴿٣١﴾ وَأَنْكِحُوا الْأَيَامَىٰ مِنْكُمْ
وَالصَّالِحِينَ مِنْ عِبَادِكُمْ وَإِمَائِكُمْ ۚ إِنْ يَكُونُوا فُقَرَاءَ
يُغْنِهِمُ اللَّهُ مِنْ فَضْلِهِ ۗ وَاللَّهُ وَاسِعٌ عَلِيمٌ ﴿٣٢﴾

**શૃંગાર દેખાડે નહિ[૨૩૩] પરંતુ જેટલો પોતે જ દેખાય છે અને ઓઢણીઓ પોતાના ગરેવાનો પર ઓઢેલી રાખે અને જાહેર કરે નહિ પોતાનો શણગાર પરંતુ પોતાના પતિઓ પર અથવા પોતાના બાપ[૨૩૪] અથવા પતિઓના બાપ[૨૩૫] અથવા પોતાના પુત્રો[૨૩૬] અથવા પતિઓના પુત્રો[૨૩૭] અથવા પોતાના ભાઇ અથવા પોતાના ભત્રીજા અથવા પોતાના ભાણીયાઓ[૨૩૮] અથવા પોતાની સહધર્મી સ્ત્રીઓ અથવા પોતાની દાસીઓ જે પોતાના હાથની મિલ્કત હોય[૨૩૯] અને નોકરો જો તેઓ વાસનાધારી પુરૂષો ન હોય તો[૨૪૦] અથવા એવાં બાળકો જેમને સ્ત્રીઓના ગુપ્તાંગોની ખબર ન હોય[૨૪૧]. અને જમીન પર જોરથી પગ ન મૂકે કે જેથી તેમનો છૂપો શણગાર[૨૪૨] જાણી લેવામાં આવે નહિ. અને અય મુસલમાનો ! તમે બધા જ અલ્લાહ તરફ તવબહ કરો એ આશાએ કે તમે સફળતા પામો (૩૧) અને નિકાહ કરી આપો પોતાનાઓમાં તેમનો જે નિકાહ વગરનાં હોય[૨૪૩] અને પોતાના લાયકાતવાળા ગુલામો અને ગુલામ સ્ત્રીઓનો. જો તેઓ ફકીર હશે તો અલ્લાહ તેમને ગની કરી દેશે પોતાની કૃપાથી[૨૪૪]. અને અલ્લાહ મોકળાશવાળો ઇલ્મવાળો છે (૩૨)**

૨૨૪. **મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે બીજાના ઘરમાં રજા વગર પ્રવેશે નહિ. અને રજા મેળવવાનો તરીકો એ પણ છે કે જોરથી સુબ્હાનલ્લાહ અથવા અલ્હમ્દુ લિલ્લાહ અથવા અલ્લાહુ અકબર બોલે અથવા ખાંસે જેનાથી ઘરવાળાઓને ખબર પડે કે કોઇ આવવા ઇચ્છે છે. અથવા એવું કહે કે; શું મને અંદર આવવાની રજા છે ? બીજાના ઘરનો મતલબ એ છે કે જેમાં કોઇ પારકું રહેતું હોય, તે તેનુ માલિક હોય કે ન હોય.

૨૨૫. **મસઅલો** :- બીજાના ઘેર જનારની જો પહેલાં જ ઘર માલિક સાથે મુલાકાત થઇ જાય તો પ્રથમ સલામ કરે પછી રજા માંગે, અને જો તે ઘરની અંદર હોય તો સલામ સાથે રજા માંગે, એ રીતે કહે કે; અસ્સલામુ અલયકુમ ! શું મને અંદર આવવાની રજા છે ? હદીષ શરીફમાં છે કે સલામને વાત કરતાં પ્રથમ રાખો. હઝરત અબ્દુલ્લાહની કિરઅત પણ એવું જ દર્શાવે છે. અને એ પણ કહેવાયું છે કે પ્રથમ રજા માંગે પછી સલામ કરે. (મદારિક, કુશ્શાફ, અહમદી).

**મસઅલો** :- જો દરવાજાની સામે ઉભા રહેવામાં (ઘરવાળાંઓની) બેપર્દગીનો ભય હોય તો જમણી કે ડાબી બાજુ ઉભો રહી રજા માંગે.

**મસઅલો** :- હદીષ શરીફમાં છે કે જો ઘરમાં માતા હોય તો પણ રજા મેળવે. (મુઅત્તા ઇમામ માલિક)

૨૨૬. એટલે કે મકાનમાં રજા આપનાર હાજર ન હોય.

૨૨૭. કારણ કે બીજાની માલિકીની વસ્તુ વાપરવા માટે તેની પરવાનગી લેવી જરૂરી છે.

૨૨૮. અને પરવાનગી મેળવવા માટે આગ્રહ અને હઠ કરો નહિ.

**મસઅલો** :- કોઇનાં બારણાં ખૂબ જોરથી ખખડાવવાં અને બૂમો મારી બરાડવું ખાસ કરી આલિમો અને બુઝુર્ગોના દરવાજાઓ પર આમ કરવું તેમને જોરથી બુમ પાડવી મકરૂહ અને અદબ વિરૂધ્ધનું (કામ) છે.

૨૨૯. જેમકે ધર્મશાળા અને મુસાફરખાનું વિ. કે એમાં પ્રવેશવા માટે રજા લેવાની જરૂર નથી.

**શાને નુઝૂલ** :- આ આયત તે અસ્હાબ વિષે ઉતરી જેમણે ઉપરની આયત ઉતર્યા પછી પૂછયુ હતું કે; મક્કા મુકર્રમા અને મદીના તય્યિબાની વચ્ચે અને સિરીયાના માર્ગમાં જે મુસાફરખાનાંઓ બનેલાં છે, તેમાં દાખલ થવા માટે પણ રજા લેવી જરૂરી છે ?

૨૩૦. અને જે વસ્તુનું જોવું જાઇઝ નથી તેના પર નજર નાખે નહિ.

**મસાઇલ** :- પુરૂષનું શરીર ઘુંટણથી લઇને દુંટી સુધી ''ઔરત'' કહેવાય છે, એને જોવુ જાઇઝ નથી. અને સ્ત્રીઓમાંથી પોતાની મહરમ સ્ત્રીઓ (જેમની સાથે નિકાહ થઇ શકે નહિ) અને બીજાની લોંડીનો પણ એ જ હુકમ છે અને એટલું વધારે છે કે તેમનું પેટ અને પીઠ પણ જોવી જાઇઝ નથી. અને સ્વતંત્ર પારકી સ્ત્રી ના આખા શરીરના બધા જ ભાગો જોવાની મનાઇ છે. પણ જરૂરતના સમયે કાઝી તેમજ ગવાહ અને તેણી સાથે નિકાહની ઇચ્છા ધરાવનાર માટે મોઢું જોવું જાઇઝ છે. અને જો કોઇ સ્ત્રી મારફતે પરિસ્થિતિની માહિતી મેળવી શકાતી હોય તો ન જુએ. અને તબીબ (ડોકટર, વૈદ્ય, હકીમ) માટે બીમારીની જગ્યાને જરૂર જેટલી જોવી જાઇઝ છે.

**મસઅલો** :- ખૂબસૂરત ઉગતા છોકરાને પણ વાસનાની નજરે દેખવો હરામ છે. (મદારિક, અહમદી)

૨૩૧. અને ઝિના તેમજ હરામથી બચે અથવા એ અર્થ છે કે પોતાના ગુપ્ત ભાગો અને તેને લગતા અવયવો અર્થાત સતરે અવરતના બધા ભાગને છુપાવે અને પર્દાની વ્યવસ્થા કરે.

૨૩૨. અને પર પુરૂષોને જુએ નહિ. હદીષ શરીફમાં છે કે હુઝૂરની પાક બેગમોમાંથી અમુક હુઝૂરની સેવામાં હાજર હતાં તેજ સમયે ઇબ્ને ઉમ્મે મકતૂમ આવ્યા, હુઝૂરે બેગમોને પરદાનો હુકમ આપ્યો, તેણીઓએ કહ્યું કે; તેઓ તો અંધ છે. હુઝૂરે ફરમાવ્યું; તમે તો આંધળાં નથી. (તિરમિઝી, અબૂદાવૂદ) આ હદીષથી જણાયું કે સ્ત્રીઓ માટે પણ ગેર મર્દોને જોવું અને તેમની સામે આવવું જાઇઝ નથી.

૨૩૩. વધારે સ્પષ્ટ એ છે કે આ હુકમ નમાઝનો છે જોવાનો નહિ, કારણ કે સ્વતંત્ર સ્ત્રીનું આખું શરીર સતરે અવરત છે પતિ અને મહરમ સિવાય અન્ય માટે તેના કોઇ પણ ભાગને જરૂર વગર જોવો જાઇઝ નથી. ઇલાજ વિગેરે માટે જરૂર જેટલો જોવો જાઇઝ છે (તફસીરે અહમદી)

૨૩૪. અને દાદા ખળદાદા વિગેરે ઉપરના પણ એ જ હુકમમાં છે.

૨૩૫. તેઓ પણ મહરમ બની જાય છે.

૨૩૬. અને તેમની ઔલાદ પણ એ જ હુકમમાં જ છે.

૨૩૭. કે તેઓ પણ મહરમ બની જાય છે.

૨૩૮. અને કાકા, મામા વિગેરે તમામ મહરમોનો પણ એ જ હુકમ છે. હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂએ અબૂ ઉબેદા જર્રાહને લખ્યું હતું કે એહલે કિતાબ કાફિરોની સ્ત્રીઓને મુસલમાન સ્ત્રીઓ સાથે હમ્મામ (જાહેર સ્નાનગૃહ)માં પ્રવેશવા દે નહિ. આથી જણાયું કે મુસલમાન સ્ત્રીને કાફિર સ્ત્રીની સામે પોતાનું શરીર ઉઘાડવું જાઇઝ નથી.

**મસઅલો** :- ઔરત પોતાના ગુલામથી પણ અજાણ્યાની જેમ પરદો રાખે. (મદારિક વિ.)

૨૩૯. તેમની સામે પોતાને શૃંગાર જાહેર કરવાની મનાઇ નથી. અને ગુલામનો સમાવેશ એમનામાં

قد افلح ١٨ النور ٢٤

وَلْيَسْتَعْفِفِ الَّذِينَ لَا يَجِدُونَ نِكَاحًا حَتَّىٰ يُغْنِيَهُمُ
اللَّهُ مِن فَضْلِهِ ۗ وَالَّذِينَ يَبْتَغُونَ الْكِتَابَ مِمَّا مَلَكَتْ
أَيْمَانُكُمْ فَكَاتِبُوهُمْ إِنْ عَلِمْتُمْ فِيهِمْ خَيْرًا ۖ وَآتُوهُم مِّن
مَّالِ اللَّهِ الَّذِي آتَاكُمْ ۚ وَلَا تُكْرِهُوا فَتَيَاتِكُمْ عَلَى الْبِغَاءِ
إِنْ أَرَدْنَ تَحَصُّنًا لِّتَبْتَغُوا عَرَضَ الْحَيَاةِ الدُّنْيَا ۚ وَمَن يُكْرِههُّنَّ
فَإِنَّ اللَّهَ مِن بَعْدِ إِكْرَاهِهِنَّ غَفُورٌ رَّحِيمٌ ﴿٣٣﴾ وَلَقَدْ
أَنزَلْنَا إِلَيْكُمْ آيَاتٍ مُّبَيِّنَاتٍ وَمَثَلًا مِّنَ الَّذِينَ خَلَوْا
مِن قَبْلِكُمْ وَمَوْعِظَةً لِّلْمُتَّقِينَ ﴿٣٤﴾ اللَّهُ نُورُ السَّمَاوَاتِ
وَالْأَرْضِ ۚ مَثَلُ نُورِهِ كَمِشْكَاةٍ فِيهَا مِصْبَاحٌ ۖ الْمِصْبَاحُ
فِي زُجَاجَةٍ ۖ الزُّجَاجَةُ كَأَنَّهَا كَوْكَبٌ دُرِّيٌّ يُوقَدُ مِن
شَجَرَةٍ مُّبَارَكَةٍ زَيْتُونَةٍ لَّا شَرْقِيَّةٍ وَلَا غَرْبِيَّةٍ يَكَادُ

**અને તેઓ જે નિકાહની શકતી ધરાવતા નથી[૨૪૫] તેમણે બચેલા રહેવું જોઇએ[૨૪૬] ત્યાં સુધી કે અલ્લાહ પોતાની કૃપાથી શક્તિશાળી કરી આપે[૨૪૭]. અને તમારા હાથની મિલ્કત ગુલામ (અને) લોંડીઓમાંથી જેઓ એવું ઇચ્છે કે અમુક માલ (ધન) કમાવી આપવાની શર્તે તેમને સ્વતંત્રતા લખી આપો, તો લખી આપો[૨૪૮] જો તેમનામાં કંઇક ભલાઇ જુઓ[૨૪૯], અને એ બાબત તેમને સહાય કરો અલ્લાહના માલમાંથી જે તમને આપ્યો.[૨૫૦] અને પોતાની લોંડીઓને બદકારી માટે લાચાર કરો નહિ જ્યારે કે તેણીઓ બચવા ઇચ્છે, કે જેથી (એવું કરીને) તમે દુનિયા ના જીવનનો અમુક માલ (ધન) ઇચ્છો[૨૫૧]. અને જે તેણીઓને લાચાર કરશે તો બેશક ! અલ્લાહ એ પછી કે તેણીઓ લાચારીની હાલત પર જ રહે (તેમને) માફ કરનાર મહેરબાન છે★ (૩૩) અને બેશક ! અમે તમારા પ્રતિ સ્પષ્ટ આયતો ઉતારી[૨૫૨] અને અમુક તે લોકોનું વર્ણન જે તમારાથી પહેલાં થઇ ગયા અને ડરવાળાઓ માટે શિખામણ (૩૪) અલ્લાહ નૂર છે[૨૫૩] આકાશો અને ધરતીનું. તેના નૂરનું[૨૫૪] દ્રષ્ટાંત એવું (છે) જાણે એક દિવ્યસ્થાન, કે તેમાં એક દીવો છે તે દીવો એક ફાનૂસ (પોટા)માં છે, તે ફાનૂસ જાણે કે એક તારો છે મોતી**

નથી તેના માટે પોતાની માલેકણના શૃંગારના ભાગોને જોવું જાઇઝ નથી.

૨૪૦. દા. ત. એટલા વૃદ્ધ હોય કે તેમનામાં જરા પણ વાસનાનો અંશ રહ્યો હોય નહિ અને નેક હોય.

**મસઅલો** :- હનફી ઇમામોના મંતવ્ય અનુસાર ખસી અને નપુસંક જોવાની હુરમતમાં અજાણ્યાનો હુકમ ધરાવે છે.

**મસઅલો** :- એ જ રીતે કુકર્મી હિજડાથી પણ પરદો કરવામાં આવે જેવું કે મુસ્લિમની હદીષથી સાબિત છે.

૨૪૧. તેઓ હજુ નાદાન નાબાલિગ છે.

૨૪૨. અર્થાત સ્ત્રીઓ ઘરની અંદર ચાલવા ફરવામાં પણ પગ એટલે ધીમેથી મૂકે કે તેમના ઘરેણાં નો અવાજ સંભળાય નહિ.

**મસઅલો** :- એટલા માટે સ્ત્રીઓએ છણકતા ઝાંઝર પહેરવાં જોઇએ નહિ. હદીષ શરીફમાં છે કે અલ્લાહ તઆલા તે કોમની દુઆ કબૂલ કરતો નથી જેમની સ્ત્રીઓ ઝાંઝર પહેરતી હોય. આથી સમજવું જોઇએ કે જ્યારે ઘરેણાનો અવાજ દુઆ કબૂલ નહિ થવાનું કારણ છે તો ખાસ સ્ત્રીનો અવાજ અને તેનું બેપર્દા થવું એ અલ્લાહના કોપનું કેટલું (મોટું) કારણ હશે ? પરદા તરફથી બેપરવાહ બનવું એ તબાહીનું કારણ છે. (અલ્લાહની પનાહ) તફસીરે અહમદી વિ.

૨૪૩. પુરૂષ હોય કે સ્ત્રી, કુંવારા હોય કે બિન કુંવારા.

૨૪૪. આ ગની કરવાનો અર્થ યા તો કનાઅત (થોડાથી રાજી રહેવું અને વધારેની લાલચ ન કરવી)

زَيْتُهَا يُضِيْٓءُ وَلَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ ۚ نُوْرٌ عَلٰى نُوْرٍ ۚ يَهْدِى
اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَّشَآءُ ۚ وَيَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ لِلنَّاسِ ۗ
وَاللّٰهُ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ﴿٣٥﴾ فِىْ بُيُوْتٍ اَذِنَ اللّٰهُ اَنْ تُرْفَعَ
وَيُذْكَرَ فِيْهَا اسْمُهٗ ۙ يُسَبِّحُ لَهٗ فِيْهَا بِالْغُدُوِّ وَالْاٰصَالِ ﴿٣٦﴾
رِجَالٌ ۙ لَّا تُلْهِيْهِمْ تِجَارَةٌ وَّلَا بَيْعٌ عَنْ ذِكْرِ اللّٰهِ وَاِقَامِ
الصَّلٰوةِ وَاِيْتَآءِ الزَّكٰوةِ ۙ يَخَافُوْنَ يَوْمًا تَتَقَلَّبُ فِيْهِ
الْقُلُوْبُ وَالْاَبْصَارُ ﴿٣٧﴾ لِيَجْزِيَهُمُ اللّٰهُ اَحْسَنَ مَا عَمِلُوْا
وَيَزِيْدَهُمْ مِّنْ فَضْلِهٖ ۗ وَاللّٰهُ يَرْزُقُ مَنْ يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ ﴿٣٨﴾
وَالَّذِيْنَ كَفَرُوْٓا اَعْمَالُهُمْ كَسَرَابٍۭ بِقِيْعَةٍ يَّحْسَبُهُ
الظَّمْاٰنُ مَآءً ۗ حَتّٰٓى اِذَا جَآءَهٗ لَمْ يَجِدْهُ شَيْـًٔا وَّوَجَدَ
اللّٰهَ عِنْدَهٗ فَوَفّٰىهُ حِسَابَهٗ ۗ وَاللّٰهُ سَرِيْعُ الْحِسَابِ ﴿٣٩﴾

منزل ٤

**જેવો ઝળહળતો. બરકતવંતા ઝેતુન[255] ના ઝાડથી રોશન થાય છે જે ન પૂર્વનું ન પશ્ચિમનું[256], નજીક છે કે તેનું તેલ[257] સળગી ઉઠે તેને આગ સ્પર્શે નહિ તો પણ. નૂર પર નૂર છે[258]. અલ્લાહ જેને ઇચ્છે છે તેને પોતાના નૂર નો રસ્તો દેખાડે છે. અને અલ્લાહ લોકો માટે દ્રષ્ટાંતો વર્ણવે છે. અને અલ્લાહ સર્વ કંઇ જાણે છે (૩૫) તે ઘરોમાં જેમને બુલંદ કરવાનો અલ્લાહે આદેશ આપ્યો છે[259] અને તેમનામાં તેનું નામ લેવાય છે, તેમાં સવાર સાંજ અલ્લાહની તસ્બીહ કરે છે[260] (૩૬) તે પુરૂષો જેમને કોઇ સોદો અને ખરીદ વેચાણ અલ્લાહની યાદ[261] થી અને નમાઝ કાયમ કરવાથી[262] અને ઝકાત આપવાથી[263] ગાફેલ કરતાં નથી, (અને તેઓ તે દિવસથી ડરે છે જેમાં દિલ અને આંખો અવળી થઇ જશે[264], (૩૭) જેથી અલ્લાહ તેમને તેમના સર્વોત્તમ કાર્યનો બદલો આપે અને પોતાની કૃપાથી તેમને ઇનામ વધારે આપે. અને અલ્લાહ જેને ઇચ્છે તેને અગણિત રોજી આપે છે (૩૮) અને જેઓ કાફિર બન્યા તેમનાં કર્મો એવાં છે જાણે તડકામાં ચળકતી રેતી કોઇક જંગલમાં, કે તરસ્યો તેને પાણી સમજે, એટલે સુધી કે જ્યારે તેની પાસે આવ્યો તો તેને કશું જ પામ્યો નહિ[265]. અને અલ્લાહને પોતાની પાસે પામ્યો તો તેણે તેનો હિસાબ પુરો ભરપાઇ કરી આપ્યો અને અલ્લાહ જલ્દી હિસાબ કરી લે**

છે કે એ સર્વોત્તમ માલદારી છે જે કનાઅતવાળાને લાલચથી બેનિયાઝ કરી આપે છે, અથવા એનો અર્થ કિફાયત (જરૂરિયાત અનુસારનું) છે કે એકનું જમણ બે માટે પુરતું થઇ જાય જેવું કે હદીષ શરીફમાં બયાન થયું છે. અથવા પતિ પત્ની બે રોજીઓનું એકત્ર થઇ જવું અથવા નિકાહની બરકતના કારણે સુખાકારી જેવું કે અમીરૂલ મો'મિનીન હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું છે.

૨૪૫. જેઓ મહેર અને ખાધા ખોરાકી આપી શકે એમ નથી.

૨૪૬. હરામકારી (વ્યભિચાર)થી.

૨૪૭. અને તેઓ મહેર તેમજ ખાધાખોરાકી આપવા યોગ્ય બની જાય. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે ફરમાવ્યું; જે નિકાહની શક્તિ ધરાવતો હોય તે નિકાહ કરે કારણ કે નિકાહ પવિત્રતા અને પાકબાઝી માટે સહાયક છે. અને જે નિકાહ કરવાની શક્તિ ધરાવતો હોય નહિ તે રોઝા રાખે કારણ કે એ (રોઝા) વાસનાઓને તોડનાર છે.

૨૪૮. કે તેઓ એટલો માલ આપી સ્વતંત્ર બની જાય. અને એ રીતની સ્વતંત્રતાને 'કિતાબત' કહે છે અને આયતમાં એનો હુકમ મુસ્તહબ છે અને એ મુસ્તહબ હોવાનું તે શરત સાથે બંધાએલું છે જે એના પછી તરત જ આયતમાં વર્ણવાએલ છે.

**શાને નુઝૂલ** :- હુવેતબ બિન અબ્દુલ ઉઝઝાના ગુલામ સબીહે પોતાના માલિકને કિતાબત કરી આપવાની વિનંતિ કરી, માલિકે ઇન્કાર કર્યો. ત્યારે આ આયત ઉતરી. પછી હુવેતબે તેને એકસો દીનારના બદલે કિતાબત કરી આપી અને તેમાંથી વીસ તેને બખ્શિશ કરી આપ્યા બાકીના તેણે ભરપાઇ કરી આપ્યા.

૨૪૯. ભલાઇનો મતલબ ઇમાનદારી, સાચી નિય્યત અને કમાણી કરવા શક્તિમાન હોવાનો છે કે જેથી તે હલાલ રીતે માલ મેળવી આઝાદ થઇ શકે અને માલિકને માલ આપી આઝાદી મેળવવા માટે ભીખ માંગતો ફરે નહિ. એટલા માટે જ હઝરત સલમાન ફારસી રદીયલ્લાહુ અન્હૂએ પોતાના ગુલામને કિતાબત કરી આપવાનો ઇન્કાર કર્યો હતો કારણ કે તે ભીખ માંગવા સિવાય કમાણીનો બીજો માર્ગ ધરાવતો ન હતો.

૨૫૦. મુસલમાનોને કહેવામાં આવે છે કે તેઓ કિતાબતવાળા ગુલામોને ઝકાત વિગેરે આપી મદદ કરે જેથી તેઓ કિતાબતનું વળતર આપી આઝાદી મેળવી શકે.

૨૫૧. અર્થાત ધનની લાલચમાં અંધ બની લોંડીઓને બદકારી કરાવવા લાચાર કરે નહિ.

**શાને નુઝૂલ** :- આ આયત અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ મુનાફિક વિષે ઉતરી જે ધન પ્રાપ્તિ ખાતર પોતાની લોંડીઓને બદકારી કરાવવા લાચાર કરતો હતો. તે લોંડીઓએ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ પાસે તેની ફરિયાદ કરી તે બાબત આ આયત ઉતરી.

★ અને ગુનાહનો વબાલ મજબૂર કરનારા પર.

૨૫૨. જેમણે હલાલ અને હરામ સીમાઓ અને આદેશો બધું જ સ્પષ્ટ કરી આપ્યું.

૨૫૩. નૂર અલ્લાહ તઆલાના નામોમાંથી એક નામ છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ કહ્યું છે કે; અર્થ એ છે કે અલ્લાહ આકાશ અને ધરતીનો પથદર્શક છે અને ધરતીવાળાઓ તેના નૂર વડે સત્યનો માર્ગ પામે છે. અને તેના માર્ગદર્શન વડે ભટકામણની અબુઝતાથી મુક્તિ મેળવે છે. અમુક તફસીરકારોએ એવો અર્થ કહ્યો છે કે, અલ્લાહ તઆલા આકાશ અને ધરતીને ચળકાવનાર છે તેણે આકાશો ને ફરિશ્તાઓ વડે અને ધરતીને પૈગમ્બરો વડે ચળકાવ્યા.

૨૫૪. અલ્લાહના નૂરનો મતલબ યા તો મો'મિનના દિલની તે નૂરાનિયત છે જેનાથી તે હિદાયત મેળવે અને માર્ગ પામે છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે; અલ્લાહના તે નૂરનું દ્રષ્ટાંત જે તેણે મુઅમિનને આપ્યું..... અમુક તફસીરકારોએ નૂરનો મતલબ કુરઆન કહ્યો છે. અને એક તફસીર એવી છે કે એ નૂર એટલે સય્યિદે કાયનાત હઝરત રહમતે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ.

૨૫૫. એ ઝાડ ખૂબ બરકતવંતુ છે કારણ કે એનું તેલ જેને ઝૈત કહે છે તે ખૂબ ચોખ્ખી અને સ્વચ્છ રોશની આપે છે માથામાં પણ લગાડાય છે શાક અને રોટી સાથે ખાવામાં આવતી વસ્તુઓની જગ્યાએ રોટી સાથે ખાવામાં આવે છે દુનિયાના બીજા કોઇ તેલમાં એ ગુણ નથી. અને ઝૈતુનના ઝાડનાં પાંદડાંઓ ખરતાં નથી. (ખાઝિન).

૨૫૬. બલ્કે વચ્ચેનું છે કે એને ન તો ગરમીથી નુકશાન થાય ન ઠંડીથી અને તે ઘણું ઉચ્ચ કક્ષાનું છે અને તેનાં ફળો સર્વકક્ષાએ સુડોળ છે.

૨૫૭. પોતાની સફાઇ અને ચોખ્ખાઇના કારણે પોતે....

૨૫૮. આ દ્રષ્ટાંતના અર્થમાં એહલે ઇલ્મના ઘણાં કથનો છે. પ્રથમ એ કે નૂરનો મતલબ હિદાયત છે. અને એનો અર્થ (એ હિસાબે) એ છે કે અલ્લાહ તઆલાની હિદાયત ઘણી જ સ્પષ્ટ છે. સામાન્ય માલમ પડી જતી વસ્તુઓમાં એની સરખામણી એવા દિવ્યસ્થાન (દીવાસ્થાન) સાથે થઇ શકે છે જેમાં સ્વચ્છ ચોખ્ખુ ફાનૂસ હોય (અને) તે ફાનૂસમાં એવો દીવો હોય જે ખૂબ જ સારા અને ચોખ્ખા ઝૈતુન(ના તેલ)થી સળગાવાયો હોય કે (જેથી) તેનું અજવાળું ઘણું જ ઉચ્ચ કક્ષાનું અને ચોખ્ખું હોય. અને એક કથન આ મુજબ છે કે આ દ્રષ્ટાંત સય્યિદુલ અમ્બિયા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના નૂરનું છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ કઅબ અહબારને કહ્યું કે; આ આયતના માયના કહો. તેમણે કહ્યું કે; અલ્લાહ

છે[૨૬૬] (૩૯) અથવા જાણે અંધારાંઓ કોઇક અથાગ સમુદ્રમાં[૨૬૭], તેની ઉપર મોજાંઓ, મોજાંઓની ઉપર મોજાંઓ, એની ઉપર વાદળ, એક પર એક અંધારાં છે[૨૬૮], જ્યારે પોતાનો હાથ કાઢે ત્યારે દેખાતું જણાય નહિ[૨૬૯]. અને જેને અલ્લાહ નૂર ન આપે તેના માટે કયાંયે નૂર નથી[૨૭૦] (૪૦) શું તમે જોયું નહિ કે જે કંઇ આકાશો અને પૃથ્વીમાં છે તે અને પક્ષીઓ[૨૭૧] પાંખો પાથરીને અલ્લાહની તસ્બીહ કરે છે, (એ) બધાંએ પોતાની નમાઝ અને પોતાની તસ્બીહ જાણી રાખેલી છે, અને અલ્લાહ જાણે છે તેમનાં કામોને (૪૧) અને આકાશો તેમજ પૃથ્વીનું રાજ્ય અલ્લાહનું જ છે, અને અલ્લાહ તરફ જ પરત જવાનું (છે) (૪૨) શું તેં જોયું નહિ કે અલ્લાહ વાદળને નરમ નરમ ચલાવે છે[૨૭૨], પછી તેમને પરસ્પર જોડવે છે[૨૭૩], પછી તેમને થર પર થર કરી આપે છે, તો તુ જુએ કે તેમની વચમાંથી વરસાદ નીકળે છે. અને આકાશમાંથી તેમાં જે બરફના પર્વત છે તેમાંથી અમુક કરા[૨૭૪] વરસાવે છે, પછી એમને જેના પર ઇચ્છે તેના પર નાખે છે[૨૭૫] અને જેનાથી ઇચ્છે તેનાથી એમને પાછા વાળે છે[૨૭૬]. નજીક છે કે તેની વીજની ઝબક આંખો લઇ જાય[૨૭૭] (૪૩) અલ્લાહ રાત અને



او كظلمت في بحر لجي يغشه موج من فوقه موج
من فوقه سحاب ظلمت بعضها فوق بعض اذا اخرج
يده لم يكد يرها ومن لم يجعل الله له نورا فما له
من نور ﴿٤٠﴾ الم تر ان الله يسبح له من في السموت
والارض والطير صفت كل قد علم صلاته وتسبيحه
والله عليم بما يفعلون ﴿٤١﴾ ولله ملك السموت والارض
والى الله المصير ﴿٤٢﴾ الم تر ان الله يزجي سحابا ثم
يؤلف بينه ثم يجعله ركاما فترى الودق يخرج من
خلله وينزل من السماء من جبال فيها من برد
فيصيب به من يشاء ويصرفه عن من يشاء يكاد
سنا برقه يذهب بالابصار ﴿٤٣﴾ يقلب الله اليل والنهار

તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું દ્રષ્ટાંત વર્ણવ્યું દિવ્યસ્થાન (તાક) તો હુઝૂરની છાતી શરીફ છે અને ફાનૂસ (આપનુ) દિલ મુબારક અને દીવો નબુવ્વત (છે) જે નબુવ્વતના ઝાડ થી સળગે છે. અને નૂરે મોહંમદીનો પ્રકાશ અને અજવાળુ પ્રગટતાના એટલા કમાલ દરજજે છે કે જો આપ પોતાના નબી હોવાનું જાહેર કરે નહિ તો પણ મખ્લુકને (એની) ખબર પડી જાય. અને હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હુમાએ કહ્યું છે કે, દિવ્ય સ્થાન તો હુઝૂરનો સીનો મુબારક છે અને ફાનૂસ દિલ મુબારક અને દીવો (એટલે) તે નૂર જે અલ્લાહ તઆલાએ તેનામાં મૂક્યું કે (જે) પૂર્વિય પણ નથી અને પશ્ચિમનું પણ નથી ન યહૂદી ન નસરાની, (તે) એક બરકતવંતા ઝાડથી રોશન છે. (અને) તે ઝાડ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ છે. હઝરત ઇબ્રાહીમના દિલ મુબારકના નૂર પર નૂરે મોહંમદી (એ) નૂર પર નૂર છે. અને પૂર્વ કે પશ્ચિમનું નહીં હોવાનો અર્થ એ છે કે હઝરત ઇબ્રાહીમ ન તો યહૂદી હતા ન નસરાની હતા. કારણ કે યહૂદીઓ પશ્ચિમ તરફ નમાઝ પઢે છે અને નસારા પૂર્વ તરફ. નજીક છે કે મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહે વસલ્લમના કમાલ અને ખૂબીઓ વહીના ઉતરાણથી પહેલાં જ લોકો પર જાહેર થઇ જાય. નૂર પર નૂરનો અર્થ એ કે નબી છે અને નબીની ઔલાદ છે. એ સિવાય પણ બીજા ઘણાં કથનો છે.

૨૫૯. અને તેમનો આદર તથા સ્વચ્છતા (જાળવવાનું) અનિર્વાય કર્યું છે. એ ઘરોનો મતલબ મસ્જિદો છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું છે કે; મસ્જિદો પૃથ્વી પર અલ્લાહના ઘરો છે.

૨૬૦. તસ્બીહનો મતલબ નમાઝો છે; સવારની તસ્બીહનો નિર્દેશ ફજરની નમાઝ તરફ અને સાંજની તસ્બીહનો ઝોહર, અસર, મગરિબ, ઇશાની નમાઝો પ્રતિ છે.

**દિવસની બદલી કરે છે[૨૭૮], બેશક ! એમાં દ્રષ્ટાઓ માટે ચિંતુનનું સ્થાન છે (૪૪) અને અલ્લાહે દરેક પૃથ્વી પર ચાલનારને પાણીથી બનાવ્યું[૨૭૯] તો એમનામાં કોઇ પોતાના પેટ પર ચાલે છે[૨૮૦] અને એમનામાં કોઇ બે પગો પર ચાલે છે[૨૮૧]. અને એમનામાં કોઇ ચાર પગો પર ચાલે છે[૨૮૨] અલ્લાહ જે ઇચ્છે તે બનાવે છે. બેશક ! અલ્લાહ સર્વ કંઇ કરી શકે છે (૪૫) બેશક ! અમે સ્પષ્ટ વર્ણન કરનાર આયતો ઉતારી[૨૮૩]. અને અલ્લાહ જેને ચાહે તેને સીધો માર્ગ દેખાડે[૨૮૪] (૪૬) અને કહે છે ; અમે ઇમાન લાવ્યા અલ્લાહ અને રસૂલ પર અમે હુકમ માન્યો. પછી એમાંના અમુક ત્યાર પછી ફરી બેસે છે[૨૮૫], અને તેઓ મુસલમાન નથી[૨૮૬] (૪૭) અને જ્યારે (તેમને) અલ્લાહ અને રસૂલ તરફ બોલાવવામાં આવે કે (જેથી) રસૂલ તેમની વચ્ચે ફેંસલો કરે તો તરત જ તેમનું એક જુથ મોઢું ફેરવી જાય છે (૪૮) અને જો તેમની તરફેણમાં ફેંસલો થાય તો તેને માનતા તેની તરફ આવે[૨૮૭] (૪૯) શું તેમના દિલોમાં રોગ છે[૨૮૮] કે (તેઓ) શંકા ધરાવે છે[૨૮૯] ? તેઓ ડરે છે કે અલ્લાહ અને રસૂલ તેમના પર જુલ્મ કરશે[૨૯૦]. બલ્કે તેઓ પોતે જ જુલ્મી છે (૫૦)**

قد افلح ١٨ — النور ٢٤

إِنَّ فِي ذَٰلِكَ لَعِبْرَةً لِأُولِي الْأَبْصَارِ ﴿٤٤﴾ وَاللَّهُ خَلَقَ كُلَّ
دَابَّةٍ مِنْ مَاءٍ فَمِنْهُمْ مَنْ يَمْشِي عَلَىٰ بَطْنِهِ وَمِنْهُمْ مَنْ
يَمْشِي عَلَىٰ رِجْلَيْنِ وَمِنْهُمْ مَنْ يَمْشِي عَلَىٰ أَرْبَعٍ يَخْلُقُ
اللَّهُ مَا يَشَاءُ إِنَّ اللَّهَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿٤٥﴾ لَقَدْ أَنْزَلْنَا
آيَاتٍ مُبَيِّنَاتٍ وَاللَّهُ يَهْدِي مَنْ يَشَاءُ إِلَىٰ صِرَاطٍ
مُسْتَقِيمٍ ﴿٤٦﴾ وَيَقُولُونَ آمَنَّا بِاللَّهِ وَبِالرَّسُولِ وَأَطَعْنَا
ثُمَّ يَتَوَلَّىٰ فَرِيقٌ مِنْهُمْ مِنْ بَعْدِ ذَٰلِكَ وَمَا أُولَٰئِكَ
بِالْمُؤْمِنِينَ ﴿٤٧﴾ وَإِذَا دُعُوا إِلَى اللَّهِ وَرَسُولِهِ لِيَحْكُمَ بَيْنَهُمْ
إِذَا فَرِيقٌ مِنْهُمْ مُعْرِضُونَ ﴿٤٨﴾ وَإِنْ يَكُنْ لَهُمُ الْحَقُّ يَأْتُوا
إِلَيْهِ مُذْعِنِينَ ﴿٤٩﴾ أَفِي قُلُوبِهِمْ مَرَضٌ أَمِ ارْتَابُوا أَمْ يَخَافُونَ
أَنْ يَحِيفَ اللَّهُ عَلَيْهِمْ وَرَسُولُهُ بَلْ أُولَٰئِكَ هُمُ الظَّالِمُونَ ﴿٥٠﴾

૨૬૧. અને જીભ તથા હૃદય વડે તેની યાદ કરવાથી તેમજ સમયસર મસ્જિદોમાં નમાઝ માટે હાજર થવાથી...

૨૬૨. અને એને સમયસર અદા કરવાથી. હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હુમા બજારમાં હતા અને મસ્જિદમાં નમાઝ માટે તકબીર પઢવામાં આવી, આપે જોયું કે બજારવાળાઓ ઉભા થયા અને દુકાનો બંધ કરીને મસ્જિદમાં દાખલ થઇ ગયા, ત્યારે કહ્યું કે; આયત 'લાતુલહિકુમ' આવા લોક માટે જ છે.

૨૬૩. તેના સમય પર.

૨૬૪. દિલોનું અવળું થઇ જવું એ છે કે ડર અને પરેશાનીની અતિશયતાના કારણે પલટીને ગળા સુધી આવી જશે, બહાર પણ નહિ નીકળે અને અંદર પણ નહિ જાય. અને આંખો ઉપર ચઢી જશે. અથવા એ અર્થ છે કે કાફિરોનાં હૃદયો કુફ્ર અને આશંકા તરફથી ઇમાન અને યકીન તરફ પલ્ટાઇ જશે અને આંખો સામેથી પરદા હટી જશે. આ તો તે દિવસ(ની ભયાનકતાનું બયાન છે (પણ) આયતમાં (તો) એવું કહેવામાં આવ્યું છે કે, તે ફરમાબરદાર બન્દાઓ જેઓ તેની યાદ અને આજ્ઞાપાલનમાં ખૂબ કુશળ રહે છે અને ઇબાદતની બજામણીમાં ઉત્કટ રહે છે (તેઓ) આવા સારાં કર્મો છતાં તે દિવસનો ભય ધરાવતા હોય છે અને સમજતા હોય છે કે અલ્લાહ તઆલાની ઇબાદતનો હક્ક પૂરો થઇ શક્યો નહિ.

૨૬૫. અર્થાત પાણી સમજીને તેની ઢુંઢમાં નીકળ્યો પણ જ્યારે ત્યાં લાધ્યો ત્યારે ત્યાં પાણીનું નામ નિશાન પણ હતું નહિ. એવી જ રીતે કાફિર પોતાની ધરાણાનુસાર નેકીઓ કરે છે અને એવું સમજે છે કે અલ્લાહ તઆલા પાસેથી એનો સવાબ પામશે પણ જ્યારે કયામતના મેદાનમાં જશે ત્યારે સવાબ પામશે

નહિ બલ્કે દુ:ખદાયક અઝાબમાં સપડાશે, તે સમયે તેનો પસ્તાવો અને તેનો ખેદ અને ચિંતા આ તરસ કરતાં કંઇ કેટલીએ વધીને હશે.

૨૬૬. કાફિરોના કર્મોનું દ્રષ્ટાંત એવું છે (જાણે)...

૨૬૭. સમુદ્રોના ઊંડાણમાં.

૨૬૮. એક અંધકાર સમુદ્રના ઊંડાણનો તેના પર બીજો એક અંધકાર મોજાંઓના તોફાનનો તેના પર પાછો એક અંધકાર વાદળાંઓની ઘેરાએલી ઘટાનો. એ અંધારાંઓની પરિસ્થિતિ એવી છે કે જે કોઇ તેમાં હો તે...

૨૬૯. પોતાનો હાથ તદ્દન નજીક અને પોતાના શરીરનો ભાગ હોવા છતાં ત્યાં દેખાય નહિ તો બીજી વસ્તુ શું દેખાવાની હતી? કાફિરની હાલત એવી જ છે કે તે અસત્ય માન્યતા નાહક વાત અને કુકર્મોના અંધકારોમાં સપડાએલો છે. અમુક તફસીરકારોએ ફરમાવ્યું છે કે; સમુદ્રના ઊંડાણ સાથે કાફિરના દિલને અને મોજાંઓ સાથે જહાલત આશંકા અને અચંબાને જે કાફિરના દિલ પર છવાએલાં છે અને વાદળાંઓ સાથે તેમના દિલો પર વાગેલી મહોરને સરખાવવામાં આવ્યાં છે.

૨૭૦. માર્ગ પામેલો તેજ બને છે જેને તે માર્ગ સુઝાડે.

૨૭૧. જેઓ પૃથ્વી અને આકાશની વચમાં છે.

૨૭૨. જે ધરતી અને જે દેશો તરફ ઇચ્છે.

૨૭૩. અને તેમના અલગ અલગ ટુકડાઓને એકત્ર કરે છે.

૨૭૪. એનો અર્થ યા તો એ છે કે જે રીતે પૃથ્વી પર પથ્થરોના પર્વતો છે એ રીતે આકાશમાં બરફના પર્વતો અલ્લાહ તઆલાએ બનાવ્યા છે અને એ તેની કુદરત પાસે કંઇ અજબ નથી, અને તેમાંથી કરા વરસાવે છે. અથવા એ અર્થ છે કે આકાશમાંથી કરાઓના પર્વતો વરસાવે છે, અર્થાત ખૂબ કરા વરસાવે છે. (મદારિક વિ.)

૨૭૫. અને એનાથી જેનાં જાન માલ ચાહે તેનાં તબાહ બરબાદ કરી દે છે.

૨૭૬. તેનાં જાન માલને બચાવે છે.

૨૭૭. અને પ્રકાશની અતિશયતાથી આંખોને નકામી કરી નાખે.

૨૭૮. કે રાત્રી પછી દિવસ લાવે છે અને દિવસ પછી રાત્રી.

૨૭૯. અર્થાત સમગ્ર પ્રાણી જાતીને પાણીથી બનાવી અને પાણી એ બધાંનું મૂળ છે અને એ બધાં સંયૂક્ત મૂળનાં હોવા છતાં પરસ્પર કેટલાં વિરોધાભાસી પરિસ્થિતિઓનાં છે ? એ જગતના સર્જનહારના ઇલ્મ, હિકમત અને તેની કુદરતના કમાલનું સ્પષ્ટ ચિન્હ છે.

૨૮૦. જેમકે સાપ અને માછલી.

૨૮૧. જેમકે માનવી અને પક્ષીઓ.

૨૮૨. પ્રાણીઓ અને પશુઓ જેવાં.

૨૮૩. અર્થાત કુરઆન કરીમ, જેમાં હિદાયત અને આદેશો તેમજ હલાલ અને હરામનું સ્પષ્ટ બયાન છે.

૨૮૪. અને સીધો માર્ગ (તે છે) જેનાં પર ચાલવાથી અલ્લાહનો રાજીપો અને આખેરતની ન્યામત પ્રાપ્ત થાય (અને તે) દીને ઇસ્લામ છે. આયતોનું વર્ણન કર્યા પછી એવું કહેવામાં આવે છે કે, માનવી ત્રણ જુથોમાં વહેંચાઇ ગયા છે એક તેઓ કે જેમણે જાહેરમાં તો હકની સત્યતા સ્વીકારી અને અંદરખાનેથી (એને)

إِنَّمَا كَانَ قَوْلَ الْمُؤْمِنِينَ إِذَا دُعُوا إِلَى اللَّهِ وَرَسُولِهِ
لِيَحْكُمَ بَيْنَهُمْ أَنْ يَقُولُوا سَمِعْنَا وَأَطَعْنَا وَأُولَٰئِكَ هُمُ
الْمُفْلِحُونَ ﴿٥١﴾ وَمَنْ يُطِعِ اللَّهَ وَرَسُولَهُ وَيَخْشَ اللَّهَ
وَيَتَّقْهِ فَأُولَٰئِكَ هُمُ الْفَائِزُونَ ﴿٥٢﴾ وَأَقْسَمُوا بِاللَّهِ جَهْدَ
أَيْمَانِهِمْ لَئِنْ أَمَرْتَهُمْ لَيَخْرُجُنَّ قُلْ لَا تُقْسِمُوا طَاعَةٌ
مَعْرُوفَةٌ إِنَّ اللَّهَ خَبِيرٌ بِمَا تَعْمَلُونَ ﴿٥٣﴾ قُلْ أَطِيعُوا
اللَّهَ وَأَطِيعُوا الرَّسُولَ فَإِنْ تَوَلَّوْا فَإِنَّمَا عَلَيْهِ مَا حُمِّلَ
وَعَلَيْكُمْ مَا حُمِّلْتُمْ وَإِنْ تُطِيعُوهُ تَهْتَدُوا وَمَا عَلَى
الرَّسُولِ إِلَّا الْبَلَاغُ الْمُبِينُ ﴿٥٤﴾ وَعَدَ اللَّهُ الَّذِينَ آمَنُوا
مِنْكُمْ وَعَمِلُوا الصَّالِحَاتِ لَيَسْتَخْلِفَنَّهُمْ فِي الْأَرْضِ كَمَا
اسْتَخْلَفَ الَّذِينَ مِنْ قَبْلِهِمْ وَلَيُمَكِّنَنَّ لَهُمْ دِينَهُمُ الَّذِي

**મુસલમાનોની વાત તો એ જ છે[૨૯૧] (કે) જ્યારે અલ્લાહ અને રસૂલ તરફ બોલાવવામાં આવે કે (જેથી) રસૂલ તેમનામાં ફેંસલો કરે (ત્યારે) કહે કે; 'અમે સાંભળ્યું અને હુકમ માન્યો' અને એ લોકો જ મુરાદે લાધ્યા (૫૧) અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માને અને અલ્લાહથી ડરે અને પરહેઝગારી કરે તો એ લોકો જ સફળ છે (૫૨) અને તેમણે[૨૯૨] પોતાના સોગંદમાં હદ દરજ્જા ના પ્રયત્નો કરી અલ્લાહની કસમ ખાધી કે; જો તમે તેમને હુકમ આપશો તો તેઓ અવશ્ય જિહાદ કરવા નીકળશે. તમે ફરમાવો; 'કસમ ખાવ નહિ[૨૯૩], શરીઅત અનુસાર આજ્ઞા પાલન (કરવું) જોઇએ' જે તમે કરો છે તે અલ્લાહ જાણે છે[૨૯૪] (૫૩) તમે ફરમાવો; 'હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલનો'[૨૯૫] પછી જો તમે મોઢું ફેરવો તો રસૂલની જવાબદારી તો તેટલી જ છે જે તેને સોંપવામાં આવી[૨૯૬], અને તમારા પર તે છે જેનો બોજો તમારા પર લાદવામાં આવ્યો[૨૯૭], અને જો રસૂલનું કહ્યું માનશો (તો) માર્ગ પામશો. અને રસૂલના માથે સ્પષ્ટ પહોંચાડી આપવા સિવાય (બીજું) કશુંએ નથી[૨૯૮] (૫૪) અલ્લાહે વાયદો આપ્યો તેમને જે તમારા માંથી ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યાં[૨૯૯] કે અવશ્ય**

જૂઠાડતા રહ્યા, તેઓ મુનાફિક છે. બીજા તેઓ જેમણે જાહેરમાં પણ સત્યતા સ્વીકારી અને અંદરખાને પણ શ્રદ્ધાળુ રહ્યા, તેઓ નિખાલસતાવાળા છે. ત્રીજા તેઓ જેમણે જાહેર અને બાતિન બન્ને રીતે જૂઠાડયું, તેઓ કાફિરો છે. ક્રમાનુસાર તેમનું વર્ણન કરવામાં આવે છે...

૨૮૫. અને પોતાના વચનને પાળતા નથી.

૨૮૬. મુનાફિક છે, કારણ કે તેમનાં દિલો તેમની જીભો સાથે સહમત નથી.

૨૮૭. કાફિરો અને મુનાફિકો અનેકવાર અનુભવ કરી ચૂક્યા હતા અને તેમને સંપૂર્ણ શ્રધ્ધા હતી કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમનો ફેંસલો તદ્દન સાચો અને ન્યાયી હોય છે એટલા માટે તેમના માં જે સાચો હોય તે અભિલાષા ધરાવતો કે હુઝૂર તેનો ફેંસલો કરે અને જે અસત્ય પર હોય તે જાણતો હતો કે રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની સાચી અદાલત પાસેથી પોતાની અયોગ્ય માંગણી મેળવી શકશે નહિ એટલા માટે તે હુઝૂરના ફેંસલાથી ડરતો અને ગભરાતો હતો.

**શાને નુઝૂલ** :- બિશ્ર નામનો એક મુનાફિક હતો. એક જમીન બાબતે એક યહૂદી સાથે તેનો કજીયો હતો, યહૂદી જાણતો હતો કે એ પ્રકરણમાં તે સાચો છે અને તેને શ્રદ્ધા હતી કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ સત્ય અને ન્યાયનો ફેંસલો કરે છે એટલા માટે તેણે ઇચ્છા કરી કે આ કેસ હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ પાસે ચુકાદા માટે લઇ જવામાં આવે. પણ મુનાફિક પણ જાણતો હતો કે તે અસત્ય પર છે અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ ન્યાય અને ઇન્સાફની બાબતમાં કોઇની શેહશરમ રાખતા નથી એટલા માટે હુઝૂરના ફેસલા અંગે રાજી થયો નહિ અને કઅબ બિન અશરફ યહૂદી પાસે ફેંસલો

ارتضى لهم وليبدلنهم من بعد خوفهم امنا يعبدونني
لا يشركون بي شيئا ومن كفر بعد ذلك فاولئك هم
الفسقون ﴿٥٥﴾ واقيموا الصلوة واتوا الزكوة واطيعوا
الرسول لعلكم ترحمون ﴿٥٦﴾ لا تحسبن الذين كفروا
معجزين في الارض وماوىهم النار ولبئس المصير ﴿٥٧﴾
يايها الذين امنوا ليستاذنكم الذين ملكت ايمانكم
والذين لم يبلغوا الحلم منكم ثلث مرت من قبل صلوة
الفجر وحين تضعون ثيابكم من الظهيرة ومن بعد
صلوة العشاء ثلث عورت لكم ليس عليكم ولا
عليهم جناح بعدهن طوفون عليكم بعضكم على
بعض كذلك يبين الله لكم الايت والله عليم حكيم ﴿٥٨﴾

**તેમને પૃથ્વીમાં ખિલાફત આપશે[300] જેવી કે તેમના આગલાઓને આપી[301] અને અવશ્ય તેમના માટે તેમનો તે દીન જમાવી આપશે જે તેમના માટે પસંદ કર્યો છે[302], અને અવશ્ય તેમના આગલા ભયને શાંતિ વડે બદલી આપશે[303]. (તો) મારી ઇબાદત કરે, મારો ભાગીદાર કોઇને બનાવે નહિ. અને જે એ પછી ન ગુણો બને તો તે લોકો જ અનાજ્ઞાંકિત છે (૫૫) અને નમાઝ ચાલુ રાખો અને ઝકાત આપો અને રસૂલનું કહ્યું માનો એ આશાએ કે તમારા પર રહેમ થાય (૫૬) કાફિરો વિષે કદાપી (એવો) વિચાર કરશો નહિ કે ક્યાંક તેઓ ધરતીમાં અમારા કાબૂમાંથી નીકળી જશે. અને તેમનું ઠેકાણું આગ છે. અને અવશ્ય કેટલું ખરાબ પરિણામ (૫૭) અય ઇમાનવાળાઓ! જોઇએ કે તમારા હાથનો માલ તમારા ગુલામ[304] તમારી પરવાનગી મેળવે, અને તેઓ જે તમારામાંથી હજુ યુવાનીએ પહોંચ્યા નથી[305], ત્રણ સમયોમાં[306]. સવારની નમાઝ પહેલાં[307] અને જ્યારે તમે બપોરે[308] તમારાં કપડાં કાઢી નાખો છો (ત્યારે) અને ઇશાની નમાઝ પછી[309] આ ત્રણ સમયો તમારી શરમના છે[310]. આ ત્રણ સમયો પછી તમારા પર કે તેમના પર કશો ગુન્હો નથી[311]. તમારે ત્યાં એકબીજા પાસે[312] આવ-જા ધરાવે છે. અલ્લાહ તમારા માટે આવી રીતે જ આયતો બયાન કરે છે અને અલ્લાહ ઇલ્મ**

કરાવવાનો આગ્રહ કરવા લાગ્યો અને હુઝૂર વિષે કહેવા માંડયો કે; તે આપણા પર જુલ્મ કરશે. તે બાબત આ આયત ઉતરી.

૨૮૮. કુફ્ર અથવા નિફાકનો.

૨૮૯. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની નબુવ્વતમાં.

૨૯૦. એવું તો છે નહિ કારણ કે તેઓ એ સારી પેઠે જાણે છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમનો ફેંસલો સત્યથી વેગળો હોઇ શકતો જ નથી અને કોઇ પણ બદદાનત પારકો હક મારવામાં આપની અદાલત દ્વારા સફળ થઇ શકતો નથી એટલા માટે જ તેઓ આપના ફેંસલાથી પાછા હઠે છે.

૨૯૧. અને તેમના માટે અદબની એ રીત અનિર્વાય છે કે.....

૨૯૨. અર્થાત મુનાફિકોએ. (મદારિક)

૨૯૩. કારણ કે જૂઠી કસમ ખાવી ગુનોહ છે.

૨૯૪. મોઢેથી આજ્ઞાપાલન અને આચરણમાં (તેનો) વિરોધ તેનાથી કંઇ છુપાએલું નથી.

૨૯૫. સાચા હૃદય અને સાચી નિય્યતથી.

૨૯૬. અર્થાત દીનની તબ્લીગ અને ખુદાઇ આદેશોનું પહોંચાડી આપવું. અને એ (કામ) રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે સારી રીતે બજાવી દીધું અને તેઓ પોતાની જવાબદારીમાંથી મુકત થઇ ચૂક્યા.

૨૯૭. અર્થાત રસૂલ અલયહિસ્સલાતો વસ્સલામનું અનુસરણ અને આજ્ઞાપાલન.

૨૯૮. જેમકે રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ખૂબ સ્પષ્ટ રીતે પહોંચાડી દીધું.

૨૯૯. **શાને નુઝૂલ** :- સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે વહીના ઉતરાણ પછીથી લઇને દશ વરસ સુધી મક્કા મુકર્રમામાં સહાબાઓ સહિત મુકામ રાખ્યો અને રાત દિવસ કાફિરો તરફથી પહોંચાડવામાં આવતી તકલીફો માટે સબર કરી, પછી અલ્લાહના હુકમથી મદીના મુનવ્વરા હિજરત કરીને ગયા અને અન્સારના ઘરોને પોતાના રહેઠાણથી પાવન કર્યા. છતાં પણ કુરેશને સંતોષ થયો નહિ. દરરોજ તેમના તરફથી લડાઇનું એલાન થતું અને જાત જાતની ધમકીઓ આપવામાં આવતી. સહાબાઓ દરેક સમયે ભયમાં રહેતા અને હથિયારો સાથે રાખતા હતા. એક દિવસ એક સહાબી બોલ્યા કે કદી એવો સમય પણ આવશે કે આપણને શાંતિ મળે અને આ હથિયારોના ભારથી હલકા થઇએ? ત્યારે આ આયત ઉતરી.

૩૦૦. અને કાફિરોના બદલે તમારી સત્તા ચાલશે. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; જે જે વસ્તુઓ પર રાત્રિ દિવસ પસાર થયાં છે તે બધી વસ્તુઓ પર દીને ઇસ્લામ પ્રવેશશે.

૩૦૧. હઝરત દાવૂદ અને સૂલેમાન વિગેરે નબીઓને. અને જેવી કે મિસર અને શામના જાલિમ બાદશાહોનો નાશ કરીને બની ઇસરાઇલને ખિલાફત આપી અને તે દેશો પર તેમને વિજય આપ્યો.

૩૦૨. અર્થાત દીને ઇસ્લામને બધા દીનો પર વિજયી બનાવશે.

૩૦૩. જેમકે એ વાયદો પુરો થયો અને અરબસ્તાનની ધરતી પરથી કાફિરોનો નાશ કરવામાં આવ્યો મુસલમાનોની અમલદારી થઇ પૂર્વ અને પશ્ચિમના દેશો અલ્લાહ તઆલાએ તેમના માટે જીતાડયા. ઇરાની બાદશાહોના દેશો અને ખજાનાઓ તેમના કબ્જામાં આવ્યા દુનિયા પર તેમનો રૂઆબ છવાઇ ગયો.

**ફાયદો** :- આ આયતમાં હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ અન્હૂ અને આપના થનાર ખુલફાએ રાશિદીનની ખિલાફત માટે દલીલ છે, કારણ કે તેમના સમયમાં મોટી મોટી જીતો થઇ અને ઇરાની બાદશાહો વિગેરેના ખજાનાઓ મુસલમાનોના કબ્જામાં આવ્યા અને શાંતિ ઠરીઠામપણુ અને દીનને બુલંદી પ્રાપ્ત થઇ. તિરમિઝી અને અબૂદાઉદની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું. ખિલાફત મારા પછી ત્રીસ વરસ સુધી છે પછી બાદશાહી થશે. એની વિગત એવી છે કે હઝરત અબૂબક્ર સિદ્દીકની ખિલાફત બે વરસ ત્રણ મહીના અને હઝરત ઉમર ફારૂકની ખિલાફત દશ વરસ છ મહીના અને હઝરત ઉસ્માન ગનીની ખિલાફત બાર વરસ અને હઝરત અલીની ખિલાફત ચાર વરસ નવ મહીના અને હઝરત ઇમામ હસનની ખિલાફત છ મહીના થઇ. (ખાઝિન).

૩૦૪. અને લોંડીઓ.

**શાને નુઝૂલ** :- હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ બયાન કર્યું છે કે; નબી સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે એક અન્સારી ગુલામ મદલજ બિન અમ્રને બપોરના સમયે હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂને બોલાવવા મોકલ્યો. તે ગુલામ સીધો હઝરત ઉમરના ઘરમાં ઘુસી ગયો, હઝરત ઉમર નિઃસંકોચ રીતે પોતાના ઘરમાં હતા, ગુલામને આ રીતે પેસી ગએલો જોઇને આપના દિલમાં વિચાર આવ્યો કે જો ગુલામોને પરવાનગી મેળવી ઘરમાં પ્રવેશવાનો હુક્મ હોત તો સારૂં થાત. ત્યારે આ આયત ઉતરી.

૩૦૫. બલ્કે હજુ બાલિગ થવાની તૈયારીમાં છે. 'બલૂગતની વય (પુખ્ત વય)' :- હઝરત ઇમામ અબૂ હનીફા રદીયલ્લાહુ અન્હૂના મંતવ્યાનુસાર છોકરા માટે અઢાર વરસ અને છોકરી માટે સત્તર વરસ છે. અને આમ ઉલમાના કથાનુસાર છોકરો અને છોકરી (બન્ને) માટે પંદર વરસ છે. (તફસીરે અહમદી)

وإذا بلغ الأطفال منكم الحلم فليستأذنوا كما
استأذن الذين من قبلهم كذلك يبين الله لكم
آياته والله عليم حكيم (٥٩) والقواعد من النساء اللاتي
لا يرجون نكاحا فليس عليهن جناح أن يضعن
ثيابهن غير متبرجات بزينة وأن يستعففن خير
لهن والله سميع عليم (٦٠) ليس على الأعمى حرج
ولا على الأعرج حرج ولا على المريض حرج ولا
على أنفسكم أن تأكلوا من بيوتكم أو بيوت
آبائكم أو بيوت أمهاتكم أو بيوت إخوانكم أو
بيوت أخواتكم أو بيوت أعمامكم أو بيوت
عماتكم أو بيوت أخوالكم أو بيوت خالاتكم

**અને હિકમતવાળો છે (૫૮) અને જ્યારે તમારામાં છોકરાઓ[૩૧૩] યુવાવસ્થાએ લાધી જાય ત્યારે તેઓ પણ પરવાનગી માંગે[૩૧૪] જેમકે એમના આગલાઓએ[૩૧૫] પરવાનગી માંગી. અલ્લાહ તમારા માટે પોતાની આયતો આવી રીતે જ વર્ણવે છે. અને અલ્લાહ ઇલ્મ અને હિકમતવાળો છે (૫૯) અને ઘરડી ઘરોમાં બેસી રહેનારી સ્ત્રીઓ[૩૧૬] જેમને નિકાહનો અભરખો નથી તેમની ઉપર કશો ગુન્હો નથી કે પોતાનાં ઉપલાં વસ્ત્રો ઉતારી નાખે જ્યારે કે શણગાર ચમકાવે નહિ અને એનાથી પણ બચવું[૩૧૭] તેણીઓ માટે અતિ ઉત્તમ છે. અને અલ્લાહ સાંભળતો જાણતો છે. (૬૦) ન આંધળા પર કષ્ટ[૩૧૮] ન લંગડા માટે વાંધો અને ન (તો) માંદા સામે રોકટોક અને ન (તો) તમારા કોઇના પર (વાંધો) કે પોતાની ઔલાદના ઘરે[૩૧૯] ખાઓ અથવા પોતાના પિતાઓના ઘેર અથવા પોતાની માંના ઘેર અથવા પોતાના ભાઇઓના ઘરોમાં અથવા પોતાની બહેનોના ઘેર અથવા પોતાના કાકાઓને ત્યાં અથવા પોતાની ફોઇઓને ત્યાં અથવા પોતાના મામાઓને ત્યાં અથવા પોતાની માસીઓનાં ઘેર અથવા જ્યાંની કુચીઓ તમારા કબ્જામાં છે[૩૨૦] (તે ઘરોમાં) અથવા પોતાના મિત્રને ત્યાં[૩૨૧]. તમારા**

૩૦૬. એટલે કે એ ત્રણ સમયોમાં પરવાનગી મેળવે જેનું બયાન આ આયતમાં જ કરવામાં આવે છે.

૩૦૭. કે એ સમય આરામખંડમાંથી ઉઠવાનો અને રાત્રીનાં કપડાં કાઢીને જાગરણના કપડાં પહેરવાનો છે.

૩૦૮. બપોરના આરામ માટે...

૩૦૯. કે એ સમય દિવસનાં કપડાં કાઢી રાત્રીનાં કપડાં પહેરવાનો છે.

૩૧૦. કે એ સમયોમાં એકાંત હોય છે શરીર ઢાંકવાની બહુ ફિકર હોતી નથી, શકય છે કે શરીરનો કોઇ ભાગ ઉઘડી જાય જેના જાહેર થવાથી શરમ આવે છે તેથી આ સમયોમાં ગુલામો અને બાળકો પણ પરવાનગી વગર પ્રવેશ કરે નહિ અને એ લોકો સિવાય યુવાન માણસો બધા જ સમયોમાં પરવાનગી મેળવે કોઇ પણ સમયે રજા વગર પ્રવેશે નહિ. (ખાઝિન વિ.)

૩૧૧. **મસઅલો** :- એટલે કે એ ત્રણ સમયો સિવાય બીજા સમયોમાં ગુલામ અને બાળકો પરવાનગી વગર પ્રવેશી શકે છે કારણ કે તેઓ...

૩૧૨. કામ અને સેવા માટે તો તેમની ઉપર પ્રત્યેક સમયે પરવાનગી મેળવવાનું જરૂરી કરવામાં આવે તો એનાથી તકલીફ ઉભી થશે અને શરીઅતમાં (વધુ પડતી) તકલીફ અપાતી નથી. (મદારિક)

૩૧૩. અર્થાત સ્વતંત્ર (બિન ગુલામ).

૩૧૪. બધા જ સમયોમાં.

૩૧૫. એમનાથી મોટા પુરૂષોએ.

اَوْ مَا مَلَكْتُمْ مَّفَاتِحَهٗۤ اَوْ صَدِيْقِكُمْ ؕ لَيْسَ عَلَيْكُمْ
جُنَاحٌ اَنْ تَاْكُلُوْا جَمِيْعًا اَوْ اَشْتَاتًا ؕ فَاِذَا دَخَلْتُمْ
بُيُوْتًا فَسَلِّمُوْا عَلٰۤى اَنْفُسِكُمْ تَحِيَّةً مِّنْ عِنْدِ اللّٰهِ
مُبٰرَكَةً طَيِّبَةً ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ
لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿۶۱﴾ اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ
اٰمَنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَاِذَا كَانُوْا مَعَهٗ عَلٰۤى اَمْرٍ
جَامِعٍ لَّمْ يَذْهَبُوْا حَتّٰى يَسْتَاْذِنُوْهُ ؕ اِنَّ الَّذِيْنَ
يَسْتَاْذِنُوْنَكَ اُولٰٓئِكَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ
رَسُوْلِهٖ ۚ فَاِذَا اسْتَاْذَنُوْكَ لِبَعْضِ شَاْنِهِمْ فَاْذَنْ
لِّمَنْ شِئْتَ مِنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمُ اللّٰهَ ؕ
اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۶۲﴾ لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ

**પર કશો વાંધો નથી કે ભેગા મળીને જમો અથવા જુદા જુદા[૩૨૨]. પછી જ્યારે કોઇ ઘરમાં જાઓ તો પોતાનાઓને સલામ કરો[૩૨૩] મુલાકાત સમયની ઉત્તમ દુઆ, અલ્લાહ પાસેથી મુબારક પવિત્ર. આવી રીતે જ અલ્લાહ તમારા માટે આયતો વર્ણવે છે કે તમે સમજો (૬૧) ઇમાનવાળાઓ તો તે લોકો જ છે જેઓ અલ્લાહ અને તેના રસૂલ પર યકીન લાવ્યા અને જ્યારે રસૂલ પાસે કોઇ એવા કામે ઉપસ્થિત થયા હોય જેના માટે એકઠા કરવામાં આવ્યા હોય[૩૨૪] તો જ્યાં સુધી આપની પાસેથી પરવાનગી મેળવી લે નહીં ત્યાં સુધી (ત્યાંથી) જાય નહિ. જેઓ તમારી પાસે પરવાનગી માંગે છે તેઓ તે લોકો જ છે જેઓ અલ્લાહ અને તેના રસૂલ પર ઇમાન લાવે છે[૩૨૫]. પછી જ્યારે તેઓ પોતાના કોઇ કામ માટે તમારી પાસેથી (જવાની) પરવાનગી માંગે તો તેમનામાંથી જેને તમે ઇચ્છો તેને પરવાનગી આપો અને તેમના માટે અલ્લાહ પાસે માફી માંગો[૩૨૬] બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૬૨) રસૂલને પોકારવાને આપસમાં એવું ન ઠેરવી લો જેવી**

૩૧૬. જેમની ઉંમર વધારે થઇ ચૂકી અને ઔલાદ થવાની વય રહી નહિ અને વૃદ્ધાવસ્થાના કારણે.....

૩૧૭. અને વાળ છાતી પીંડલી વિગેરે ઉઘાડે નહિ.

૩૧૮. **શાને નુઝૂલ** :- સઇદ બિન મુસય્યબ રદીયલ્લાહુ અન્હૂ બયાન કરે છે કે જ્યારે સહાબાએ કિરામ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે જિહાદમાં જતા ત્યારે પોતાના ઘરોની કુંચીઓ અંધો લંગડાઓ અને લુલાઓને આપી જતા જેઓ પોતાની લાચારીઓના કારણે જિહાદમાં જઇ શકતા ન હતા અને (સહાબા) તેમને પરવાનગી આપતા કે તેમના ઘરોમાંથી ખાવાની વસ્તુઓ લઇને ખાય પણ પેલા લોકો એ (વાત) ને યોગ્ય સમજતા નહિ એવા વિચારે કે કદાચ એ બાબત તેમને (સહાબા) ને હૃદય પૂર્વક ગમતી નહીં હોય. ત્યારે આ આયત ઉતરી અને તેમને એ વાતની રજા આપવામાં આવી.

એક કથન એવું છે કે અંધા લંગડાઓ અને બીમારો તંદરૂસ્ત લોકો સાથે ખાવાથી બચતા હતા કે ક્યાંક કોઇને ઘૃણા ન ઉપજે આ આયતમાં તેમને (ખાવાની) રજા આપવામાં આવી.

અને એક કથન એવું છે કે જ્યારે આંધળાઓ લંગડાઓ કોઇ મુસલમાન પાસે જતા અને તેની પાસે એમને ખવડાવવાનું કશું હોતું નહિ ત્યારે તેઓ એમને કોઇ સંબંધીના ઘેર ખવડાવવા લઇ જતા. (પણ) એ વાત એ લોકોને (લાચારોને) ગમતી નહિ. એ બાબત આ આયત ઉતરી અને એમને કહેવામાં આવ્યું કે એમાં કશો વાંધો નથી.

૩૧૯. કારણ કે ઔલાદનું ઘર એ પોતાનું જ ઘર છે. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું તું અને તારો માલ (દોલત) તારા બાપનાં છે. એવી જ રીતે પતિ માટે પત્નીનું

بَيْنَكُمْ كَدُعَاءِ بَعْضِكُمْ بَعْضًا قَدْ يَعْلَمُ اللّٰهُ
الَّذِيْنَ يَتَسَلَّلُوْنَ مِنْكُمْ لِوَاذًا فَلْيَحْذَرِ الَّذِيْنَ
يُخَالِفُوْنَ عَنْ اَمْرِهٖۤ اَنْ تُصِيْبَهُمْ فِتْنَةٌ اَوْ يُصِيْبَهُمْ
عَذَابٌ اَلِيْمٌ ﴿٦٣﴾ اَلَاۤ اِنَّ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَ
الْاَرْضِ قَدْ يَعْلَمُ مَاۤ اَنْتُمْ عَلَيْهِ وَيَوْمَ يُرْجَعُوْنَ اِلَيْهِ
فَيُنَبِّئُهُمْ بِمَا عَمِلُوْا وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿٦٤﴾
سُوْرَةُ الْفُرْقَانِ مَكِّيَّةٌ وَهِيَ سَبْعٌ وَّسَبْعُوْنَ اٰيَةً وَّسِتُّ رُكُوْعَاتٍ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
تَبٰرَكَ الَّذِيْ نَزَّلَ الْفُرْقَانَ عَلٰى عَبْدِهٖ لِيَكُوْنَ
لِلْعٰلَمِيْنَ نَذِيْرًا ﴿١﴾ الَّذِيْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَلَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ

**રીતે કે તમારામાં એકબીજાને પોકારે છે[૩૨૭]. બેશક ! અલ્લાહ જાણે છે જે તમારામાં ચુપકીદીથી નીકળી જાય છે કોઇ વસ્તુની ઓથ લઇને[૩૨૮]. તો જેઓ રસૂલ ના આદેશની વિરૂદ્ધ કરે છે તેઓ ડરે કે (ક્યાંક) તેમને કોઇ ફિત્નો ભરખે[૩૨૯] અથવા તેમની ઉપર દુ:ખદાયક અઝાબ (આવી) પડે[૩૩૦] (૬૩) સાંભળી લો ! જે કંઇ આકાશો અને પૃથ્વીમાં છે તે અલ્લાહનું જ છે બેશક ! તે જાણે છે જે પરિસ્થિતિમાં તમે છો[૩૩૧] અને તે દિવસને (પણ જાણે છે) જેમાં તેની તરફ પલ્ટાવવામાં આવશે[૩૩૨]. તો એમણે જે કંઇ કર્યું તે એમને દેખાડી દેશે અને અલ્લાહ સર્વ કંઇ જાણે છે[૩૩૩]. (૬૪)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૩૪]**

**મહા બરકતવાળો છે તે કે જેણે ઉતાર્યું કુર્આન પોતાના બંદા પર[૩૩૫] જે સમગ્ર જગતને ડર સંભળાવનાર થાય[૩૩૬] (૧) તે જેના માટે છે આકાશો અને ધરતીનું રાજ્ય અને તેણે ન અંગિકાર કર્યું બાળક[૩૩૭] અને તેના રાજ્યમાં કોઇ ભાગીદાર નથી[૩૩૮]. તેણે દરેક વસ્તુ સર્જીને (તેને**

ઘર અને પત્ની માટે પતિનું ઘર પોતાનું જ ઘર છે.

૩૨૦. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હૂમાએ ફરમાવ્યું કે એનો અર્થ માણસનો કારભારી અને એનો કાર્યકર્તા છે.

૩૨૧. અર્થ એ છે કે એ બધા લોકોના ઘેર ખાવું જાઇઝ છે તેઓ (ત્યાં) હાજર હોય કે ન હોય જ્યારે કે ખબર હોય કે તેઓ એથી રાજી છે. આગલા બુઝુર્ગોની તો એ હાલત હતી કે માણસ પોતાના મિત્રના ઘેર તેની ગેરહાજરીમાં જતો ત્યારે તેની લોંડી પાસે તેનું ભાથું માંગતો અને તેમાંથી જે ઇચ્છતો તે લઇ લેતો, તે જ્યારે ઘેર આવતો અને લોંડી તેને એ વાતની ખબર કહેતી ત્યારે તે એ ખુશીમાં લોંડીને આઝાદ કરી દેતો. પણ આ સમયમાં એવી દરિયા દિલી ક્યાં છે ? માટે રજા વગર ખાવું જોઇએ નહિ. (મદારિક અને જલાલૈન)

૩૨૨. **શાને નુઝૂલ** :- બની લૈસ બિન અમ્ર કબીલાના લોકો મહેમાન વગર એકલા ખાવા બેસતા ન હતા, કદી કદી મહેમાન ન મળતો ત્યારે સવારથી સાંજ સુધી ખાવાનું લઇને બેસી રહેતા. તેમના વિષે આ આયત ઉતરી.

૩૨૩. **મસઅલો** :- જ્યારે માણસ પોતાના ઘરમાં પ્રવેશે ત્યારે પોતાના ઘરના માણસોને સલામ કરે.

**મસઅલો** :- જો ખાલી ઘરમાં પ્રવેશે જ્યાં કોઇ નથી તો કહે; અસ્સલામુ અલન્નબીય્યે વરહમતુલ્લાહે તઆલા વબરકાતુહૂ અસ્સલામૂ અલૈના વઅલા ઇબાદિલ્લા હિસ્સાલિહીન અસ્સલામુ અલા અહલિલ બયતે વરહમતુલ્લાહે તઆલા વબરકાતુહ.

હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હૂમાએ ફરમાવ્યું કે; ઘરોનો અર્થ અહીં મસ્જિદો છે.

قد افلح ١٨ الفرقان ٢٥

فی الملک وخلق کل شیء فقدره تقدیرا ﴿٢﴾
واتخذوا من دونه الهة لا یخلقون شیئا وهم
یخلقون ولا یملکون لانفسهم ضرا ولا نفعا
ولا یملکون موتا ولا حیوة ولا نشورا ﴿٣﴾ وقال
الذین کفروا ان هذا الا افک افترىه واعانه
علیه قوم اخرون فقد جاءو ظلما وزورا ﴿٤﴾ و
قالوا اساطیر الاولین اکتتبها فهی تملی علیه بکرة
واصیلا ﴿٥﴾ قل انزله الذی یعلم السر فی السموت
والارض انه کان غفورا رحیما ﴿٦﴾ وقالوا مال
هذا الرسول یاکل الطعام ویمشی فی الاسواق
لولا انزل الیه ملک فیکون معه نذیرا ﴿٧﴾ او

منزل ٤

**તેના) ખરા અંદાઝ પર મૂકી (૨) અને લોકોએ તેના સિવાય અન્ય ખુદા બનાવી કાઢયા[૩૩૯] કે તેઓ કશું સર્જન કરતા નથી અને પોતે જ સર્જવામાં આવ્યા છે અને પોતે પોતાના જીવોના સારા નરસાના માલિક નથી અને મરવાનો અધિકાર ન જીવવાનો ન ઉઠવાનો (૩) અને કાફિર બોલ્યા[૩૪૦]; 'આ તો માત્ર એક બોહતાન જ છે જે એમણે ઉભું કર્યું છે[૩૪૧] અને એ બાબત બીજા લોકોએ[૩૪૨] એમને સહાય કરી છે' બેશક ! તેઓ જાલિમ અને જૂઠ પર આવ્યા (૪) અને બોલ્યા[૩૪૩]; 'આગલાઓની વાર્તાઓ છે જે એમણે[૩૪૪] લખી લીધી છે તો તે એમને સવાર સાંજ વાંચી સંભળાવવામાં આવે છે' (૫) તમે ફરમાવો; 'આને તો તેણે ઉતાર્યું છે જે આકાશો અને ધરતીની દરેક છાની વાત જાણે છે[૩૪૫]' બેશક ! તે માફ કરનાર મહેરબાન છે[૩૪૬] (૬) અને બોલ્યા; 'આ રસૂલને થયું છે શું (કે) ખાવાનું ખાઇ છે અને ચાલે છે બજારોમાં[૩૪૭] ? એમની સંગાથે કોઇ ફરિશ્તો કેમ ન ઉતારાયો જે એમની સાથે ડર સંભળાવત[૩૪૮] ? (૭) અથવા એમને ગૈબથી**

નખઇએ કહ્યું છે કે જ્યારે મસ્જિદમાં કોઇ ન હોય ત્યારે (પ્રવેશીને) કહે; અસ્સલામુ અલા રસૂલિલ્લાહે સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ. (શિફા શરીફ)

મુલ્લા અલી કારીએ શિફાની શરહમાં લખ્યું છે કે; ખાલી ઘરમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ને સલામ કરવાનું કારણ એ છે કે મુસ્લિમોના ઘરોમાં આપની મુબારક રૂહ ઉપસ્થિત હોય છે.

૩૨૪. દા.ત. જિહાદ અને જંગની વ્યવસ્થા અને જુમ્અહ્ તેમજ ઇદો અને સલાહ મશ્વરો તેમજ પ્રત્યેક તે સમારંભ જે અલ્લાહ માટે હોય.

૩૨૫. એમનું પરવાનગી માંગવું ફરમાંબરદારીની નિશાની અને ઇમાનના ખરાપણાની દલીલ છે.

૩૨૬. આથી જાણવા મળ્યું કે હાજર (જ) રહે અને પરવાનગી મેળવવાની જરૂર ઉભી ન કરે.

**મસઅલો** :- ઇમામો અને દીનના પેશ્વાઓની મજલિસમાંથી પણ પરવાનગી વગર જવું જોઇએ નહિ. (મદારિક)

૩૨૭. કારણ કે જેને રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પોકારે તેના પર (આપની પોકારનો) જવાબ આપવો અને આજ્ઞા પાલન વાજિબ થઇ જાય છે અને અદબપૂર્વક હાજર થવું જરૂરી બને છે અને નજીક હાજર થવા માટે રજા મેળવીને જ પાછો જાય. અને એક અર્થ મુફસ્સિરોએ એવો પણ વર્ણવ્યો છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પોકારે તો અદબ તાઝીમ માનમર્યાદા સાથે આપના મહાન ઇલ્કાબો સાથે નરમ અવાજમાં આજેજી અને નરમાશથી ''યા નબીયલ્લાહ યા રસૂલલ્લાહ યા હબીબલ્લાહ'' બોલીને પોકારે.

يُلْقٰى اِلَيْهِ كَنْزٌ اَوْ تَكُوْنُ لَهٗ جَنَّةٌ يَّاْكُلُ مِنْهَا ؕ وَقَالَ
الظّٰلِمُوْنَ اِنْ تَتَّبِعُوْنَ اِلَّا رَجُلًا مَّسْحُوْرًا ﴿۸﴾ اُنْظُرْ
كَيْفَ ضَرَبُوْا لَكَ الْاَمْثَالَ فَضَلُّوْا فَلَا يَسْتَطِيْعُوْنَ
سَبِيْلًا ﴿۹﴾ ع تَبٰرَكَ الَّذِيْۤ اِنْ شَآءَ جَعَلَ لَكَ خَيْرًا مِّنْ ع ۱/۱۶
ذٰلِكَ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۙ وَيَجْعَلْ لَّكَ قُصُوْرًا ﴿۱۰﴾
بَلْ كَذَّبُوْا بِالسَّاعَةِ ۚ وَاَعْتَدْنَا لِمَنْ كَذَّبَ بِالسَّاعَةِ منزل ۴
سَعِيْرًا ﴿۱۱﴾ اِذَا رَاَتْهُمْ مِّنْ مَّكَانٍ بَعِيْدٍ سَمِعُوْا لَهَا تَغَيُّظًا وَّ
زَفِيْرًا ﴿۱۲﴾ وَاِذَاۤ اُلْقُوْا مِنْهَا مَكَانًا ضَيِّقًا مُّقَرَّنِيْنَ دَعَوْا
هُنَالِكَ ثُبُوْرًا ﴿۱۳﴾ لَا تَدْعُوا الْيَوْمَ ثُبُوْرًا وَّاحِدًا وَّادْعُوْا ثُبُوْرًا
كَثِيْرًا ﴿۱۴﴾ قُلْ اَذٰلِكَ خَيْرٌ اَمْ جَنَّةُ الْخُلْدِ الَّتِيْ وُعِدَ
الْمُتَّقُوْنَ ؕ كَانَتْ لَهُمْ جَزَآءً وَّمَصِيْرًا ﴿۱۵﴾ لَهُمْ فِيْهَا

**કોઇ ખજાનો મળી જાત, અથવા એમની કોઇ વાડી હોત (તો) તેમાંથી ખાત[૩૪૯]' અને જુલ્મીઓ બોલ્યા[૩૫૦] ; 'તમે તો એક જાદુ થએલા પુરૂષ સિવાય અન્ય કોઇને અનુસરતા નથી[૩૫૧]' (૮) અય મહબૂબ ! જુઓ તમારા સંબંધે કેવાં દ્રષ્ટાંતો બનાવી રહ્યા છે, તો માર્ગ ભૂલી બેઠા કે હવે કોઇ રસ્તો પામતા નથી (૯) મહાન બરકતવંત છે કે જો ઇચ્છે તો તમારા માટે અતિ ઉત્તમ આનાથી કરી આપે[૩૫૨] જન્નતો કે જેમની નીચે નહેરો વહે અને કરશે તમારા માટે ઊંચા ઊંચા મહેલો (૧૦) બલ્કે આ (લોકો) તો કયામતને જૂઠાડે છે અને જે કયામતને જૂઠાડે અમે તેના માટે ભભુકતી આગ તૈયાર કરી રાખી છે. (૧૧) જ્યારે તે એમને દૂરના સ્થાનેથી દેખશે[૩૫૩] તો તેનું ભભુકવું અને ગર્જના (તેઓ) સાંભળશે (૧૨) અને જ્યારે તેની કોઇ સાંકડી જગ્યામાં (તેમને) નાખવામાં આવશે[૩૫૪] સાંકળોમાં બંધાએલા[૩૫૫] ત્યારે ત્યાં મૃત્યુ માંગશે[૩૫૬] (૧૩) ફરમાવવામાં આવશે ; 'આજે એક મૃત્યુ ન માંગો પણ ઘણા બધાં મૃત્યુઓ માંગો'[૩૫૭] (૧૪) તમે ફરમાવો ; 'શું આ[૩૫૮] સારૂં કે તે હમેશાંના બગીચાઓ જેનું વચન ડરવાળાઓને (અપાએલું) છે' ? તે એમનો બદલો અને પરિણામ છે (૧૫) એમના માટે ત્યાં મન માંગી મુરાદો છે જેમાં**

૩૨૮. **શાને નુઝૂલ** :- મુનાફિકોને જુમ્અહ્‌ના દિવસે મસ્જિદમાં રોકાઇને હુઝૂરનો ખુત્બો સાંભળવાનું કપરૂં લાગતું હતું તેથી તેઓ છાના માના સહાબાની ઓથ લઇને ખસતા ખસતા મસ્જિદની બહાર નીકળી જતા હતા. તે બાબત આ આયત ઉતરી.

૩૨૯. દુનિયામાં કષ્ટ અથવા કતલ અથવા ધરતીકંપ અથવા ભયંકર આફતો અથવા અત્યાચારી બાદશાહની આણ નીચે આવવું અથવા દિલનું સખત બની જઇને અલ્લાહની ઓળખથી વંચિત બની જવું.

૩૩૦. આખેરતમાં.

૩૩૧. ઇમાન પર અથવા નિફાક પર.

૩૩૨. બદલા માટે, અને તે દિવસ કયામતનો છે.

૩૩૩. તેનાથી કશું છાનું નથી.

૩૩૪. સૂરએ ફુરકાન મક્કી છે એમાં ૬ રૂકૂઅ અને ૭૭ આયતો તેમજ ૮૫૨ શબ્દો અને ૩૭૦૩ અક્ષરો છે.

૩૩૫. અર્થાત સય્યિદે અમ્બિયા મોહંમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૩૩૬. આમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની રિસાલત સર્વસ્પર્શી હોવાનું બયાન છે કે આપ સમગ્ર મખ્લૂક પ્રતિ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા, જિન્નાત હોય કે માનવી અથવા ફરિશ્તાઓ યા તો અન્ય મખ્લૂક, બધાં જ આપનાં ઉમ્મતી છે. કારણ કે 'આલમ' (જગત) અલ્લાહ સિવાયની વસ્તુઓને કહે છે એમાં આ દરેક સમાવિષ્ટ છે. ફરિશ્તાઓને એમાંથી બાકાત રાખવા જેવું કે 'જલાલૈન' માં શેખ મહલ્લીથી

**હમેશાં રહેશે. તમારા રબના ઝિમ્મે (મુઅમિનોનો) માંગેલો વાયદો છે[૩૫૯] (૧૬) અને જે દિવસે તેમને[૩૬૦] ભેગા કરશે અને (તેમને પણ) જેમને અલ્લાહ સિવાય પૂજે છે[૩૬૧] પછી તે (જૂઠા) મઅબૂદોને પૂછશે; 'શું તમે મારા આ બંદાઓને માર્ગ ભૂલવ્યો? અથવા એ પોતે જ રસ્તો ભૂલ્યા?''[૩૬૨] (૧૭) તેઓ અરજ કરશે; 'પવિત્રતા છે તને[૩૬૩] અમને યોગ્ય ન હતું કે તારા સિવાય અન્યને મૌલા બનાવીએ[૩૬૪]. પણ તેં તેમને અને તેમના બાપ દાદાઓને વાપરવા આપ્યું[૩૬૫] એટલા સુધી કે તેઓ તારી યાદ ભૂલી ગયા અને એ લોકો હતા જ હલાક થનાર[૩૬૬]' (૧૮) તો હવે મઅબૂદોએ તમારી વાત જૂઠલાવી દીધી તો હવે તમે ન અઝાબ પાછો વાળી શકો ન પોતાની સહાય કરી શકો. અને તમારામાં જે જાલિમ છે અમે તેને મહાન અઝાબ ચખાડીશું (૧૯) અને અમે તમારાથી પહેલાં જેટલા રસૂલ મોકલ્યા બધા આવા જ હતા ખાવા ખાતા અને બજારોમાં ચાલતા[૩૬૭]. અને અમે તમારામાં એકને બીજાનું પારખું બનાવ્યા છે[૩૬૮]. અને અય લોકો શું તમે ધીરજ ધરશો?[૩૬૯] અય મહબૂબ ! તમારો રબ જુએ છે[૩૭૦] (૨૦)**

قد افلح ۱۸ — الفرقان ۲۵

مَا يَشَاۤءُوۡنَ خٰلِدِيۡنَ ؕ كَانَ عَلٰى رَبِّكَ وَعۡدًا مَّسۡـُٔوۡلًا ﴿۱۶﴾
وَيَوۡمَ يَحۡشُرُهُمۡ وَمَا يَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ فَيَقُوۡلُ
ءَاَنۡتُمۡ اَضۡلَلۡتُمۡ عِبَادِىۡ هٰٓؤُلَاۤءِ اَمۡ هُمۡ ضَلُّوا السَّبِيۡلَ ﴿۱۷﴾
قَالُوۡا سُبۡحٰنَكَ مَا كَانَ يَنۡۢبَغِىۡ لَنَاۤ اَنۡ نَّتَّخِذَ مِنۡ
دُوۡنِكَ مِنۡ اَوۡلِيَاۤءَ وَلٰكِنۡ مَّتَّعۡتَهُمۡ وَاٰبَاۤءَهُمۡ حَتّٰى
نَسُوا الذِّكۡرَ ۚ وَكَانُوۡا قَوۡمًۢا بُوۡرًا ﴿۱۸﴾ فَقَدۡ كَذَّبُوۡكُمۡ بِمَا
تَقُوۡلُوۡنَ ۙ فَمَا تَسۡتَطِيۡعُوۡنَ صَرۡفًا وَّلَا نَصۡرًا ۚ وَمَنۡ
يَّظۡلِمۡ مِّنۡكُمۡ نُذِقۡهُ عَذَابًا كَبِيۡرًا ﴿۱۹﴾ وَمَاۤ اَرۡسَلۡنَا
قَبۡلَكَ مِنَ الۡمُرۡسَلِيۡنَ اِلَّاۤ اِنَّهُمۡ لَيَاۡكُلُوۡنَ الطَّعَامَ
وَيَمۡشُوۡنَ فِى الۡاَسۡوَاقِ ؕ وَجَعَلۡنَا بَعۡضَكُمۡ لِبَعۡضٍ
فِتۡنَةً ؕ اَتَصۡبِرُوۡنَ ۚ وَكَانَ رَبُّكَ بَصِيۡرًا ﴿۲۰﴾

અને કબીરમાં રાઝીથી અને 'શુઅબુલ ઇમાન' માં બૈહકીથી થઇ ગયું છે તે દલીલહિન છે. અને (એના પર) 'ઇજમાઅ' નો દાવો પુરવાર થએલ નથી જેમકે ઇમામ સુબકી અને બારઝી અને ઇબ્ને હઝમ અને સુબકીએ એનો પીછો કર્યો છે. અને ઇમામ રાઝીએ પોતે સ્વીકાર્યું છે આલમ અલ્લાહ સિવાયની વસ્તુઓને કહે છે માટે બધી જ મખ્લૂકને સમાવિષ્ટ છે. ફરિશ્તાઓને એમાંથી બાકાત રાખવાની કોઇ દલીલ નથી. એ સિવાય મસ્લિમ શરીફની હદીષમાં છે; ઉરસિલ્તુ ઇલ્લ ખલ્કિ કાફ્ફહ્ અર્થાત : હું સમગ્ર મખ્લૂક તરફ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યો છું. અલ્લામા અલી કારીએ 'મિશ્કાત' માં એની શરહમાં કહ્યું; અર્થાત તમામ અસ્તિત્વમાં આવેલી વસ્તુઓ તરફ જિન્નાત હોય કે માનવી ફરિશ્તાઓ હોય કે જાનવરો અથવા વનસ્પતી. આ મસ્અલાનું પુરેપુરૂં સંશોધન અને ખુલાસો ઇમામ કુસ્તલાની 'મવાહિબે લદુન્નિયહ' માં છે.

૩૩૭. આમાં યહૂદીઓ અને ખ્રિસ્તીઓને રદીયો અપાયો છે જેઓ હઝરત ઉઝૅર અને હઝરત મસીહને ખુદાના પુત્રો કહે છે. મુઆઝલ્લાહ.

૩૩૮. આમાં મૂર્તિપૂજકોને રદિયો અપાયો છે જેઓ મૂર્તિઓને અલ્લાહની ભાગીદાર ઠેરવે છે.

૩૩૯. અર્થાત મૂર્તિપૂજકોએ મૂર્તિઓને ખુદા બનાવી લીધી જે એવી લાચાર અને સત્તાહિન છે...

૩૪૦. એટલે કે નદ્ર બિન હારિસ અને તેના સાથીદારો કુરઆન મજીદ સંબંધે કે...

૩૪૧. એટલે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે.

૩૪૨. નદ્ર બિન હારિસનો ઇશારો બીજા લોકો કહીને યહૂદીઓ તરફ અને અદાસ તેમજ યસાર વિગેરે અહલે કિતાબ તરફ હતો.

૩૪૩. નદ્ર બિન હારિસ વિગેરે મુશ્રિકો જે આ બેહુદી વાત બોલ્યા હતા.

૩૪૪. અર્થાત સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે.

૩૪૫. અર્થાત કુરઆન મજીદે ગૈબી વિદ્યાઓને સમાવિષ્ટ કરી લીધેલી છે આ એ વાતની સ્પષ્ટ દલીલ છે કે તે અલ્લામુલ ગુયૂબ તરફથી છે.

૩૪૬. એટલા માટે જ કાફિરોને મહેતલ આપે છે અને અઝાબમાં ઉતાવળ કરતો નથી.

૩૪૭. આવું બોલવાથી તેમનો હેતુ એ હતો કે જો આપ નબી હોત તો ખાત નહિ ન બજારોમાં ચાલત અને જો એટલું પણ ન હોત તો ...

૩૪૮. અને આપની સત્યતાને ટેકો આપત અને આપની નબુવ્વતની સાક્ષી આપત.

૩૪૯. માલદારોની જેમ.

૩૫૦. મુસલમાનોને...

૩૫૧. અને મુઆઝલ્લાહ આપની બુધ્ધિ ઠેકાણે નથી. આવી જાત જાતની બેહુદી વાતો તેઓ બક્યા.

૩૫૨. અર્થાત આ કાફિરો કહે છે એવી વાદી અને ખજાનાથી વધારે સારૂં આપી દે.

૩૫૩. એક વરસના માર્ગ જેટલા વેગળેથી અથવા ૧૦૦ વરસના રસ્તેથી બન્ને કથનો છે. અને આગનું જોવું અશક્ય નથી અલ્લાહ તઆલા ઇચ્છે તો તેને જીવન બુધ્ધિ અને દેખવાની તાકાત આપે. અને અમુક તફસીરકારોએ કહ્યું છે કે એનો મતલબ જહન્નમના ફરિશ્તાઓનું દેખવું છે.

૩૫૪. જે અતિશય તકલીફ અને બેચેની જન્માવનારી હોય.

૩૫૫. એવી રીતે કે તેમના હાથ બોચીઓ સાથે ભેગા કરીને બાંધી દેવાયા હોય. અથવા એવી રીતે કે દરેક કાફિર પોતાના શયતાન સાથે સાંકળો વડે બાંધવામાં આવ્યો હોય.

૩૫૬. અને વા-સબૂરા, વા-સબૂરાની બુમો પાડશે એટલે કે હાય અય મૃત્યુ આવી જા.

હદીષ શરીફમાં છે કે પ્રથમ જેને આગનો પોશાક પહેરાવવામાં આવશે તે ઇબ્લીસ હશે અને તેના તાબેદારો તેની પાછળ હશે અને એ બધા જ મોત મોત પોકારતા હશે. તેમને...

૩૫૭. કારણ કે તમે જાત જાતના અઝાબોમાં સપડાવવામાં આવશો.

૩૫૮. અઝાબ અને જહન્નમની ભયાનકતા જેનું વર્ણન થયું તે...

૩૫૯. અર્થાત માંગવા યોગ્ય. અથવા તે જે દુનિયામાં મુઅમિનોએ રબ્બના આતિના ફિદ્દુનિયા... અને રબ્બના આતિના મા વઅદતના... કહી કહીને માંગ્યો હતો.

૩૬૦. મુશ્રિકોને.

૩૬૧. અર્થાત તેમના જૂઠા મઅબૂદોને બુધ્ધિશાળી હોય કે બુધ્ધિહિન. કલ્બીએ કહ્યું છે કે એ મઅબૂદો એટલે મૂર્તિઓ, અલ્લાહ પાક તેમને વાચા આપશે.

૩૬૨. અલ્લાહ તઆલા હકીકત અને પરિસ્થિતિને જાણે છે તેનાથી કશું જ છાનું નથી. આ સવાલ મુશ્રિકોને નીચું દેખાડવા માટે છે કે તેમના મઅબૂદો તેમને જૂઠાડે જેથી તેમનો પસ્તાવો અને અપમાન ઘેરુ બને.

૩૬૩. કે કોઇ તારો ભાગીદાર હોય.

૩૬૪. તો પછી અમે બીજાઓને તારા સિવાય અન્યને મઅબૂદ બનાવવાનું કેમ કરી કહી શકતા હતા? અમે તારા બંદા છીએ.

૩૬૫. અને તેમને માલદારી ઔલાદ લાંબી જિંદગી આરોગ્ય અને શાંતિ આપ્યાં.

૩૬૬. કમનસીબ. ત્યાર પછી કાફિરોને કહેવામાં આવશે.....

૩૬૭. આ કાફિરોના તે કટાક્ષનો જવાબ છે જે તેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ બાબત કર્યો હતો કે આપ ખાવાનું ખાય છે અને બજારોમાં ચાલે છે. અહીં જણાવવામાં આવ્યું કે એ વાતો નબુવ્વતની વિરોધી નથી બલ્કે એ તો બધા જ નબીઓની ચીલાચાલુ આદતો હતી, આ કટાક્ષ માત્ર અજ્ઞાનતા અને અદેખાઇ છે.

૩૬૮. **શાને નુઝૂલ** :- આગેવાનો જ્યારે ઇસ્લામ સ્વીકારવાનો ઇરાદો કરતા ત્યારે ગરીબોને જોઇને વિચારતા કે આ લોકો અમારાથી પહેલાં ઇસ્લામ અંગીકાર કરી ચૂક્યા છે (એટલે) એમને અમારી ઉપર એક શ્રેષ્ઠતા (તો) રહેશે જ એવા વિચારે ઇસ્લામ સ્વીકારવાથી વેગળા રહેતા અને મોટા લોકો માટે ગરીબો આજમાઇશ બની જતા હતા.

અને એક કથન એવું છે કે આ આયત અબૂજહલ અને વલીદ બિન અકબા અને આસ બિન વાઇલ સહમી અને નદ્ર બિન હારિસ વિષે ઉતરી. એ લોકોએ જોયું કે હઝરત અબૂઝર અને ઇબ્ને મસ્ઊદ અને અમ્માર બિન યાસિર અને હઝરત બિલાલ અને હઝરત સુહેબ અને આમિર બિન ફહીરા એમનાથી પહેલાં ઇસ્લામ સ્વીકારી ચૂક્યા છે ત્યારે ઘમંડથી બોલ્યા કે; જો અમે પણ ઇસ્લામ સ્વીકારી લઇએ તો એમની જેવા જ થઇ જઇએ પછી અમારામાં અને એમનામાં ફેર શુ રહેશે ?

અને એક કથન એવું છે કે આ આયત મુસલમાન ગરીબો વિષે ઉતરી જેમનો કુરેશી કાફિરો ઠઠ્ઠો ઉડાડતા હતા અને કહેતા હતા કે મોહંમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પેરવી કરનાર આ લોકો છે જેઓ અમારા ગુલામો અને પછાત લોકો છે. અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને એ મો'મિનો ને ફરમાવ્યું.....

૩૬૯. આ ગરીબી અને કપરા સમય તેમજ કાફિરોની આ બદગોઇ પર.

૩૭૦. તેને જે સબર કરે અને તેને જે અધીરો બને.